

વર્ષચક્રનું
નવપરિક્રમણ
(ફોટો · એ. એલ. સૈયદ)

કોણાર્કના સાગરકાંઠે તેરમા શતકમાં રાજા નરસિંહે બંધાવેલા ભવ્ય સૂર્યમંદિરનું સ્થાપત્યસ્વરૂપ આકારમાં ગતિ કરતા વિરાટ સૂર્યરથના સમું છે. વર્ષના બાર માસના કે બાર રાશિના દ્યોતક બાર રથચક્રો પર મંડિત એ શિલ્પખચિત રથમંદિરનાં દસદસ ફૂટ મોટાં ચક્રોના પ્રત્યેક આરામાં યે અશ્વારૂઢ શિકારીઓ, વાદ્યવાદકો ને પ્રેમમત્ત યુગલોનું અતિસુંદર શિલ્પાંકન છે. 'જીવન અને મૃત્યુના ચક્ર સાથે માનવને જોડતી સૌન્દર્યાભિલાષાને મૂર્ત કરતી' આ રથમંદિરની શિલ્પકલા આજે ભગ્નાવસ્થામાં યે જગવિખ્યાત બની રહી છે.

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૪૯મું · અંક ૧લો · જાન્યુઆરી ૧૯૭૨
તંત્રી · બચુભાઈ રાવત
૫૭૭મો સળંગ અંક



ગાવડી
ચિત્રકાર · અમૃતલાલ વેગડ



શ્રીમાન
ફોટો · સ્ટનેક (ઑસ્ટ્રીઆ)

ફોટોગ્રાફીને જ્યારે કલા તરીકે વિચારીએ ત્યારે તેમાં પોર્ટ્રેટ એ માત્ર કોઈ વ્યક્તિની ઓળખ-તસવીર ન બનતાં વ્યક્તિત્વની અમુક લાક્ષણિકતાવાળા વર્ગના પ્રતિનિધિરૂપ એ બની રહે છે. આ પોર્ટ્રેટમાં પણ પાત્ર કોણ છે તે કહ્યા વિના એની ચિંતનશીલ ગંભીરતા પર જ વધુ ભાર મૂકી ફોટો-કલાકારે કોઈ વિદ્વાન નિષ્ણાત કે વિચારકના વ્યક્તિત્વને રજૂ કર્યું છે. બે બાજુથી સહેજ ઓછાવત્તો પ્રકાશ આપી તે વડે માથાના વાળથી તે નેકટાઈ સુધી રચેલી છાયા દ્વારા કલાકારે પાત્રની લાક્ષણિકતાને ઉપસાવવામાં બળ પૂર્યું છે. વળી, (કદાચ ફિલ્ટરની મદદ વડે) કાચની આડશેથી લીધેલી છબિ જેવી અસર લાવીને, પાત્રની ઓળખને પાછળ રાખી એના વ્યક્તિત્વને જ વધુ ઉઠાવ આપવા સાથે તેમાં ઑઈલ પેઈન્ટિંગના જેવી અસર મૂકીને ફોટોગ્રાફરે પોતાના ફોટોકૌશલને યે કલાનો ઓપ આપ્યો છે. —લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ

(દિલ્હીના 'ધ ફોટો આર્ટ ગ્રુપ' અને 'એફ-૧૧ કૅમેરાલિસ્ટ ઑવ ગુજરાત'ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં યોજએલા આંતરરાષ્ટ્રીય ફોટોપ્રદર્શનમાંથી, યોજકોના સૌજન્યથી)

કુમાર — જાન્યુઆરી ૧૯૭૨ · અંક ૫૭૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫

વાચકો લખે છે

સપ્ટેમ્બરના 'કુમાર'માં મુ. રવિભાઈના આત્મકથાનક 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં મારે વિષે ઉલ્લેખ છે. તેઓ યાદ કરીને આમ સંબંધો જાળવી રાખે છે તે ઘણું ઉપકારક છે.

મેં રવિભાઈમાંથી ઘણી વાતો ગ્રહણ કરી છે અને આજ સુધી મને તે મદદગાર થઈ છે. પણ પૂ. નાનાભાઈએ (કવિ નાનાલાલે) જે ચિત્ર પરથી કાવ્ય બનાવ્યાનું જણાવ્યું છે તેમાં મને લાગે છે કે કાંઈક સમજફેર થઈ છે.

'અમરપંથનો યાત્રાળુ' કાવ્ય કવિએ લખ્યું તે ચિત્ર ઘણાં વર્ષો આગળ બનાવેલું અને સાઈઝ પણ ઘણી નાની હતી. અમદાવાદની સાહિત્ય પરિષદમાં ટાગોર આવેલા ત્યારે રવિભાઈએ યોજેલા ચિત્રપ્રદર્શનમાં મેં એ મોકલ્યું હતું. તે પછી તે મારી પાસે આવ્યું ન હતું. મેં પણ તે મેળવવા દરકાર કરી ન હતી. મૂળમાં મને તે ગમતું ન હતું અને રમત જેવું કરેલું હતું. પણ તે કવિ પાસે ગયું હશે.

કેટલાક મિત્રોને લીધે મને કવિના નાના પુત્રની ઓળખાણ થઈ તેથી અવારનવાર કવિને ત્યાં જવાનું થતું હોવાથી કવિ સાથે મારો પરિચય થએલો. એમણે એ ચિત્ર ઉપરથી લખેલી કવિતાની થોડી લાઈનો મને વાંચવા આપી. તે શાથી તે મને સમજાયું નહિ. આખરે એમણે મને ચિત્ર બતાવ્યું અને કહ્યું કે આ ચિત્ર પરથી લખી છે.

ચિત્ર એક વાર ગુજરાતમાં વધારે પ્રચલિત થએલી બંગાળી સ્ટાઈલનું અનુકરણ કરી જોવા બનાવેલું. સૉફ્ટ ગ્રાઉન્ડ બનાવી સંધ્યાનો આભાસ ઊભો કરેલો. તેમાં એક સૂકું ઝાડ અને ઉપર એક ગીધ બેઠેલું, અને કેડી ઉપર એક વૃદ્ધ માણસ પોટલા જેવું બરડા ઉપર ઉપાડીને જતો દર્શાવેલો. લેખમાં જુદી રીતનું વર્ણન છે.

એ ચિત્ર પર કવિ કવિતા લખે ને છપાવે તેથી હું ફુલાઈ ગયો હોઉં અને મારું કામ કરવાનું બગડી ગયું હોય એવો આભાસ લેખ ઉપરથી થાય છે. પણ મને એથી કંઈ પણ અસર થઈ નથી. હું જેમ કામ કરતો આવ્યો છું તેમ કરું છું. વળી લેખમાં એક વાક્ય છે કે 'આડકતરી રીતે મને ડાંભવા?' આ વાક્યને અને ચિત્ર કે કાવ્યને શું લાગેવળગે? ચિત્ર થયું ત્યારે હું શિખાઉ હતો અને રવિભાઈ પ્રોફેશનલ હતા. હું કાંઈ રવિભાઈનો કૉમ્પીટીટર ન હતો કે મારી તરફદારી કરીને રવિભાઈને ઉતારી પાડવા કવિએ કાવ્ય લખ્યું હોય. રવિભાઈ પાસેથી જાણેલું, જોએલું અને શીખેલું આજ મને ઘણું લાભદાયી નીવડયું છે; ને મારા પુરુષાર્થથી આગળ ને આગળ વધવા યત્ન કરું છું. આ માત્ર વિગત સુધારવા પૂરતું જ લખ્યું છે.

(મુંબાઇ) —જગમોહન મિસ્રી

[*ઉપર્યુક્ત પત્રના ઉત્તરમાં શ્રી રવિશંકર રાવળ લખે છે: 'ભાઈ શ્રી જગમોહનનો પત્ર વાંચ્યો. સ્વ. કવિ નાનાલાલે તેમના ચિત્ર ઉપર કાવ્ય રચ્યું તેની આગલી હકીકત હું કશી જાણતો ન હતો, પણ કવિના કાવ્ય સાથે તે ચિત્ર મેં એક હસ્તલિખિત માસિકમાં જોયું–ચા ભાઈ જગમોહને બંને સાથે બતાવ્યાં—તે પછીનો જ ભાવ મેં પ્રકટ કર્યો છે. એ સમયગાળામાં કવિએ ઘણા પ્રસંગોએ મારા ઉપર કટાક્ષો કરેલા તેને અનુલક્ષીને જ મેં 'કદાચ ડાંભવા?' પ્રયોગ કર્યો હતો. એ કવિનું મારા પ્રત્યેનું વલણ દર્શાવવા જ કર્યો હતો અને તે પણ કલ્પના રૂપે. તેમાં ભાઈ જગમોહને ખોટું લગાડવા જેવું કશું માનતો નથી. એ ચિત્ર તથા કાવ્ય 'નવચેતન'ના તે સમયના અંકમાં સાથે છપાયાં છે. ભાઈ જગમોહનની કાર્યશક્તિને તો મેં અભિનંદન આપી સંતોષ દાખવ્યો છે જ. છતાં તેમને આડકતરી રીતે કાંઈ અયોગ્ય લાગ્યું હોય તો તે માટે ખેદ પામું છું.' —ર. મ. રાવળ

ઘણા સમય પહેલાં આપના 'કુમાર'માં એક 'ટ્રાઈબલ હેર ઑઇલ' માટે વાંચ્યું હતું. મારી ભાણેજ ઉમર વર્ષ ૧૫ને નાની ઉમરમાં વાળ ખરવા માંડયા તથા સફેદ થવા માંડયા એટલે આ તેલ તેના માટે મંગાવ્યું. શરૂઆતમાં કાંઇ ફાયદો ન થયો, પરંતુ ત્રણ મહિનાના એકધારા પ્રયોગથી સારો ફેર પડયો છે. હજુ પ્રયોગ ચાલુ છે. આ બાબતમાં 'કુમાર' મારફતે વાચકોને જણાવવા ઇચ્છા છે કે હવે એક ભાઇ આ તેલ મુંબાઇમાં મંગાવીને રાખે છે એટલે જેમને જરૂર હોય તે મુંબાઇમાંથી મેળવી શકે છે. સરનામું: શ્રી ચંદ્રકાન્ત ભટ્ટ, ટૅક્સ્ટાઇલ એજન્સીઝ રૂમ નં. ૬૫, ત્રીજે માળે, ઇબ્રાહીમ મૅનશન, ૩૬૬-૬૮ કાલબાદેવી રોડ, મુંબઇ-૨.

આ તેલમાં સુગંધ નથી એટલે ઘણાને તે પસંદ નથી પડતું, પરંતુ આ તેલ તથા સાથેના લીલા પાઉડરથી માથું ધોવાનું રાખે તો લાંબા સમયે જરૂર ફાયદો થાય છે. ખંતથી ૩-૪ મહિના સુધી લાગી રહેવું જોઇએ.

(મુંબઇ) —દિનકર વ્યાસ

સંદર્ભ: ઑક્ટોબર '૭૧ અંક આપણી શ્રી-લક્ષ્મી દેવી ઘણી જ પ્રાચીન છે. પ્રાચીન સંસ્કૃતિમાં ભૂમધ્ય સાગરના પ્રદેશોમાં પણ આ દેવીની પૂજા થતી હતી. વળી આપણી સિંધુ નદીની સંસ્કૃતિ (પાંચ હજાર વર્ષો પહેલાંની) પણ, વીંટી આકારના પથ્થરો જે યોનિ-પૂજાનો નિર્દેશ કરે છે તે દ્વારા આ દેવી જે માતૃદેવતા તરીકે પૂજાતી હતી. વૈદકકાળમાં શ્રીને લક્ષ્મી સાથે સરખાવવામાં આવી છે. કાળક્રમે શ્રી અને લક્ષ્મી ભેગાં થઈ 'શ્રી-લક્ષ્મી'ના નામે એક જ દેવી તરીકે અસ્તિત્વમાં આવી.

મહાભારતમાં આકાશમાર્ગી ઘોડાઓને લક્ષ્મીના માનસપુત્ર તરીકે ઓળખાવવામાં આવ્યા છે. હરિવંશમાં લક્ષ્મીને કામદેવની માતા તરીકે ઓળખાવી છે. લક્ષ્મીનું વાહન મકર છે જે પ્રજનનશક્તિનું ચિહ્ન છે.

પ્રાચીન બૅબીલોનમાં શ્રી-લક્ષ્મી 'ઈશ્ટાર' તરીકે ઓળખાતી. અવસ્તામાં પણ શ્રીનો અર્થ સૌંદર્ય કર્યો છે, અને આમ પ્રાચીન ઈરાની સંસ્કૃતિમાં આ દેવીનું મહત્ત્વનું સ્થાન હતું.

વળી શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં 'શ્રી'નો અર્થ 'દેવીશરીરનું જોઈ શકાય એવું રૂપ' થાય છે. તૈતરીય આરણ્યક ગ્રંથમાં શ્રી અને લક્ષ્મીને દેવી સ્ત્રી તરીકે ઓળખાવી છે. તૈતરીયમાં જ વિષ્ણુની પત્ની તરીકે ઉલ્લેખ છે. સમુદ્રમંથન વખતે એનો જન્મ થયો હતો. એનો સંબંધ ઈન્દ્ર અને કુબેર સાથે હતો. રામાયણમાં કુબેરના રથમાં કમળ લઇને બેઠાનો તેનો ઉલ્લેખ છે. મહાભારતમાં તેનો 'ભાગ્ય', વૈભવ' અને 'નીતિ'માં માનનારાઓને ત્યાં વસનાર દેવી કહી છે. બૌદ્ધ સાહિત્યમાં 'શ્રીમાતા' તરીકે ઉલ્લેખ છે. જૈન સાહિત્યમાં મહાવીરની માતાને આવેલાં ચૌદ સ્વપ્નોમાંનું એક સ્વપ્ન આ દેવીનું હતું. વૈષ્ણવો તેને પ્રકૃતિ તરીકે ઓળખે છે. શિવની પાર્વતી ને કૃષ્ણની રાધા આ જ છે.

શિલ્પમાં શ્રી લક્ષ્મીની અનેક મૂર્તિઓ પથ્થરોમાં આપણા પ્રાચીન ભારતીય કલાકારોએ કંડારી છે. ભૂલ્યા નથી. સાંચીના સ્તૂપ પર પણ તે અંકિત છે, તેમ કુશાણ અને ગુપ્ત રાજાઓ સિક્કા પર પણ અંકિત છે.

(મુંબાઈ) —ડૉ. ગોપાલ પી. ખારોટ

નવેમ્બર '૭૧ના અંકમાં બે હકીકતદોષો છે: ૧) પાન ૪૫ર ઉપર સમ્રાટ ખુશરૂને બદલે સમ્રાટ સાયરસ જોઇએ. પરસેપોલિસમાં જયંતી નિમિત્તે હમણાં ઉત્સવ ઊજવાઈ ગયો.

૨) 'આ માસ ઇતિહાસમાં' એ વિભાગમાં સર વિન્સ્ટન ચર્ચિલ અંગે નીચેના સુધારા જરૂરી છે. ઇ. ૧૯૦૦માં નહિ પરંતુ બોઅર યુદ્ધ જાહેર કરાયા પછી બે જ દિવસમાં ૧૮૯૯ના ઑક્ટોબરમાં, સર સેનાપતિ બુલરના વહાણમાં જ વિન્સ્ટન દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં પહોંચ્યા બાદ બે જ અઠવાડિયાંમાં કેદ

પકડાયેલા. પૂર્વજ વિષે લખેલ ગ્રંથનું શીર્ષક 'મૉલબરો–હિઝ લાઈફ઼ ઍન્ડ ટાઈમ્સ' છે. ('r'નો ઉચ્ચાર અધ્યાહાર છે.) અંગ્રેજ પ્રજાના ઇતિહાસના નિરૂપણના ગ્રંથના શીર્ષકમાં તેમણે 'પીપલ'ને બદલે 'પીપલ્સ' શબ્દ પસંદ કરેલો છે.

ચર્ચિલના જીવનપ્રસંગો વેળાએ રાજદ્વારી અને સાંસ્કૃતિક ક્ષેત્રે શા શા બનાવો બન્યા તે જાણવું રસપ્રદ થશે: બ્લેનહાઈમ મહેલમાં જે વર્ષે તેમનો જન્મ થએલો તે વર્ષે ડિઝરાએલી વડા પ્રધાન બનેલા. ગ્લૅડસ્ટન ત્રીજી વેળા પ્રધાનપદે હતા ત્યારે તેમના પિતાજી લૉર્ડ રૅન્ડૉલ્ફ સંસદમાંથી રાજીનામું આપેલું. સૅન્ડહર્સ્ટમાંથી પોતે ઉત્તીર્ણ થયા તે વર્ષે રડયાર્ડ કિપ્લિંગે 'ધ જંગલ' બુક લખી. રૉન્જને ક્ષ-કિરણો શોધ્યાં તે જ વર્ષે તેમને 'ફ઼ાર્થ હસાર્સ' ટુકડીમાં સ્થાન મળ્યું. સંસદમાં પહેલીવાર ચૂંટાયા તે જ વર્ષે માર્કોનીએ રેડિયોની શોધ કરી અને નોબેલ પ્રાઈઝનો સાહિત્ય વિષયક પુરસ્કાર શરૂ કરાયો, (૧૯૦૧) પોતે લિબરલ સરકારમાં જોડાયા તે જ વર્ષે થીયોડર રૂઝવેલ્ટને શાંતિનું નોબેલ પ્રાઈઝ એનાયત થએલું. ૧૯૧૨માં નૌકાખાતાના વડા તરીકે નિમણૂંક થઈ તે વેળા બર્નાર્ડ શૉ 'પિગ્મૅલિયન' લખતા હતા. પોતે નૌકાદળના કાફ઼લા માટે પર્શિયા (ઈરાન) સાથે તેલ અંગેની વાતાઘાટ કરતા હતા તે વેળાએ આર્કડ્યૂક ફ઼ર્ડિનાન્ડનું ખૂન થયું અને પ્રથમ વિશ્વયુદ્ધનો દાવાનળ દુનિયાને ભરખી ગયો. ૧૯૧૯માં તેમણે શાહી રશિયાની તરફેણ કરી ત્યારે વેર્સાઈના શાંતિકરાર ઉપર હસ્તાક્ષર થતા હતા અને વૂડ્રો વિલ્સન શાંતિના નોબેલ પુરસ્કાર માટે યુરોપ આવી રહ્યા હતા. ૧૯૨૩માં ચર્ચિલ 'વર્લ્ડ ક્રાઇસિસ' શરૂ કરે છે અને યેટ્સને સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળે છે. તેમની મુસૉલિની સાથેની મુલાકાતના વર્ષમાં લિન્ડબર્ગ ઍટલૅન્ટિક મહાસાગરની એકાકી હવાઈ સફ઼ર કરે છે. ૧૯૩૦માં ભારતના પ્રશ્ન ઉપર પોતાના પક્ષ સાથે મતભેદ પડચો, ને હિટલરના પક્ષે ચૂંટણીમાં જર્મનીમાં ઘણી જગ્યાઓ મેળવી છે. ચેમ્બરલેઈન જ્યારે વડા પ્રધાન બને છે ત્યારે પોતે 'ગ્રેટ કૉન્ટેમ્પરરીઝ' લખે છે. 'મૉલબરો' ગ્રંથ પોતે પૂરો કરે છે અને બીજી બાજુ હિટલર ઑસ્ટ્રિયાને જર્મની સાથે ભેળવી દે છે. ૧૯૪૦માં વડા પ્રધાન બને છે ત્યારે લંડન ઉપર ખૂંખાર હવાઈ યુદ્ધના ઓળા ઊતરે છે. યુનોની સ્થાપના થાય છે અને એમના પક્ષ ઉપર ઍટલીનો પક્ષ વિજય મેળવે છે અને પોતે તેને લોકશાહીની રસમ તરીકે વધાવે છે; હિટલર આપઘાત કરે છે; હિરોસીમા ઉપર ઍટમ બૉમ્બ પડે છે. ૧૯૪૮માં 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર' ગ્રંથમણિનું સર્જનકાર્ય શરૂ થાય છે, ગાંધીજીનું ખૂન થાય છે, ટી. એસ. એલિયટને સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળે છે. ૧૯૫૩માં સ્ટાલિન આ દુનિયામાંથી વિદાય લે છે જ્યારે પોતે સાહિત્યનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરે છે. ૧૯૫૬માં 'ધ હિસ્ટરી ઑવ ધ ઈંગ્લિશ સ્પીકિંગ પીપલ્સ' શરૂ થાય છે અને નાસર સુએઝમાં કટોકટી સર્જે છે; રશિયા હંગેરી ઉપર આક્રમણ કરે છે. ૧૯૫૮માં જ્યારે તે ગ્રંથ પૂરો થાય છે ત્યારે દ'ગોલ ફ્રાન્સમાં વડા પ્રધાન બને છે. ૧૯૬૪માં પોતે સંસદમાંથી નિવૃત્તિ લે છે ને આ બાજુ સાર્ત્રે સાહિત્યના નોબેલ પુરસ્કારનો અસ્વીકાર કરે છે. ૧૯૬૫માં લંડનમાં તેમનું મૃત્યુ થાય છે અને ઉત્તર વિયેટનામની પ્રજા ઉપર અમેરિકાનાં વિમાનોમાંથી આગના ગોળા વરસે છે!

(બીલીમોરા) —ડૉ. વિપિન શાહ

'કુમાર' ૫૭૫માં શ્રી ધીરુભાઈ પરીખ લિખિત સર સી. પી.ના ચરિત્રમાં વિગતો સંકલિત કરવામાં શ્રી પરીખે સારી મહેનત લીધી છે. સર સી. પી.ની પ્રખર બુદ્ધિમત્તા, ઉત્તમ કોટિનું કાનૂની જ્ઞાન અને ઉચ્ચ પ્રતિની વહીવટી શક્તિનો લાભ દેશને વિવિધ રીતે મળ્યો છે એમ કહી શકાશે. પરંતુ સર સી.પી. વિષે લખતી વખતે 'કુશળ રાજનીતિજ્ઞ, મહામાનવ, પ્રખર રાષ્ટ્રવાદી, દૂરંદેશ દ્રષ્ટા, સ્વાતંત્ર્ય સંગ્રામના હિંમતવાન લડવૈયા જેવા શબ્દોની અતિ ઉદાર લહાણી કરવામાં, જેનાં લગ્ન તેનાં ગીત'–એવી મનોવૃત્તિની છાપ પડચા વિના રહેતી નથી. વ્યક્તિપ્રશસ્તિ કરતી વખતે પણ શબ્દો વિવેકપૂર્વક પ્રયોજવા જોઇએ.

સ્વાતંત્ર્યસંગ્રામના હિંમતવાન લડવૈયા કહી શકાશે ખરા? લોકમાન્ય ટિળક, સરદાર પટેલ, પં. નેહરુ કે સુભાષબાબુ જેવાઓને 'સ્વાતંત્ર્યસંગ્રામના હિંમતવાન લડવૈયા' તરીકે ઓળખાવી શકાશે, પરંતુ દેશી રજવાડાના તેમજ વિદેશી બ્રિટિશ સરકારના વહીવટી તંત્ર સાથે સક્રિય રીતે સંકળાઇને પોતાની રીતે દેશનું કામ કરનાર, મવાળ મનોવૃત્તિના સર સી. પી.ને 'પ્રખર રાષ્ટ્રવાદી' તથા 'સ્વાતંત્ર્ય સંગ્રામના હિંમતવાન લડવૈયા' કઈ રીતે કહી શકાશે?

આઝાદી મળ્યા બાદ સરદાર પટેલ દેશી રજવાડાંઓને સમરસ કરી ભારતની રાષ્ટ્રીય એકતાનું નિર્માણ કરવાનો વિરલ પુરુષાર્થ કરતા હતા એ સમયે ભોપાલ, હૈદરાબાદ ને ત્રાવણકોર જેવાં દેશી રજવાડાં ભારતની બંધારણસભામાં જોડાવાની આનાકાની કરતાં હતાં. આવાં દેશી રજવાડાંઓને 'સ્વતંત્ર અને સાર્વભૌમ' રાજ્યો તરીકે સ્થાપી, ભારતની પાંગરતી આઝાદીને ક્ષીણકાય બનાવવાની દૂંકી દૃષ્ટિવાળી પેરવી કરનારાઓમાં એક વ્યક્તિ ત્રાવણકોરના દીવાન સર સી.પી. હતી, એવું ઐતિહાસિક તથ્ય જીવનચરિત્રને સર્વાંગ્લેષી બનાવવા ખાતર પણ શ્રી પરીખે નોંધવું જોઈતું હતું. સર સી.પી.નું આ પાસું જાણ્યા બાદ એમને 'મહામાનવ' તથા 'દૂરંદેશ દ્રષ્ટા' કહેવાનું કદાચ મુશ્કેલ બનશે. બહુ તો એમ કહેવાય કે શ્રી રામસ્વામી એક સારા મુત્સદ્દી હતા, દૂરંદેશ રાજનીતિજ્ઞ નહોતા.

સર સી.પી. વિશે શ્રી પરીખે એવા અર્થનો સંસ્કૃત શ્લોક ટાંકયો છે કે એના ચહેરા પર કે અન્યત્ર ક્યાંયે કુટિલતા કદાપિ નહિ કળાય. આથી સાવ વિરુદ્ધનો એક વજનદાર અભિપ્રાય આઝાદીના આગમન સમયે દેશી રજવાડાંઓના અંદરના પ્રવાહો અને આંટીઘૂંટીઓના નિકટના જાણકાર જૂના વડોદરા રાજ્યના દીવાન સર વ્રજેન્દ્ર મિતરે તા ૮-૩-૧૯૪૭ના રોજ શ્રી દુર્ગાદાસને લખેલા એક પત્રમાંથી મળે છે. સર સી.પી.નું આ બીજું પાસું જાણવાનું પણ 'કુમાર'ના વાચકો માટે રસપ્રદ બનશે.

દેશી રજવાડાંઓને સ્વતંત્ર જાહેર કરી, ભારતની શૈશવ અવસ્થાની આઝાદીને ખંડિત કરવાની કેટલીક વ્યક્તિઓની કુટિલ મુત્સદ્દીગીરીના સંદર્ભમાં શ્રી મિતરના આ શબ્દો લખાયા છે: 'I congratulate yon on your ruthless exposures of the dirty tactics in the Princes' chamber. It is a matter of deep regret to me that Sir C. P. (Ramaswami Aiyer) should lend his great talent to destructive instead of constructive endeavour at this critical time of India's destiny...C. P.'s cloven feet have been exposed.' (P. 241; 'India from Curzon to Nehru and after' by Durgadas; Collins, 1969). ['રાજવીમંડળમાં ચાલતી વિરૂપ ચાલબાજીને કઠોર શબ્દોમાં ખુલ્લી પાડવા માટે હું તમને અભિનંદું છું. ભારતની વિયતિની આ કટોકટીની ક્ષણોએ સર સી.પી. (રામસ્વામી આયર) પોતાની મહાન શક્તિનો રચનાત્મક ઉપયોગ કરવાને બદલે ખંડનાત્મક ઉપયોગ કરી રહ્યા છે એનો મને ખૂબ રંજ છે...સી.પી.ની ખંધી (આસુરી) ચાલબાજી ખુલ્લી પડી ગઈ છે'].

આટલી હકીકત નોંધ્યા પછી પણ હું માનું છું કે સર સી.પી. ઉત્તમ કોટિનું કાનૂની જ્ઞાન, પ્રખર બુદ્ધિમત્તા અને ઘણી સુંદર વહીવટી શક્તિ ધરાવનારા વિશિષ્ટ કોટિના માનવ હતા.

(વલ્લભવિદ્યાનગર) —દિલાવરસિંહ જાડેજા

આકાશદર્શન · ૨

જાન્યુઆરી-ફેબ્રુઆરીનું આકાશ

આકાશદર્શનમાં આગળ વધતાં પહેલાં કેટલીક અગત્યની બાબતો સમજી લઈએ. આરંભમાં આપણે જે તે માસના ગાળા દરમિયાન લગભગ મધ્યાકાશે રાત્રે દસ-અગિયાર વાગતાં સુધીમાં સરળતાથી ઓળખાય તે તે તારામંડળો અને અમુકને જરા વધુ વિગતે જોઈશું. આ માટે પાછળ આપેલા નકશાને, તેમાં દર્શાવેલી દિશા મુજબ, માથા પર ધરી રાખીને જોતાં આકાશમાં તારાઓ ઓળખવા સુગમ થશે. નકશામાં તૂટક રેખા વડે રચેલી આકૃતિ જે તે મંડળના તારા-સમૂહને દર્શાવે છે. તેમાં પંચકોણ તારા રૂપે દર્શાવેલા તારા સૌથી વધુ તેજસ્વી અને તે પછી ઊતરતા ક્રમમાં નાનાં થતાં ટપકાં રૂપે કુલ પાંચ કક્ષાના તારા બતાવ્યા છે. ખગોળશાસ્ત્રીઓએ તારાઓને એમની તેજસ્વિતાના ક્રમમાં અનેક વર્ગમાં વહેંચી નાખ્યા છે. આમાંથી નરી આંખે પાંચમા અને ખેંચીને જોઈએ તો છઠ્ઠા વર્ગ સુધીના તારા જોઈ શકાય છે. તે પછીના વર્ગના તારા જોવા માટે દૂરબીન જોઈએ. આ રીતે મોટાં દૂરબીનો વડે છેક ૨૧મા વર્ગ સુધીના તારા જોઈ શકાયા છે. બાકી કાળાનુક્રમે ફરતા રહેતા તારાઓમાં વર્ષ દરમિયાન આપણે નરી આંખે લગભગ ૬૦૦૦ જેટલા તારાઓ જોઈએ છીએ. સામાન્યતઃ પ્રથમ વર્ગનો તારો છઠ્ઠા વર્ગના તારા કરતાં સો ગણો તેજસ્વી લાગે છે. આ તેજસ્વિતા તેની અસલ નહિ, પણ જે નરી આંખે દેખાય છે તે છે.

એક જેવા દેખાતા અમુક તારા દૂરબીનમાંથી જોતાં જોડિયા તારા દેખાય છે. એને 'યુગ્મ તારા' કહે છે. આકાશમાં દેખાતા તારાઓમાં લગભગ પાંચમા ભાગના તારા આવા છે – અને અમુક તો ત્રિપુટી તારા છે. આ તારા એક સામાન્ય ગુરુત્વાકર્ષણ કેન્દ્રની આસપાસ ફરતા હોય છે.

રાતે ટમટમટા આ ટચૂકડા તારાઓમાં હકીકતે તો ઘણા તારા આપણા સૂર્ય કરતાં યે અનેક ગણા મોટા છે, જેમને 'વિરાટ' તારા કહે છે. સૂર્યથી નાના તારાને 'વામન' તારા અને લગભગ સૂર્ય જેવડાને 'સમરૂપ' તારા કહે છે. લગભગ એંશી ટકા જેટલા તારા 'સમરૂપ' છે.

આકાશદર્શનમાં તારાઓના રંગમાં પણ ઓછોવત્તો ફેર દેખાય છે. એનું કારણ જે તે તારાની ગરમી છે. એ ગરમી જેમ ઓછી તેમ તારાના રંગમાં રતાશ વધારે. અતિ ગરમ તારા નીલવર્ણી દેખાય છે. હાલમાં આર્દ્રા, બાણરજ અને વ્યાધને જોતાં આ રંગફેર સમજી શકાશે.

આકાશગંગાને તો ઓળખતા હશો. આકાશમાં દેખાતો તેનો તેજકણો ભરેલો પટ નકશાઓમાં ઝીણાં ટપકાં વડે દર્શાવાય છે. હાલમાં આકાશગંગાના તટ પર કે તેની નજીક શ્વાન, શુની, મૃગ, મિથુન, રોહિણી, બ્રહ્મમંડળ ને યયાતિ વગેરે તારામંડળો જોવા મળે છે. આકાશગંગામાં આપણાથી કરોડો માઈલ દૂર એવા અસંખ્ય તારાઓ હોઈ બાકીના આકાશથી એ અલગ તરી આવે છે. અંદાજ છે કે આકાશગંગામાં ૨૦ અબજ નાનામોટા તારા છે. આપણો સૂર્ય પણ એમાંનો એક તારો જ છે. પૃથ્વીથી એ ૯૩૦ લાખ માઈલ દૂર છે. તે પછીનો આપણી નજીકમાં નજીકનો તારો સૂર્યથી યે ૩,૦૦,૦૦૦ ગણો દૂર છે. અને એ પછીના બીજા તારાઓ તો આથી યે અનેક ગણા અંતર પર છે.

આટલું વિશાળ અંતર દર્શાવવા માઈલ-કિલોમીટરનો ગજ કામ ન લાગે. એ માટે 'પ્રકાશવર્ષ'નું એકમ વપરાય છે. એક પ્રકાશવર્ષ એટલે એક સેંકડમાં ૧,૮૬,૨૦૦ માઈલની ઝડપે જતો પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે તેટલું અંતર. આ રીતે સૂર્યને બાદ કરતાં નજીકમાં નજીકનો તારો પૃથ્વીથી ૪·૩ પ્રકાશવર્ષ દૂર છે. ખગોળની આ કેટલીક પ્રાથમિક માહિતી છે. આકાદર્શનમાં એ આપણને ઉપયોગી થઈ પડશે.




શનિ પોતાની આસપાસ વલયોથી અલંકૃત આ ગ્રહ સૂર્યની ગ્રહમાળાના એક અજબ મણિ જેવો છે. પીળાશપડતા દેખાતા આ ગ્રહનાં વલયો દૂરબીનમાંથી જોતાં સંખ્યાતીત હીરાકણોની માફક ઝગમગતા દેખાય છે. શનિનાં વલયો કાં તો નહિ ગંઠાએલા અવકાશી પદાર્થો છે અથવા શનિના ગુરુત્વાકર્ષણમાં ભાંગી પડેલા ઉપગ્રહના અવશેષ છે. બીજી માન્યતા એવી છે કે શનિની આસપાસ ઘૂમતા એ ખડકાળ પદાર્થો છે, જેના પર પાણીનો બરફ જામી ગએલો રહે છે અને એ દરેક ખડક કે પથ્થર પોતપોતાની પ્રદક્ષિણા-કક્ષામાં શનિની આસપાસ ઘૂમે છે, જેના સમૂહનાં આ વલયો છે. ઉપગ્રહના રૂપમાં સુગઠિત નહિ થઈ શકેલા અવકાશી પદાર્થોનાં પણ આ વલયો બન્યાં હોવાનું મનાય છે. શનિને આવાં ત્રણ વલયો હોવાનું મનાતું હતું, પણ ઈ. ૧૯૬૯માં ફ્રેંચ વિજ્ઞાની પીઅરી ગુરીએ ચોથું આછું વલય પણ જોયું. આકાશી પદાર્થો-તારા વગેરેના ફોટોગ્રાફ લેવા માટે વધુ એક્સ્પોઝર માગતી ફિલ્મ પર આ ચોથું વલય ઝડપવું શક્ય ન હોઈ પીઅરીએ ફોટોગ્રાફીની સાદી ઝડપી ફિલ્મ પર તેનું ચિત્ર ઉતાર્યું છે, જે અહીં આપ્યું છે.

સમી સાંજથી પશ્ચિમ આકાશમાં હાલ સ્થિર પ્રકાશે ચળકતો એક બહુ તેજસ્વી તારો દેખાય છે. એ છે 'શુક્ર'નો ગ્રહ. 'ખગાશ્વ'ના જે ચોરસને આપણે અગાઉ જોયો છે તેના પૂર્વ તરફના ઉત્તરદક્ષિણ બે તારા 'ઉત્તરા ભાદ્રપદા'ના છે. તેની દક્ષિણે રતાશપડતા સ્થિર તેજે પ્રકાશતો 'મંગળ' ગ્રહ પણ દેખાય છે. રોહિણી અને કૃત્તિકાની વચ્ચે હાલમાં 'શનિ' પણ દેખાય છે. લગભગ મધરાતે એ અસ્ત થશે એટલે એને નિરાંતે જોઈ શકાશે. રોજરોજ તમે એનું સ્થાન ચીવટથી જોશો તો જણાશે કે જાન્યુઆરી દરમિયાન એ સહેજ પશ્ચિમ તરફ અને પછી ફેબ્રુઆરીમાં એ પુનઃ પૂર્વમાં સરકતો જાય છે. એની પહેલી ચાલ 'વક્રી' ને પછીની 'માર્ગી' કહેવાય છે. નકશામાં એ દર્શાવ્યો છે.

હવે આપણે તારામંડળો જોઈએ. નકશાના આધારે 'મૃગ' (Orion)ને તુરત ઓળખી શકાશે. તેમાંનો રતાશપડતો 'આર્દ્રા' (Betelgeuse) એક અતિ 'વિરાટ' તારો છે. સૂર્ય પૃથ્વીથી ૧૩ લાખ ગણો મોટો છે, તો આર્દ્રા સૂર્યથી સાડા ત્રણ કરોડથી યે વધુ ગણો મોટો છે. મૃગનો બીજો તેજસ્વી તારો છે 'બાણરજ' (Rigel). અસલ તો એ 'યુગ્મ'-જોડિયો તારો છે. સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો તેજસ્વી છે. મૃગના પેટમાં વાગેલા બાણની દક્ષિણે એક ઝાંખું ઝૂમખું દેખાય છે. એને મૃગપુચ્છ કહે છે. એ તારો નથી પણ ૨૬ પ્રકાશવર્ષ જેટલા અંતરમાં વિસ્તૃત અને આપણાથી ૧૬૨૫ પ્રકાશવર્ષ દૂરની એક વાયુ સ્વરૂપ તેજસ્વી નિહારિકા (મે. ૪૨) છે. બીજી નિહારિકાઓ પણ મૃગમાં છે જે આપણે પછી ઓળખીશું. જાન્યુઆરીની આખરમાં ને ફેબ્રુઆરીના આરંભમાં આ તારામંડળ રાત્રે નવ વાગ્યે મધ્યાકાશે આવશે. એક હિસાબ છે કે આજે દેખાએલો તારો બીજે દિવસે બરાબર એ જ સ્થાને ચાર મિનિટ વહેલો દેખાશે. આ ગણતરી ખયાલમાં રાખવી ઉપયોગી છે.

મૃગની બાજુમાં 'રોહિણી' (Hyades)નું V આકારનું તારામંડળ



છે તેમાંનો 'રોહિણી' (Aldebaran) તારો આપણાથી ૬૮ પ્રકાશવર્ષ દૂર છે. આ પણ 'યુગ્મ' તારો છે. રોહિણીના આ V આકારમાં આમ તો પાંચેક મુખ્ય તારા દેખાય છે પણ એ V વિસ્તારમાં એકબીજાથી દૂર ૧૨૦ પ્રકાશવર્ષના અંતરમાં ૧૫૦ જેટલા તારાઓ છે.

રોહિણીના આ V આકારમાં 'વૃષભ'ના મોંની કલ્પના છે. આ પરથી આ વિસ્તાર 'વૃષભ રાશિ'નો કહેવાય છે. આ વૃષભનાં શિંગડાંની ટોચે એકેક તારો છે જેમાંનો ઉત્તર તરફનો તેજસ્વી 'અગ્નિ' એની ગણતરી બાજુના 'બ્રહ્મમંડળ' (Auriga)માં થાય છે. બ્રહ્મમંડળમાં 'પ્રજાપતિ', 'ગાલવ' અને 'બ્રહ્મહૃદય'(Capella) એ મુખ્ય તારા છે. પહેલાથી ત્રીજા વર્ગમાં આ તારાઓનો સમાવેશ થાય છે. બ્રહ્મહૃદય ઉત્તર દિશામાં સૌથી વધુ તેજસ્વી તારો છે. અને એ તો વળી, 'યુગ્મ' નહિ પણ ત્રણ તારાની ત્રિપુટી છે. આ તારામંડળના વિસ્તારની અંદર આપણાથી ૪૨૦૦ પ્રકાશવર્ષ દૂર લગભગ ૧૦૦ તારાઓ છે.

રોહિણીની બાજુમાં એક આછું નાનું ઝૂમખું જોયું? એ છે 'કૃત્તિકા' (Pleiades). નરી આંખે એમાં સાતેક તારા જણાય છે—જો કે એ યે ગણવા તે આંખની કસોટી સમાન છે. હકીકતે અમુક અંશે વાયુરૂપ પદાર્થો સાથે સેંકડો તારાઓનું એ ઝૂમખું છે.

'શ્વાન' (Canis Major) અને 'શુની' (Canis Minor) એ બે મૃગની બાજુનાં નાનાં પણ ધ્યાન ખેંચતાં તારામંડળો છે. શ્વાનમાં વ્યાધ (Sirius)સમગ્ર આકાશમાં સૌથી વધુ તેજસ્વી તારો છે.ઝાંખામાં ઝાંખા તારા કરતાં યે એ ૧૦૦૦ ગણો તેજસ્વી ગણાય છે. સૂર્ય કરતાં એ ૨૧ ગણો તેજસ્વી ને આપણાથી ૭૮ પ્રકાશવર્ષ દૂર છે. 'શુની'માંનો 'પ્રભાસ' (Procyon) આપણાથી ૧૧·૩ પ્રકાશવર્ષ દૂર છે. મૃગની સામે 'મિથુન' અને મૃગની દક્ષિણે 'શશક' (Lepus સસલું) ને 'કપોત' (Columba) એ બે નાનાં તારામંડળો છે. અને આથી યે નીચે દક્ષિણમાં 'અગસ્ત્ય' ઝળહળે છે. વ્યાધ પછી અગસ્ત્ય જ વધુમાં વધુ તેજસ્વી છે.

સવાર / પ્રિયકાન્ત મણિયાર

·આવર્તિત સવૈયા·

રહેલવારકી પનિહારીના ઘડે,
કૂપવારિમાં સૂતા તારલા ફરી આભલે ચડે.
નીરખું કંઈ હું ન્યારું,
જલની ઓથે ઘટની મધ્યે અરધું તો અંધારું;
વર્તુલમાં વીંટાઈ ગયો એ સીધો સટ થૈ સીંચણિયાનો દોર
ગરગડીના ગળા મહીંથી નીસરે નિતનો વણઊંઝેલો શોર.

નવશેકા પાણીની માંહી હાથ બોળીએ
એમ સૂર્યમાં નજરો બોળું,
ઊગતા ઊગતા ઊગતા ઊગતા
સૂર્ય મહીંથી ઊડતું પંખીટોળું,
અગ્નિના ઊછળે અબ્ધિ જેમાં રૂપ ધરી દર્પણનું રાખ્યું,
મુખ જોવાનું મળે નહિ ત્યાં ઊઘડયું જગ જોવાને આખું.

જલે ભરેલા કચારા સરખો સૂર્ય લાગતો શીત
એમાંથી તો ઊગી નીકળી
આંખોની આંખોની આંખો
કોણ જાણતું કઈ તે એવી રીત?

પિયળ તાણે કે– / ભાનુપ્રસાદ પંડ્યા

·મનહર-સૉનેટ·

પિયળ તાણે કે સખી, લલાટ પે આળખતી
આવનારા અવનવા દિવસની ભાત?
આણી પા આંગણ ગમે, કામણેય પેલી પાનું
હું જ મને લાગું કોઇ અટપટી વાત!

પિયર ચોધાર વહી જાય કે આ આંગળીને
વેઢે ગણ્યા વરસનો નીતરે સે'વાસ!
તોડાએલું ફૂલ કો'ક હથેળીની રેખાઓમાં
ઉગાડતું જાય અણઊકલી સુવાસ!

અહીંથી આ ગાડેગાડાં ઊપડશે અબઘડી
હીબકાંની ભારોભાર લઇને હુલાસ!
ખબર ન્હોતી કે આમ લઈ જશે અચાનક
ગયાં–આવ્યાં જ્યાંથી એ આ પાદરની વાટ!

ટપકું બનીને રાતું સૈ! તારી નજરનું
સીમમાં ખોવાઈ જશું અમે પૂરપાટ!

કૂચ / ધીરુ પરીખ

·આવર્તિત સવૈયા·

વણ શબ્દીલી સુગંધ સાથે
ફૂલ ખીલતાં–ખરતાં;
અંધકારનો સાગર કરવા પાર
તારકો કૈક યુગોથી તરતા.

સૂરજ ને આ ચન્દર અવિરત
પથ આકાશી કાપે;
રાત-દિવસના વેઢા ગણતા
અનન્તને શો માપે!

અવકાશી આ ચોક મહીં શી
થંભ્યા વિણ આ
હવા ઘૂમતી ગરબે!
પીળાતી આ ઋતુ આમ તો
સહુ વસંતો સમયગર્ભમાં ધરબે!

વેરી દેતાં નિજનાં સઘળાં રૂપ વાદળો
તો ય સાગરો
વારે વારે વાદળિયાં રૂપોને વળગે;
કૈક આંખમાં
અરવ આરઝૂ–દીપ ઠરે ને સળગે.

પકડાયે ના એવું અહીંઆં
સંતાકૂકડી રમતું કોનું હોણું?
વણ રણભેરી વણ પડઘમ આ
કરે કૂચ તે કોણ?

¶ સવાર: ચારુ અને નાવીન્યસભર કલ્પનાઓ વડે આલેખાએલું પ્રભાતનું અભિવ્યંજક અને અતિરંજક ચિત્ર. પનિહારી, સીંચણિયું, ગરગડી દ્વારા સર્જેલા ગ્રામરૂપના તાદૃશ વાતાવરણ સાથે નવશેકા પાણીમાં હાથ બોળવાની સાથે સરખાવતી સૂર્યમાં નજર બોળવાની વાત મનહર ને મનભર છે. પૂર્વમાંથી પાંગરતી પંખીની પંક્તિને સૂર્યમાંથી બહાર આવતી કહેવામાં કલ્પનાની મૌલિકતા અને ભાવનાની વ્યંજના રહેલી છે. 'ઊગતા'ના પુનરાવર્તનમાં સૂર્યની ઊર્ધ્વ ગતિની અને 'આંખોની આંખોની આંખો'માં સૃષ્ટિના વિસ્તારની ચિત્રવ્યંજના સાથે આખરી પ્રશ્નમાં વિસ્મય આચ્છાદિત ગૂઢ અનુભૂતિના સ્પર્શની વાત અકળ રહેતી નથી. **¶** પિયળ તાણે કે: સાસરે વિદાય થતી વખતે પિતૃગૃહ ને પતિગૃહ વચ્ચે ઝોલાં ખાતી નવપરિણીતાના મધુર અકળામણભર્યા હૈયાને ડાલવતી રસભર કૃતિ: આ તે સખી લલાટે પિયળ તાણે છે, કે આવનારા અવનવા દિવસોની ભાત આલેખે છે? આ તરફ આંગણ ગમે છે તો પેલી તરફનું કામણ પણ કાંઈ ઓછું નથી. અને એમ, પિયરથી વિદાયના વહી જતા આંસુને વીત્યાં વરસના સહવાસને નીતરતો દાખવવામાં, તો હથેલીમાંના ફૂલને આગામી જીવનની અણઊકલી સુવાસ ઉગાડતું આલેખવામાં, બે ભિન્ન ભાવોની કેવી કવિત્વમય અભિવ્યક્તિ છે! ને પછી તરત જ ઊપડનારાં ગાડેગાડાં ભરીને હીબકાંની ભારોભાર હુલાસની અને જે પાદરેથી અનેક વાર આવજા કરી છે તેની વાટેથી આમ અચાનક નીકળીને દૂરની સીમમાં પૂરપાટ ખોવાઈ જવાની વાત ગ્રામકન્યાના મનોગતનું સુચારુ ચિત્ર આંકી રહે છે. **¶** કૂચ: સૃષ્ટિમાં સર્જન ને વિસર્જનની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. પછી તે ચેતનની હોય કે અચેતનની. દૃષ્ટિ ખીલે તો એ સકલમાં 'કોઈક'ના 'હોણું'ની–હયાતીની અનુભૂતિ થયા વિના રહેતી નથી. આ સકલ 'વ્યક્ત' (સૃષ્ટિ)માં પથરાએલા એ 'અવ્યક્ત'ના સ્પર્શની, આ કૃતિમાં, અભિનવ કલ્પનાઓ દ્વારા ભાવાભિવ્યક્તિ સાધી છે. ક્યારેક કળાતા તો ક્યારેક છટકી જતા એ અવ્યક્તના સ્પર્શને 'સંતાકૂકડી' દ્વારા નિરૂપ્યો છે, તો 'હોણું' દ્વારા અસ્તિત્વની તાજગી પ્રકટ કરીને, કાવ્યના અંતિમ પ્રશ્નમાં જ, કુમારની અનુભૂતિ, પેલા અદૃષ્ટ 'અવ્યક્ત'ની જેમ જ, અભિવ્યંજિત કરી છે.

અચોક્કસ ભાવિ ને વિશાળ ભારત દેશમાં દસ વર્ષની વયે મહત્ત્વાકાંક્ષાનું બીજ હૃદયમાં સંઘરીને નીકળી પડેલા એક કુમારની પરાક્રમકથા

જેનાં જાનવરો માટે એક મોસમમાં સાડા ત્રણ લાખ રતલ માંસ ને દોઢ હજાર ટન ઘાસ જોઇતું, જેના રસોડે રોજ ૪૬૦૦ ખેલાડીઓ જમતા, જેના સરસામાનનું વજન ૭૯,૦૦૦ ટન હતું, જે એક મોસમમાં ૨૦,૦૦૦ માઇલનું સફર ખેડતું, ૯૦ ડબાવાળી જેની પોતાની જ એક ટ્રેઇન ને ૬૯ મોટરખટારા હતા,—એવા વિશાળતમ સરકસરિંગલિંગમાં, દેશદેશાવરથી ચૂંટીને લાવેલા સેંકડો શ્રેષ્ઠ ખેલાડીઓ વચ્ચે, રંગનો ભેદભાવ રાખતા અમેરિકનો વચ્ચે, હિંદુસ્તાનના એક શામળા માણસે મોખરે આવવું એ કેવું કઠિન હશે! પણ, **સરકસની કઠોર રહેણીકરણી, ભટકતી જિંદગી અને પગારોના પણ વાખા એવી દશામાં, સાહસ ને કીર્તિ માટેની અદમ્ય ઝંખનાનો દીપક ઉરના ગોખલામાં સળગતો રાખીને, સંકટોને ઘોળી પીવાની હિંમત અને ચતુરાઈ વડે ભારતના એક અજાણ્યા ગામડાના અભણ અને અળવીતરા છોકરાએ એ સિદ્ધ કરી બતાવ્યું તેની, સિનેમાનાં નટનટીઓની પાછળ ગાંડી બનતી આજની યુવાન પ્રજાને અર્પણ કરવા જેવી કથા.**

વિજયગુપ્ત મૌર્ય



△ દામુ ધોત્રે અને દીપડો ચૅમ્પીઅન
ઈ. ૧૯૫૦માં

ગઈ તા. ૯મી નવેમ્બર ૧૯૭૧ની સાંજે મુંબાઈમાં સરકસના ચાલુ ખેલમાં એક વાઘે બે ખેલાડીઓને ઘાયલ કર્યા અને એક પ્રેક્ષકને મારી નાખ્યો ત્યારે મને સરકસવીર દામુ ધોત્રે યાદ આવ્યા. તેમના શરીર ઉપર હાથી, વાઘ, સિંહ વગેરે જાનવરોએ કરેલા ગંભીર જખ્મોની નિશાનીઓ છે. એ બતાવતાં એમણે મને એક દિવસ કહેલું: 'ભાઈ, સરકસના ખેલાડીને જાનવર ઈજા કરી બેસે એ કંઈ ખેલાડીને માટે ગૌરવનો વિષય નથી. એ તો ખેલાડીની ભૂલનું પરિણામ છે. આથી હું મારા જખ્મોનું પ્રદર્શન નથી કરતો.'

દામુના જખ્મો એમની ભૂલોનું પરિણામ હશે, પણ તેઓ જીવતા રહ્યા છે એ તેમના ભાગ્યનું જોર છે તેમ એમનાં પરાક્રમોનું પણ પરિણામ છે.

દુનિયામાં 'રિંગલિંગ સરકસ' જેવું વિશાળ અને હેરત પમાડનારું બીજું સરકસ થયું નથી. એમ તો સરકસ-જગતમાં શ્રેષ્ઠ ખેલાડીઓ રશિયાએ પણ આપ્યા છે; પણ કીર્તિ અને કારકિર્દી ઝંખતા મહત્ત્વાકાંક્ષીઓ હમેશાં રિંગલિંગ તરફ આકર્ષાતા રહ્યા છે. દામુએ તેમાં લગભગ એક દાયકો ગાળીને અમેરિકન પ્રજાને પોતાનાં કૌશલ્ય ને ચાતુર્યથી મુગ્ધ કરી હતી. રિંગલિંગના એક ભૂતપૂર્વ માલિક જૉન રિંગલિંગે પોતાના સરકસના ઇતિહાસમાં લખ્યું છે કે 'મેં જગતના જે ત્રણ શ્રેષ્ઠ ખેલાડીઓ જોયા છે તેમાં ભારતના દામુ ધોત્રેનો સમાવેશ થાય છે.'

દામુ સાથે મારે અણધાર્યો જ પરિચય થઈ ગયો. પ્રાણીઓ મારા શૉખ અને અભ્યાસનો વિષય છે. એમાં સરકસનાં પ્રાણીઓ પણ આવી જાય. વર્ષો પહેલાં મુંબાઈમાં હું 'કમલા સરકસ'ના માલિક સાથે તેમનાં પ્રાણીઓનું નિરીક્ષણ કરી રહ્યો હતો ત્યારે મારો શોખ જોઈ તે બોલ્યા: 'દુનિયાનો શ્રેષ્ઠ ખેલાડી કોણ છે તે જાણો છો? તે એક ભારતીય છે, મારા મિત્ર અને મુરબ્બી છે અને તેઓ કાલ પૂનાથી અહીં આવે છે. આવજો, તમને એમનો મેળાપ કરાવી આપીશ. તેમનું નામ દામુ ધોત્રે છે.'

મને નવાઈ લાગી. પરંતુ બીજે દિવસે દામુ આવી શકયા નહિ ત્યારે હું નિરાશ થયો. મેં નક્કી કર્યું કે તેઓ આવી ન શકયા તો મારે એમને મળવા પૂના જવું. મુલાકાત માટે મેં કાગળ લખ્યો ને તેમનો ઉમળકાભર્યો જવાબ આવતાં હું પૂના પહોંચી ગયો. કમલા સરકસના માલિકે મને કહેલું કે દામુ પાસે સરકસ-સાહિત્યનો ભંડાર છે, પણ તેમને તેના માટે એટલી મમતા છે કે તમને કંઈ આપશે નહિ.

અમે મળ્યા. દામુના સૌજન્યથી અને એમના અનુભવોથી હું પ્રભાવિત થયો. તે દિવસે બપોરના બારથી રાતના અગિયાર વાગ્યા સુધી અમે સતત વાતો કરી, અને ઊઠયા ત્યારે અમે મિત્રો બની ગયા હતા. ચિત્રો તથા સાહિત્યનું એક મોટું બંડલ મેં તેમની પાસેથી ઉછીનું મેળવ્યું. તે પછીની મુલાકાતના અંતે તેમણે મને ભેટીને લાગણીવશ થઈને કહ્યું: 'હવેથી તમે મારા નાના ભાઈ છો.'

જે છોકરાઓને ભણવા પ્રત્યે નફરત હોય, રોજ કંઈ ને કંઈ ઉપદ્રવ કરી મા-બાપને માટે માથાનો દુખાવો બની ગયા હોય, તેઓ પણ કૈંક સારી

જમણી બાજુ
દામુ—અગિયાર વર્ષની વયે;
અને
શેલાર સરકસમાં હતા ત્યારે
હિંસક પ્રાણીઓ કેળવનાર
નિષ્ણાત ગુરુ ઘોંડીરામ
ચવ્હાણ સાથે દામુ, ૧૯૧૬માં.






પાછળના પાના પર—દામુના સરકસજીવનનાં બે ચિત્રો: દીપડાઓ સાથે ને વાઘ સાથે. સરકસમાં દીપડા કેળવવા એ સૌથી મુશ્કેલ કામ છે. પણ દામુએ એકસાથે અનેક દીપડા રજૂ કરી એ ક્ષેત્રમાં જગતખ્યાતિ મેળવેલી.

શક્તિ ધરાવતા હોય છે અને એ શક્તિને રચનાત્મક માર્ગે વળવાની તક મળે તો પ્રકાશી ઊઠે છે તેનું દૃષ્ટાંત દામુ છે. દામોદર ગંગારામ ધોત્રે એમનું પૂરું નામ. ઈ. ૧૯૦૨ની ૩૧મી ઑગસ્ટે પૂનાની એક શેરીમાં ગરીબ કુટુંબમાં એમનો જન્મ થયો. શિસ્ત અને ભણતર તરફ એમને મૂળથી જ નફરત હતી. ગરીબ માબાપ સાત સંતાનોમાંથી કોના પ્રતિ ધ્યાન આપે? શિક્ષકની, પડોશીઓની, અને રસ્તે ચાલતાં માણસોની પણ ફરિયાદો સાંભળીસાંભળીને માબાપ તંગ થઈ ગયાં હતાં. એમાં પિતાનું અવસાન થતાં માની યાતનાઓનો પાર ન રહ્યો. આજે સાઠ વર્ષ પહેલાંના એ દિવસો યાદ કરતાં દામુ કહે છે: 'અ રે રે! ગરીબ બિચારી માને મેં મારાં તોફાનો વડે કેટલો બધો ત્રાસ આપ્યો હતો!'

કશા ધ્યેય કે હેતુ વિના દિવસો બગાડતી વ્યક્તિના જીવનમાં પણ કોઈ વાર એવો બનાવ બને છે કે તેનું જીવન પલટાઈ જાય. નદીના સાપ પકડીને છૂપી રીતે બજારમાં છોડી દઈ લોકોને ગભરાવી દેતા નટખટ દામુએ જાણ્યું કે ગામમાં દૂરના એક સંબંધી મામાનું સરકસ આવ્યું છે. એ તો ઊપડચો ને ચોરીછૂપીથી જોવા જતાં માર ખાધો; પણ છેવટે મામાને મળીને સરકસ જોયું. સિંહ, વાઘ, હાથી વગેરે ભયંકર પ્રાણીઓને ઇચ્છાનુસાર નચાવતા રિંગમાસ્તરનાં પરાક્રમો જોઈ દામુના નાનકડા મગજમાં મહત્ત્વાકાંક્ષાનાં બીજ રોપાયાં: હું પણ એવો પરાક્રમી ખેલાડી કેમ ન થાઉં? તેણે રઢ લીધી. રિસાઈને ઘરમાંથી ગાયબ થઈ ગયો. અંતે ગરીબડી વિધવા માએ આ ઉત્પાતિયા નાદાન છોકરાનો હાથ પેલા સરકસના માલિક ને પોતાના દૂરના ભાઈ તુકારામ ગણપત શેલારના હાથમાં સોંપી દીધો. અચોક્કસ ભાવિમાં અને આ વિશાળ દેશમાં દસ વર્ષના નાદાન પુત્રને વિદાય આપતાં એ માને છાતી પર કેવો પથ્થર મૂકવો પડચો હશે!

બહારથી સરકસની ઝાકઝમાળ કારકિર્દી આંજી નાખે, પણ વસ્તુતઃ સરકસનું જીવન અતિ કઠોર છે અને તેમાં રેડવા પડતાં પરિશ્રમ તથા જીવસટોસટનાં સાહસોનો યોગ્ય બદલો કંઈ નહિ તો આપણા દેશમાં તો મળતો નથી. સરકસમાં જોડાયા પછી દામુને પણ તેનો અનુભવ થયો. શરૂઆતમાં જ મામાએ કહ્યું હતું: 'તું મારો ભાણેજ છે એ ભૂલી જજે. અહીં તારે તારા બુદ્ધિબળ વડે જ આગળ વધવાનું છે.' અને કઠોર રહેણી-કરણી, ભટકતી જિંદગી તથા 'ઘરનો છોકરો' હોવાથી પગારનો પણ અભાવ એવી દશામાં યે સાહસ અને કીર્તિ માટેની અદમ્ય ઝંખના ધરાવતો દામુ નાહિંમત થયો નહિ. સરકસ આખા દેશમાં ભટકતું. કોઈ વાર રાત ગાડીમાં, તો ક્યારેક હાથીની પીઠ પર ગાળવી પડે. એક વાર દામુએ ચોરીછૂપીથી એક સિંહણના પાંજરામાં પ્રવેશવાનું ગાંડુ દુઃસાહસ કર્યું ત્યારે સમજદાર મામાને જ્ઞાન થયું કે આ છોકરો અણઘડ હીરો છે. મામાએ ઘોંડીરામ ચવ્હાણ નામના રિંગમાસ્તરના હાથમાં એને તાલીમ માટે સોંપી દીધો. ઘોંડીરામ ગુરુ-પ્રણાલિકાથી સરકસનાં છોકરા-છોકરીઓને શિક્ષણ આપતા. પ્રાર્થના વડે દિવસનો આરંભ થતો અને પ્રાર્થના સાથે પૂરો થતો. આ ધાર્મિક સંસ્કાર આજે પણ દામુમાં પાંગરેલા છે. સરકસની એ તાલીમ સાથે ભણતર પણ ખરું. દામુએ આવું નૈતિક બળ મેળવીને પોતાની કારકિર્દી શરૂ કરી હતી. પ્રારબ્ધ સારું હોય તો પણ પુરુષાર્થ વિના તે ખીલશે નહિ એવી મામાની શીખ દામુએ જીવનના આરંભથી જ ઉતારી હતી. એ શેલાર મામા, સાંવળારામ અને પછી ઘોંડીરામ ચવ્હાણની મમતા અને તાલીમ તથા તેની પોતાની અદમ્ય મહત્ત્વાકાંક્ષા સંકટોને ઘોળી પીવાની હિંમત અને ચતુરાઈએ એ દસ વર્ષના છોકરામાંથી એક મહાન ખેલાડીનું ઘડતર કર્યું.

પછી તો દામુ પોતાનાં પ્રાણીઓ સાથે એટલો બધો ઓતપ્રોત થઈ ગયો કે ઊંઘવા સિવાયનો લગભગ બધો સમય તે પ્રાણીઓની પાસે જ હોય. આથી પ્રાણીઓને પણ દામુ પોતાનો લાગતો. પ્રાણીઓને પોતાનાં સંતાનોની જેમ રાખવાની પ્રેરણા દામુને એમની નાની પાસેથી મળી. શેલાર મામાની આ વિચક્ષણ મા વહેલી સવારથી મોડી રાત સુધી પ્રાણીઓના તંબૂમાં જ રહેતી. એક દિવસ સરકસનાં પ્રાણીઓને એક બંદરેથી બીજે બંદર મછવામાં સમુદ્ર માર્ગે ફેરવવાનાં હતાં. દરમિયાન એકાએક સમુદ્ર તોફાની બની ગયો. મછવા બીજે બંદરે પહોંચ્યા તો ખરા, પણ તેના પરથી પ્રાણીઓને કાંઠે ઉતારી શકાય તેવી સ્થિતિ નહોતી. દરમિયાન હિંસક પ્રાણીઓનો ખોરાક ખૂટી ગયો. એમને ખાવા




આપવા કંઈ ન રહ્યું ત્યારે શેલાર મામાએ ન છૂટકે પાળેલાં ઘેટાં-બકરાંને મારીને એમને ખાવા આપવાનો હુકમ કર્યો. આની ખબર પડતાં નાનીને આઘાત લાગ્યો. તેણે કહ્યું કે, 'હિંસક પ્રાણીઓ બે દિવસ ભૂખ્યાં રહેશે તો મરી નહિ જાય, પણ પાળેલાં પશુડાંને મારશો તો હું ઉપવાસ કરીને મરી જઈશ'. દામુ પર નાનીના એ પ્રાણીપ્રેમની અસર પણ હતી જ. એણે પ્રાણીઓની જાતિગત પ્રકૃતિનો અને વ્યક્તિગત લાક્ષણિકતાઓનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો. આ જ્ઞાન એને પોતાના સરકસ જીવનમાં ઘણું કામ આવ્યું. પ્રાણીઓ સાથે તે ગમેતેવા હળીમળી જાય, ઘનિષ્ઠ આત્મીયતા દાખવે, પણ તે સાથે તેમનાં મનમાં તો એવું ઠસાવતા જ રહે કે હું તમારો મિત્ર અને સાથી હોવા છતાં તમારો સર્વોપરી સ્વામી છું. મારો હુકમ તમારે ઉઠાવવાનો જ છે. તેના બદલામાં હું તમારી કદર કરતો રહીશ, તમારી સાથે પ્રેમ પણ કરતો રહીશ.

દામુ કહે છે કે આ જંગલી પ્રાણીઓ ગમે તેટલાં પાળેલાં અને કહ્યાગરાં લાગે, પણ આખરે તો તેઓ 'જંગલી' જ હોય છે અને કોઈવાર તેઓ જાત પર જઈ બેસે છે. દામુનાં જાનવરો પણ બેકાબૂ બન્યાં છે, એના પર હુમલા પણ કર્યા છે અને ગંભીર ઈજાઓ પણ પહોંચાડી છે.

જે 'મમ્મા' સિંહણની પાસે અખાડામાં નાદાન છોકરા તરીકે દામુ ચોરીછૂપીથી ઘૂસ્યા હતા અને પછી જીવ બચાવવા દરવાજો ખુલ્લો મૂકી નાઠા હતા એ જ મમ્માને કેળવીને તે એની પાસે ખેલ કરાવતા થઈ ગયા. પણ એ મમ્માએ જ એમને પોતાની અસલિયતનો અનુભવ કરાવેલો. એક દિવસ ચોમાસામાં ખેલ કરતાં ચીકણી માટીમાં દામુ લપસી પડ્યા. તુરત મમ્માએ એમના પર તરાપ મારી. પણ એ જ ક્ષણે બેબી નામની સિંહણ જાણે દામુને બચાવવા મમ્મા પર કૂદી પડી. એ એક પળની તક મળતાં તો ચિત્તા જેવા ચપળ દામુ ઊભા થઈ ગયા અને લડી પડેલી બંને સિંહણોને કાબૂમાં લઈ લીધી. દામુની કારકિર્દી તો શું, પણ જિંદગી યે ત્યાં જ પૂરી થઈ ગઈ હોત, અને તે પણ એમની સાથે આત્મીયતા ધરાવતી મમ્માના હાથે! પણ બેબી દામુની જિંદગી બચાવવામાં નિમિત્ત બની. આવી કટોકટીભર્યા અનેક પ્રસંગોએ છેવટે તો દામુએ જાનવરોને ભાન કરાવ્યું જ છે કે તેઓ એનાં તાબેદાર સેવકો છે.

દામુએ પણ ભૂલો તો કરી છે અને એની સજા પણ ભોગવી છે. પણ તેઓ હમેશાં પોતાની અને બીજાની ભુલોમાંથી બોધ લેતા આવ્યા છે. એટલા ભાગ્યશાળી કે એમાં તે માર્યા ન ગયા. બાકી જે કારકિર્દી અને જોખમો એમણે સ્વીકાર્યાં હતાં તેમાં એની પૂરેપૂરી સંભાવના હતી જ. પણ પોતાની સલામતી ખાતર તેઓ કદી ફરજ ચૂક્યા નથી. અખાડામાં ભેગાં કરેલાં હિંસક પ્રાણીઓ લડી પડે તો બહુ ભયંકર પરિણામ આવે. એવે સમયે ખેલાડીના જીવનું જોખમ પણ ખરું જ. વળી અરસપરસ લડતાં તાલીમ પામેલાં પ્રાણી માર્યાં જાય કે ગંભીર રીતે ઘાયલ થાય તો સરકસના ખેલ અટકી જઈ, એથી ધંધાકીય ખોટ પણ ખમવી પડે. દામુ



જેવા અનુભવી ખેલાડી આવી બાબતો ન જાણે એ તો કેમ બને?

એક દિવસ મદ્રાસમાં ખેલ ચાલુ હતો ને એકાએક શહેરનો વીજળીનો પ્રવાહ ખોરવાઈ ગયો. જાતજાતનાં પ્રાણીઓની વચ્ચે દામુ અંધારામાં અટવાઈ ગયા. પ્રેક્ષકોમાં પણ કોલાહલ વ્યાપી ગયો. આ અંધાધૂંધીમાં પેલાં પ્રાણીઓ લડી પડે કે દામુ ઉપર હુમલો કરે તો અતિ ભયંકર હોનારત થાય. દામુ પોતાની સલામતી ખાતર અખાડામાંથી બહાર ભાગી આવી શક્યા હોત; પણ એમને જીવ બચાવવાનો વિચાર સુધ્ધાં ન આવ્યો. અંધારામાં પ્રાણીઓને લડી મરતા અટકાવવા અડગ ઊભા રહી એ સૌ જાનવરોને તેમના નામથી બોલાવતા રહ્યા, જેથી તેઓ કાબૂમાં રહે. બીજી બાજુ દામુના કહેવાથી હજારો પ્રેક્ષકો દીવાસળીઓ પેટાવતા રહ્યા, જેના ઝાંખા પ્રકાશમાં તગતગતી જાનવરોની આંખો જોઈ દામુ ખયાલ રાખતા રહ્યા કે દરેક જાનવર તેના યથાસ્થાને એના હુકમનું પાલન કરે છે કે નહિ. પછી તો વીજળીનો પ્રવાહ આવ્યો અને સૌએ છુટકારાનો દમ લીધો. પણ આ પ્રસંગ દામુની હિંમત અને કર્તવ્યનિષ્ઠાનો ખયાલ આપે છે.

એમની હિંમત દર્શાવતો આવો જ એક બીજો પ્રસંગ પણ છે. કોલ્હાપુર મહારાજાએ પોતાને ત્યાં સરકસનો ખાસ ખેલ કરાવ્યો હતો. પ્રેક્ષકો એટલા બધા એકઠા થયા કે ખેલ તંબૂ બહાર ખુલ્લામાં કરવા પડ્યા. આટલી મેદની અને મહારાજા માટે ખાસ ખેલ, એટલે દામુનો ઉત્સાહ વધી ગયો. પ્રેક્ષકોને રોમાંચક મનોરંજન આપવા એમણે પ્રાણીઓને ઉશ્કેરીને ગરજતાં કર્યાં. આમાં વાઘ-વાઘણ અને સિંહ-સિંહણો હતાં. અકસ્માત એક પ્રાણીની ઠેકમાં એક સ્ટૂલ ઊથલી પડ્યું અને તે બીજા પ્રાણીને વાગ્યું. એમાં 'મમ્મા' સિંહણ અને 'ચંપા' વાઘણ લડી પડી! સિંહ અને વાઘ તેમની મદદે ધાયા! પછી તો જે ઘમસાણ મચ્યું, ને ધૂળની ડમરી ચડી, અને ઉશ્કેરાએલાં પ્રાણીઓની ભયાનક ગર્જનાઓ થવા લાગી એથી ગભરાએલા પ્રેક્ષકોમાં ખળભળાટ મચી જઈ નાસભાગ થવા લાગી. આ ધમાચકડીમાં અખાડાની જાળીને પ્રચંડ ધક્કો લાગતાં એક ઠેકાણેથી એ નીચે આવી પડી. પણ તે ખુલ્લા થએલા ભાગમાંથી પેલાંમાંનું એકે પ્રાણી બહાર નીકળવા ઢૂકે એ પહેલાં તો આગમચેતી વાપરી સરકસના એક પહેલવાને એ રસ્તો રોકી લીધો ને એ તરફની આફત તો ટાળી. દરમિયાન અખાડામાં દામુએ પોતાના જીવની પરવા કર્યા વિના પેલાં પ્રાણીઓ પર કાબૂ મેળવી લઈ એમને છૂટાં પાડ્યાં ને સૌ સૌનાં પાંજરાંમાં પૂરી દીધાં.

પણ ભાગ્ય આમ દામુને કાંઈ સદા ય સહાય કરતું નહોતું રહ્યું. એમને

એક વાર પદાર્થપાઠ પણ આપેલો. રશિયા અને યુરોપ જવાની આશાથી દામુ પ્રો. ઈસાકોના રશિયન સરકસમાં જોડાયા. ઈસાકો પાસે 'જૉય' નામે એક બળવાખોર હાથી હતો. એ હાથીને દામુએ કેળવવાનો હતો. લોભી રશિયન ઈસાકોએ દામુને એ હાથીની પ્રકૃતિની જાણ કરી નહિ. પણ પહેલે જ દિવસે દામુને એ હાથીનો અનુભવ થઈ ગયો. હાથી ઈસાકોને મારી નાખવા જતો હતો, પણ દામુએ તેને ખાળીને કાબૂમાં લઈ લીધો. પછી તો ધીરેધીરે દામુએ એને એવો કેળવેલો કે તે દામુને પોતાની સૂંઢમાં ઉપાડીને પ્રેક્ષકો સમક્ષ ફેરવતો અને દામુ હસતે મોંએ પ્રેક્ષકોનું અભિવાદન ઝીલતા.

પણ એક દિવસ 'જૉયે' પોત પ્રકાશ્યું. એણે દામુને સૂંઢમાં ઉપાડીને ફેંક્યા. દામુ ચપળતાથી ઊભા થઈ ગયા અને પોતાના સત્તાવાહી બુલંદ અવાજે પડકાર કર્યો 'જૉય!!' જૉય થંભી ગયો ને બીજી ક્ષણે દામુએ અંકુશ વડે એનો કાન પકડી એને ધમકાવી કાબૂમાં લઈ લીધો.

પરંતુ દામુની લાંબી કારકિર્દીમાં એમને ભારે પડનાર આ જૉય જ નીવડ્યો. એક વાર દામુને યાદ ન રહ્યું કે તે દિવસે રવિવાર હતો. નિયમ પ્રમાણે તેઓ તો સરકસના તંબૂમાં આવ્યા. રવિવાર હોઈ તે દિવસે તાલીમ ન હોવાથી બધાં હજી ઊંઘતાં હતાં. આથી દામુ પોતે જૉયને તાલીમ માટે છોડવા ગયા. હાથીના મગજની કમાન છટકી. જાણે પોતાની રજા બગાડનાર દામુને એ સજા કરવા પ્રવૃત્ત થયો. એકદમ એણે દામુને દીવાલ સાથે પછાડ્યા ને પોતાના દંતૂશળ વડે રૂંધી નાખવા ધસ્યો. દામુની યે ચપળતા અને હિંમત અજબ હતી. એમણે એકદમ ઊભા થઈ જઈ પેલાના બે દંતૂશળો વચ્ચે ગોઠવાઈ તેને જોરથી પકડી રાખ્યા. પણ હાથીએ જોર કરીને દામુને ફંગોળીને કાંટાની એક વાડ પાસે ફેંક્યા ને પોતાના માથાથી એમને ભીંસ દેવા આવ્યો. પેલાના દબાતા માથા તળેથી દામુએ તુરત ઊભા થઈ એને પાછો ધકેલવા બળ તો કર્યું—અને એ પૂરતા બળુકા હતા,—પણ હાથી સામે માણસની તાકાત કેટલી ચાલે? દામુને પરિસ્થિતિ-ની ગંભીરતા સમજાઈ ગઈ, પણ હિંમત ન હાર્યા. વાડ કંઈ દીવાલ ન હતી, એટલે હાથી દામુને ભીંસી શકતો નહોતો. એ તકનો લાભ લઈ દામુ હવે સામું બળ કરવાનું છોડી પાછળની કાંટાની વાડ વચ્ચેથી પાછલી બાજુ નીકળીને નાઠા. હાથી સામે બળ કરતાં જે શ્રમ પડેલો ને વાડમાંના જે અસંખ્યા કાંટા એમના શરીરમાં ભોંકાએલા એની પીડાથી લોહી નીંગ-ળતા શરીરે એ બેશુદ્ધ થઈ ઢળી પડ્યા. જાગ્યા ત્યારે ઑસ્પિટલમાં હતા.

સાજા થઇને આવ્યા પછી પણ દામુએ તંત છોડ્યો નહિ. એમણે એ જ હાથીને પોતાની સર્વોપરીતાનું ભાન તો કરાવી જ દીધું અને એની જ પાસે સરકસના ખેલો પણ કરાવ્યા. સાથેસાથે લોભી ને સ્વાર્થી ઈસાકો-ને એમણે ગળે ઉતાર્યું કે આ હાથી ગમે ત્યારે દગો દઈ કોઈને મારી નાખશે તો એની જવાબદારી તમારા પર આવશે, માટે એને વેચી નાખો. અને અંતે ઈસાકોએ એ સ્વીકાર્યું. એ હાથીએ દામુને પહોંચાડેલી ઈજા-ઓનાં નિશાન આજે યે દામુના શરીર પર જોઈ શકાય છે.

શાળાના શિક્ષણ સુધ્ધાંથી યે વંચિત રહેલા દામુએ પોતાનું ઘડતર આપસૂઝથી કરવાનું હતું. સરકસમાં તેઓ બીજા ખેલાડીઓ પાસેથી મરાઠી, હિંદી અને અંગ્રેજી શીખતા. શાળામાંથી હમેશાં નાસી જતા એ છોકરાને ભાન થઈ ગયું હતું કે વિદ્યા વિના ઉદ્ધાર નથી. વિદ્યા અને પ્રવાસ વડે તેમની દૃષ્ટિ વિશાળ બની અને આ વિશાળ દેશ પણ પછી એમને નાનો જણાવા લાગ્યો. અખંડ હિંદુસ્તાનના તો હવે બધા પ્રદેશોમાં એમણે પોતાનાં પરાક્રમો વડે પ્રેક્ષકોને મુગ્ધ કર્યા હતા. હિંદુસ્તાનની બહાર એશિયાના કેટલાક દેશો પણ જોયા હતા, પણ માણસ જો સંતોષ માનીને બેસી રહે તો તેની પ્રગતિ અટકી જાય. હવે એમને યુરોપ-અમેરિકામાં પોતાનાં પરાક્રમો બતાવવાની તાલાવેલી જાગી. એ માટે તેઓ વિદેશો સાથે પત્રવહેવાર કરવા લાગ્યા.

હાલ ફ્રાન્સમાં રહેતા આલ્ફ્રેડ કોર્ટ આજે તો અતિવૃદ્ધ માણસ છે, પણ એક કાળે યુરોપ-અમેરિકામાં તેમણે જંગલી જાનવરોના ખેલાડી તરીકે નામના કાઢેલી. દામુના પત્રો ને એની જીવનઝરમર પરથી જ તેમણે એમનું દૈવત પારખી લીધું. તેમણે દામુને ફ્રાન્સ તેડાવ્યા. ત્યાંથી બંને બ્રિટન ગયા. પણ ત્યાં તો બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. પરંતુ એથી પીછે કદમ કરવાને બદલે બંને અમેરિકા પહોંચ્યા. પ્રગતિની સાથે દામુની મહત્ત્વા-કાંક્ષા પણ વધતી જતી હતી. કુમાર વયે સરકસમાં જોડાવા ધાર્યું ને એમાં સફળતા મેળવી; આખા હિંદનો ને પછી એશિયાના બીજા દેશોનો અનુભવ લીધો; પછી યુરોપ પહોંચ્યા; અને હવે પોતાની યશસ્વી કારકિર્દીની પરા-કાષ્ટાએ પહોંચવા અમેરિકાનાં રિંગલિંગ સરકસમાં જોડાવા અધીરાઈ જાગી.

દુનિયા આખીના સરકસના પરાક્રમી ખેલાડીઓની એ ઝંખના રહી છે કે પોતાને રિંગલિંગમાં જોડાવાની તક મળે. દામુને એ તક મળી. અને જ્યારે ન્યૂ યૉર્કના મેડિસન સ્કવેર ગાર્ડનમાં દામુ આભૂષણો ને રજવાડી ઠાઠથી શોભતા 'પ્રિન્સ દામુ ઑવ ઇંડિયા'ના પાઠમાં પોતાનાં હિંસક પ્રાણીઓના જૂથ સાથે પ્રેક્ષકો સામે મોહક સ્મિત વેરતા અખાડામાં ઉપસ્થિત થયા ત્યારે અમેરિકન પ્રેક્ષકો આ નવતર ખેલાડીને કુતૂહલથી જોઈ રહ્યા. દામુએ પોતાના ખેલ શરૂ કર્યા અને એમની ચતુરાઈ, હિંમત ને જંગલી પ્રાણીઓ પરનો એમનો કાબૂ જોઇને થોડી જ વારમાં પ્રેક્ષકોએ હર્ષના આવેશમાં તાળીઓનો ગડગડાટ વરસાવી એમને વધાવી લીધા.

તે દિવસે દામુએ પોતાના જીવનનું સાર્થક્ય અને મહત્ત્વાકાંક્ષાની તૃપ્તિ અનુભવ્યાં. તેમને પોતાનો દેશ યાદ આવ્યો, પોતાનું ગામ યાદ આવ્યું, પોતાની મા યાદ આવી. પણ પુત્રની આ ઝળહળતી ફતેહ જોવા કે એના વિષે સાંભળવા પણ એ બીચારી હયાત નહોતી. એ ગામ અને એ દેશ છેક પૃથ્વીને બીજે છેડે હતાં; અને એ મા ને એ દેશનો પુત્ર આજે દુનિયાને બીજે છેડે અમેરિકનોને પોતાનાં પરાક્રમોથી મુગ્ધ કરી રહ્યો હતો. હર્ષ ને શોકનાં આંસુ ત્યારે એની આંખમાં ઊભરાઈ રહ્યાં હતાં.

જેમાં કામ કરવાની દામુને મહત્ત્વાકાંક્ષા હતી એ રિંગલિંગ સરકસ-ની વિશાળતાનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. 'રિંગલિંગ બ્રધર્સ ઍન્ડ બાર્નમ ઍન્ડ બેઈલી' એ એનું પૂરું નામ. ટૂંકમાં તે રિંગલિંગ કહેવાતું. એ સરકસ નહિ પણ એક નાના નગર જેવું હતું, જેમાં રોજ ૪૬૦૦ માણસો જમતાં હતાં. સેંકડો શ્રેષ્ઠ ખેલાડીઓ તેમાં કામ કરતા અને અનેક જાતનાં સેંકડો પ્રાણીઓ તેમાં હતાં. આવા સૌથી મોટા સરકસમાં અને દેશદેશાવરમાંથી આવેલા શ્રેષ્ઠ ખેલાડીઓ વચ્ચે, રંગનો ભેદભાવ રાખતા અમેરિકનો વચ્ચે, હિંદુસ્તાનના એક શામળા માણસે મોખરે આવવું એ કેવું કઠિન કામ હશે! જેનાં જાનવરો માટે એક મોસમમાં સાડા ત્રણ લાખ રતલ માંસ અને દોઢ હજાર ટન ઘાસ જોઈતું, જેના સરસામાનનું વજન ૭૯,૦૦૦ ટન હતું, જે એક મોસમમાં ૨૦,૦૦૦ માઈલની સફર ખેડતું, ૯૦ ડબાવાળી જેની પોતાની જ એક ટ્રેઈન અને ૬૬ મોટર-ખટારા હતા, એ વિશાળતમ સરકસ રિંગલિંગમાં દામુએ અગ્રગણ્ય સ્થાન મેળવ્યું એ બીના ખેલ જોવા સિવાય બાકી સરકસની દુનિયાથી અજાણ વ્યક્તિને સમજવી પણ કદાચ મુશ્કેલ પડશે.

દામુના જીવન-ઘડતરમાં થોડી વ્યક્તિઓનો ઓછોવત્તો ફાળો જરૂર છે, પણ સમગ્રપણે તો તે આપબળે જ આગળ આવ્યા છે. પોતાના ક્ષેત્ર-માં ટોચ પર પહોંચવાની એમની મહત્ત્વાકાંક્ષા હતી ને એ સિદ્ધ કરી. જૉન રિંગલિંગે પોતાના સરકસની કથામાં લખ્યું છે કે, 'દર વર્ષે નવાનવા ખેલ રજૂ કરવામાં અમને ઘણો આનંદ આવતો હતો. અમે જ્યારે આલ્ફ્રેડ કોર્ટ અને દામુ ધોત્રેના હિંસક પ્રાણીઓના ખેલ રજૂ કર્યા ત્યારે એ પ્રસંગ અમારા માટે મોટા ગૌરવનો પ્રસંગ હતો.' રિંગલિંગે લખ્યું છે કે 'આલ્ફ્રેડ કોર્ટ દુનિયામાં હિંસક પશુઓના શ્રેષ્ઠ શિક્ષક હતા એ ખરું, પણ કોર્ટે પોતે પણ સ્વીકાર્યું છે કે દીપડા જેવા દગાખોર પ્રાણીને (અનુ. પૃ. ૩૦)

કવિ ભાસ રચિત

મધ્યમ વ્યાયોગ

એકાંકીનું વાર્તાંતર મધુસૂદન પારેખ

વૃદ્ધ બ્રાહ્મણ કેશવદાસ પોતાની પત્ની અને ત્રણ પુત્રો સાથે ગાઢ અરણ્યપ્રદેશમાંથી ત્વરિત ગતિએ પસાર થઈ રહ્યો હતો. એના મામાના પુત્રને ત્યાં જનોઈનો શુભ અવસર હતો. એના મનમાં એ વાતનો ઉમંગ હતો; પરંતુ સાથે કંઈક ફફડાટ પણ હતો. આશંકાથી એનું હૃદય આકુળ હતું. એ વન રાક્ષસોનું નિવાસસ્થાન હતું. હિડિમ્બાનો પુત્ર ઘટોત્કચ આ વનમાં સામ્રાજ્ય ભોગવતો હતો. બ્રાહ્મણે ગતિ વધારી, પરંતુ ભાગ્યવશાત્ ઘટોત્કચ વૃક્ષોની ગીચ ઝાડીમાંથી તેની સામે ધસી આવ્યો. સૂર્યનાં કિરણો જેવા ચળકતા અને વેરવિખેર તેના કેશ હતા, પાણીદાર વિશાળ પીળીચટ બે ગ્રહો જેવી તેની આંખો હતી, હાથીના દાંત જેવા એના દાંત બહાર નીકળેલા હતા. હળ જેવું એનું નાક હતું. હાથીની સૂંઢ જેવા હાથ હતા. એને જોતાં જ સૌના હોશકોશ ઊડી ગયા. બ્રાહ્મણી ભયથી વ્યાકુળ બની બાવરી આંખે પતિને પૂછી રહી: 'આ કાળ જેવો કોણ આપણી સામે આવે છે?' એટલામાં તો ઘટોત્કચ તેમની સાવ સન્મુખ આવી ઊભો. તેમનો ગભરાટ જોઈ મૃદુ વાણીમાં કહેવા લાગ્યો: 'રે બ્રાહ્મણ! ઊભો રહે નાસી જઈશ નહિ.'

એની વાણીમાં વિનય જોઈ બ્રાહ્મણ વિચારમાં પડયો. એણે સૌને થોભી જવા ઈશારત કરીને કહ્યું: 'આની વાણી કઠોર નથી; રહસ્યમય છે.' ઘટોત્કચ સમજાવટથી તેમને કહેવા લાગ્યો: 'બ્રાહ્મણો સર્વત્ર પૂજ્ય છે, પરંતુ મારી માતાની આજ્ઞા છે એટલે મારે કઠોર કર્તવ્ય બજાવવું પડશે.'

બ્રાહ્મણ જડવત્ બની ગયો. બ્રાહ્મણી ગભરાટથી કહેવા માંડી: 'આપણે બૂમો પાડીએ...' એ સાંભળી મોટો પુત્ર નિરાશાથી કહે: 'પર્વતોથી છવાએલા આ ગાઢ વનપ્રદેશમાં આપણી બૂમ સાંભળશે કોણ? આ વનમાં માત્ર મનસ્વીઓ જ વસવાટ કરે છે.'

પુત્રનાં આ વચન સાંભળી બ્રાહ્મણ જરા ચકિત થયો. તેની આંખોમાં નવું તેજ આવ્યું. 'મનસ્વી' શબ્દ સાંભળતાં જ એને કશુંક સ્મરણ થઈ આવ્યું. એ ઉત્સાહથી તત્કાળ બોલી ઊઠયો: 'હું માનું છું ત્યાં સુધી પાંડવોનો આશ્રમ આ પ્રદેશમાં—આટલામાં જ ક્યાંક છે. એ મનસ્વીઓ જરૂર આપણી જીવનરક્ષા કરશે.'

મોટો પુત્ર ખેદથી કહેવા લાગ્યો: 'પિતાજી, આપણે દુર્ભાગી છીએ. પાંડવોનો આશ્રમ નજીકમાં છે એ વાત સાચી, પણ તેઓ ધૌમ્ય ઋષિના આશ્રમમાં યજ્ઞમાં ગયા છે. એમના આશ્રમમાંથી આવેલા એક બ્રાહ્મણે મને આ સમાચાર આપ્યા હતા.' બ્રાહ્મણનો ઉત્સાહ ઓસરી ગયો. તે હતાશ બની ગયો: 'ત્યારે તો મૃત્યુ એ જ નિર્માણ છે...'

એકાએક મોટા પુત્રને કંઈક સૂઝ્યું હોય તેમ તે બોલી ઊઠયો: 'અરે, હા; પાંડવો આશ્રમની રક્ષા માટે મધ્યમ ભીમસેનને મૂકી ગયા છે...'

એકદમ ફરી બ્રાહ્મણનું મુખ જીવનના નવા પ્રકાશથી ઝળકી ઊઠયું: 'સાચે જ! ભીમસેન બધા પાંડવોની ગરજ સારે તેમ છે. એ હોય પછી ચિંતાનું કોઈ કારણ નથી.' ત્યાં તો જ્યેષ્ઠ પુત્રે મુશ્કેલી પ્રગટ કરી: 'પિતાજી, ભીમસેન આશ્રમ સંભાળે છે ખરા, પરંતુ મારા સાંભળ્યા પ્રમાણે તે આ સમયે વ્યાયામ માટે દૂરના પ્રદેશ સુધી ગયા છે.'

બ્રાહ્મણે જીવનની આશા મેલીને રાક્ષસને આર્દ્ર વિનંતી કરવા માંડી. ઘટોત્કચ બ્રાહ્મણ કુટુંબની ભયવ્યાકુળ અવસ્થાથી અને એમની કરુણ વિનવણીથી પીગળ્યો. તેણે બ્રાહ્મણને કહેવા માંડ્યું: 'એક ઉપાય છે છૂટવાનો;—મારી માતાએ ઉપવાસનાં પારણાં કરવા માટે વનમાંથી એક માનવને પકડી લાવવાની આજ્ઞા કરી છે. તું તારો ગમે તે એક પુત્ર મને સોંપી દે. પછી તમે બધાં છૂ...ટાં!'

આ શરત સાંભળીને બ્રાહ્મણ શોક અને રોષથી આવેગમાં આવી ગયો: 'દુષ્ટ રાક્ષસ! મને જીવતદાન આપીને તું મારા પુત્રને ભક્ષાહાર તરીકે માગે છે? હું શું બ્રાહ્મણ નથી? ભક્ષાહાર માટે યોગ્ય નથી? હું વિદ્યમાન રહી મારો પુત્ર તને સોંપી દઉં તો મારા જેવો પાપી કોણ?'

બ્રાહ્મણની ઉગ્ર વાણી સાંભળી ઘટોત્કચે છેલ્લી ચેતવણી ઉચ્ચારી: 'એક પુત્ર નહિ સોંપે તો આખું કુટુંબ નાશ પામશે.'

વૃદ્ધ બ્રાહ્મણના મુખ પર નિરાશા છવાઈ ગઈ. એ ફરી તેને વિનવી રહ્યો: 'તું મારો સ્વીકાર કર, હું મારું જીવન હોમી દેવા તત્પર છું.'

બ્રાહ્મણનો આવો નિશ્ચય જાણી એની પત્ની કંપી ઊઠી: 'ના, ના, એમ નહિ. હું પતિવ્રતા છું. મારા પતિનો નહિ, મારો તું ભક્ષાહાર માટે સ્વીકાર કર.' ઘટોત્કચે તેની વિનંતી એકદમ નકારી કાઢી: 'મારી મા સ્ત્રીનો આહાર કરતી નથી.'

વૃદ્ધ ફરી પોતાનું બલિદાન આપવા તત્પર થયો; પણ ઘટોત્કચે તેને આઘો હડસેલ્યો: 'તું ઘરડો...તું કામનો નહિ!'

માતાપિતા વચ્ચે કાળના મુખમાં ધસવા માટેની આવી સ્પર્ધા જોઈ જ્યેષ્ઠ પુત્રનું હૃદય ઊભરાઈ આવ્યું. એકદમ એ વચમાં ધસી ગયો: 'મારા પ્રાણનો સ્વીકાર કરો. મારાં માતાપિતાનું રક્ષણ કરો.'

મોટા ભાઈને પ્રાણાર્પણ માટે ઉત્સુક જોઈ મધ્યમ-વચેટ ભાઈ એકદમ પોકારી ઊઠયો: 'કુટુંબમાં જ્યેષ્ઠ તે જ શ્રેષ્ઠ પુત્ર ગણાય છે. પિતૃઓને પણ તે પ્રિય હોય છે. માટે એને મુક્ત કરો; હું મૃત્યુ માટે તૈયાર છું.' નાનો ભાઈ પણ બધાંની મુક્તિ માટે આત્મસમર્પણ કરવા ઉત્સુક બની રહ્યો.

ઘટોત્કચ આ સર્વની સ્પર્ધા નિહાળી રહ્યો હતો. ત્યાં જ બ્રાહ્મણે નિર્ણય જણાવ્યો: 'જ્યેષ્ઠ પુત્રને મૃત્યુમુખે મોકલવાનો મારો જીવ નથી.'

એકદમ બ્રાહ્મણી વચમાં બોલી ઊઠી: 'તમને જ્યેષ્ઠ પુત્ર વહાલો છે તો કનિષ્ઠ પુત્ર મને વહાલો છે. એનો વિયોગ મારાથી નહિ વેઠાય.'

માતાપિતાનો બંને ભાઈઓ વિષેનો નિર્ણય જાણી પળભર મધ્યમ પુત્ર વિચારમાં ડૂબી ગયો. પણ તત્કાળ એ આગળ આવી ઉદ્ગાર કરી રહ્યો: 'માતાપિતાને અનિષ્ટ એવો હું કોને ઇષ્ટ બનીશ?'

'મને—મને ઇષ્ટ બનીશ. ચાલ મારી સાથે'. બ્રાહ્મણ કુટુંબના વિલાપ અને કકળાટથી ત્રાસેલો ઘટોત્કચ ઉમળકાથી તેને આવકારી રહ્યો.

મધ્યમે પિતાને પ્રણામ કર્યા. એમના આશીર્વાદ લીધા, એ માતાનાં ચરણમાં પડયો. ગદ્ગદ કંઠે માતાએ આશિષ દીધી: 'ચિરંજીવ'. ભાઈઓને પણ તે ભાવથી ભેટયો. છેલ્લે પરલોક જતાં પહેલાં તેણે પાસેના સરોવરમાંથી જળ પીવાની ઇચ્છા પ્રગટ કરી. ઘટોત્કચ રઘવાટમાં હતો, તેની માતા ભોજન માટે ભક્ષની વાટ જોતી બેઠી હશે એ વિચારે તે અધીરો થયો હતો; છતાં મધ્યમની છેલ્લી વિનંતી નકારવાનો તેનો જીવ ચાલ્યો નહિ. તેણે પાણી પીને સત્વરે પાછા ફરવાની મધ્યમને સૂચના આપી. મધ્યમ ગયો અને એનો પિતા પોક મૂકીને વિલાપ કરી રહ્યો.

ઠીક ઠીક સમય વીત્યો પણ મધ્યમ પાછો આવ્યો નહિ. ઘટોત્કચની અધીરાઈ વધી ગઈ. એણે પેલા બ્રાહ્મણને તાકીદ કરી: 'એય, તારો પુત્ર હજુ કેમ આવ્યો નહિ? બૂમ પાડીને બોલાવ એને.' પણ બ્રાહ્મણ કશું બોલી શકયો નહિ. તેની વ્યાકુળ અવસ્થા જોઈ ઘટોત્કચે પોતે જ બૂમ પાડવા માંડી: 'મધ્યમ! રે મધ્યમ!' એની બૂમના પડઘા આખા વનમાં ગાજી રહ્યા. એ સમયે ભીમસેન આસપાસ ભ્રમણ કરતો હતો. તેના કાન સરવા થયા. ફરી ઘટોત્કચનો અવાજ ગાજી રહ્યો: 'મધ્યમ! રે મધ્યમ!'

ભીમસેન વિચારમાં પડયો: 'આમ બૂમો પાડીને મને કોણ બોલાવે છે?' એ વેગથી અવાજની દિશામાં ધસ્યો. સામે જ તેણે રાક્ષસને

ઊભેલો જોયો. તેનો કદાવર આકર્ષક વાન જોઈ ભીમ ચકિત થઈ ગયો! સિંહ જેવું એનું મુખ, મદિરા જેવી આંખો અને વિશાળ છાતી તથા વિખરાએલા વાળ જોઈ ભીમ મુગ્ધ બની ગયો. એના અંતરમાં ઉમળકા ઊછળવા માંડ્યા. એને થયું; 'આ સાચે જ રાક્ષસ નથી લાગતો; રાક્ષસીથી જન્મેલો કોઈ વીર નાયકનો પુત્ર લાગે છે.'

ત્યાં ફરી ઘટોત્કચે સાદ કર્યો: 'રે મધ્યમ!'

એકદમ ભીમસેન આગળ આવ્યો: 'અરે, હું આવી પહોંચ્યો છું, શા માટે મને પોકારી રહ્યો છે?'

ભીમસેનના સશક્ત ઘાટીલા દેહને જોઈ ઘટોત્કચ પણ થોડી ક્ષણ સ્થિર થઈ ગયો. આ અજાણ્યા માનવને જોતાં વાર એના ચિત્તમાં અવનવાં સ્પંદનો જાગ્યાં. એણે કહ્યું: 'હું તને નહિ, મધ્યમને પોકારું છું.'

'અરે પણ હું જ મધ્યમ છું—મારા ભાઇઓમાં હું વચેટ છું.'

ભીમનાં આ વચનો સાંભળી વૃદ્ધ બ્રાહ્મણ ચેતી ગયો. એકદમ એ ભીમ પાસે પહોંચી ગયો: 'હે મધ્યમ, તારી જ ઝંખના હું ક્યારનો કરી રહ્યો હતો. બ્રાહ્મણ કુટુંબની રક્ષા કર.'

એટલામાં એનો મધ્યમ પુત્ર પણ આવી પહોંચ્યો. ઘટોત્કચ કહે: 'આ જ મધ્યમ! હવે ચાલ મારી સાથે' આમ કહી મધ્યમને લઇને એ જતો હતો ત્યાં ભીમસેને એને રોક્યો: 'અરે, આ બ્રાહ્મણને શા માટે સંતાપે છે? ચંદ્રને ગળી જનાર રાહુ જેવો તું છે કોણ? એને છોડી દે.'

ઘટોત્કચે મધ્યમને છોડવાની દૃઢતાથી ના પાડી. ભીમ એની દૃઢતા નીરખી રહ્યો. એના પર વહાલ ઊભરાયું: 'આ કોનો પુત્ર હશે? એને જોઇને મને અભિમન્યુ સ્મરણમાં આવે છે; ને રૂપરંગ જોતાં આત્મીય ભાસે છે.' ફરી એણે તેને પડકાર્યો: 'કહું છું. એને જવા દે!'

'કદી નહિ. મારા પિતા અહીં આવીને આદેશ આપે તો ય આને નહિ છોડું. મારી માતાની આજ્ઞાથી મેં એને પકડ્યો છે.'

'કોણ છે તારી માતા?' 'હિડિમ્બા.'

એકદમ ભીમસેનના મુખ પર આનંદનો ઝળહળાટ વ્યાપી ગયો: ઓહો! ત્યારે તો મારો જ પુત્ર ઘટોત્કચ! એનામાં શૌર્ય ને ગૌરવ ન હોય તો જ નવાઈ. પિતૃઓનું સત્ત્વ એનામાં ઝળકે છે. પણ એનામાં ક્રૂરતા ક્યાંથી આવી? એણે બ્રાહ્મણને કહેવા માંડ્યું: 'તમે તમારા પુત્રને લઈને વિદાય થાઓ. હું આની સાથે જઈશ.' એમ કહી તે પુત્રની કસોટીનું પારખું કરવા કહેવા માંડ્યો: 'જો વત્સ! હું આપમેળે તારી પાછળ આવવાનો નથી. તારામાં શક્તિ હોય તો બળાત્કારે મને લઈ જા.'

ઘટોત્કચને ચીડ ચડી: 'તું હજુ મને ઓળખતો નથી!'

ભીમસેન હળવાશથી કહે: 'મારે મન તું પુત્રવત્ છે.'

એકદમ ઘટોત્કચ છંછેડાયો: 'હું શું તારો પુત્ર...?'

ભીમસેને એ જ હળવાશથી ઉત્તર દીધો: 'અરે, રોષ શા માટે કરે છો? ક્ષત્રિયોને સહુ પુત્રવત જ હોય.' ઘટોત્કચ તિરસ્કારથી હસ્યો: 'હત્!...અંતે ડરી ગયોને? ભય લાગ્યો ને?'

ભીમસેન એની મજાક કરવા લાગ્યો: 'અરે ભય કેવો હોય? મેં તો ભય જોયો જ નથી!' આવાં ઉપહાસવચનો સાંભળીને ઘટોત્કચ ખૂબ ક્રોધમાં આવી ગર્જના કરી રહ્યો: 'ઊભો રહે! હમણાં જ તને ભયનો સ્વાદ ચખાડું છું. ચાલ શસ્ત્ર ગ્રહણ કર.'

'શસ્ત્ર? મારો જમણો હાથ એ જ શસ્ત્ર!' ભીમે ઠંડે કલેજે ઉત્તર દીધો.

ઘટોત્કચને આ માનવીનો ગર્વ ખૂબ ખૂંચ્યો: 'તું મારા પિતા ભીમસેનના જેવાં વચનો બોલે છે!'

ભીમસેન તેનો ઉપહાસ કરતાં કહે: 'અરે, પણ તારો એ ભીમસેન છે કોણ? એ શિવ છે, કૃષ્ણ છે, ઇન્દ્ર છે, યમ છે?—કોણ છે?'

'એ સર્વ દેવતાઓ જેવો છે.'

'સાવ જૂઠી વાત.' ભીમસેન હસવા લાગ્યો.

'અરે? મારા પિતાનું અપમાન કરે છે? એમ રોષથી ગર્જના કરી ઘટોત્કચે એનો ગર્વ ઉતારવા એક ઝાડ ઉખાડીને તેના પર ફેંક્યું. ભીમસેને રમતમાં તે ઝીલી લીધું ને ફેંકી દીધું. ઘટોત્કચે અત્યંત ક્રોધથી પર્વતનું શિખર ઊંચક્યું: 'આ શિખર તારા પ્રાણ હરશે.'

ભીમ તેનો ઉપહાસ કરતાં કહે: 'જંગલી હાથી ગમે તેટલો ગુસ્સે થાય પણ વનના વાઘને હણી શકતો નથી.'

ઘટોત્કચે બળપૂર્વક ભીમસેન પર શિખરનો પ્રહાર કર્યો. ભીમસેને એ શિખર હડસેલી નાખ્યું. શિખરના ટુકડા થઇ ગયા!

ઘટોત્કચ થોડી ક્ષણ દિગ્મૂઢ થઈ ગયો, અને પછી ત્વરાથી તે ભીમસેન તરફ ધસ્યો અને પોતાના બાહુપાશમાં તેને બળપૂર્વક પકડ્યો. ભીમસેન પુત્રના શૌર્યની મનમાં જ પ્રશંસા કરી રહ્યો અને સ્વગત ઉચ્ચરી રહ્યો: 'દુર્યોધન, સાવધ રહેજે. તારો શત્રુપક્ષ બળવાન બનતો જાય છે.' અને થોડીક જ પળોમાં તે પુત્રની પકડમાંથી મુક્ત થઈ ગયો.

ઘટોત્કચ આશ્ચર્યથી તેને જોઈ જ રહ્યો. તેણે એકદમ મંત્રોચ્ચાર કરી માયાપાશમાં ભીમસેનને દૃઢપણે બાંધ્યો. પણ ભીમસેને પોતાની મંત્રશક્તિથી એ માયાપાશને પણ નિષ્ફળ બનાવી દીધો. વીર ઘટોત્કચ ઝંખવાઈ ગયો. એનો ગર્વ ખંડિત થઈ ગયો. એણે ભીમસેનને વિનંતી કરી: 'તેં મારી સાથે હમણાં શરત કરી હતી તે યાદ કર.–તું મારી પાછળ ચાલ.' ભીમસેન મુખ મલકાવીને કહે: 'ભલે.'

ભીમસેનથી અભય પામેલું બ્રાહ્મણકુટુંબ પણ એ બંનેની પાછળ પાછળ ગયું.

બંને હિડિમ્બાના આવાસસ્થાને આવ્યા. ઘટોત્કચે ભીમને બહાર ઊભો રાખી માતાને અંદર જઈ વાત કરી: 'મા, તારા આહાર માટે માણસ લાવ્યો છું. પણ એના જેવો અદ્ભુત માણસ મેં બીજો જોયો નથી.'

હિડિમ્બા ચકિત થઈ: 'એ બ્રાહ્મણ છે?' 'ના.'

'ઘરડો છે?' 'ના.'

'ત્યારે કેવોક છે?' એમ કહેતી હિડિમ્બા ઘરની બહાર આવી અને એકદમ આનંદ અને આશ્ચર્યચકિત થઇ બોલી ઊઠી: 'રે ઘટોત્કચ! તું આમને લઈ આવ્યો છે?' માતાનો મુખભાવ જોઈ ઘટોત્કચ મૂંઝવણમાં પડી ગયો: 'હા મા, એ કોણ છે?'

'અરે ઉન્મત્ત! એ તો આપણું મહાભાગ્ય છે.' હિડિમ્બા ઊભરાતા ઉમળકાથી બોલી રહી. એકદમ ભાવપૂર્વક તે ભીમસેન તરફ ધસી અને તેનાં ચરણોમાં નમી પડી. તેની આંખો હર્ષાશ્રુથી ઊભરાઈ ગઈ અને ઘટોત્કચને તેણે આજ્ઞા કરી: 'અરે ઉન્મત્ત! તારા પિતાને પ્રણામ કર.'

ઘટોત્કચ ભીમસેનને પ્રણામ કરવા ગયો. ભીમ તેને ઉમળકાથી ભેટી રહ્યો. હિડિમ્બા ભીમસેનની સામે મીટ માંડી ઊભી રહી. ભીમસેને બ્રાહ્મણકુટુંબના સંદર્ભમાં સૂચક દૃષ્ટિએ તેની સામે જોયું: 'આ શું દેવી હિડિમ્બા?'

હિડિમ્બાએ તેની પાસે સરી તેના કાનમાં કશાક શબ્દો ઉચ્ચાર્યા: 'સમજ્યા? આ બધું એ માટે જ.' ભીમસેન ઉમંગથી તેનું અભિવાદન કરી રહ્યો: 'દેવી! તું જાતિથી જ રાક્ષસી છે, કર્મથી નહિ.'*

કેશવદાસ અને તેની પત્ની તથા પુત્રો આ મંગલ દૃશ્ય જોઇ રહ્યાં. તેમણે ભીમસેનને હૃદયના આશીર્વાદ દીધા. ભીમસેન અને હિડિમ્બા તથા ઘટોત્કચ એ બ્રાહ્મણ કુટુંબને આદરભાવપૂર્વક આશ્રમના દરવાજા સુધી વળાવી આવ્યાં.

*વસ્તુતઃ હિડિમ્બા કોઈ મનુષ્યનું ભક્ષણ કરવા ઇચ્છતી જ નહોતી. પાંડવો મહર્ષિ ધૌમ્યના આશ્રમમાં ગયા છે અને હજી ત્યાં જ રોકાયા છે એ જાણીને ભીમના દર્શનની ઇચ્છાથી એણે આ પ્રપંચ રચ્યો હતો.

જીવનપટના સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક

—૧૧૭—

૫૮૫ 'કુમાર'ના વાંચનારને

'કુમાર'ના પહેલા અંકમાં પ્રથમ પાને જ મેં મારું (નીચેનું) નિવેદન પ્રકટ કર્યું હતું; તે આજના વાચકોને પણ વિચાર કરતા કરશે એવી મને ખાતરી છે:

'સુભાગી આત્મા, આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનિયાના વહેવાર જેવો એ સંબંધ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એક નવીન પ્રવૃત્તિ છે.



ગુજરાત કલાપ્રવર્તક મંડળના કલા-પ્રદર્શનનું પોસ્ટર (રવિશંકર રાવળ)

જગતના દીપોત્સવમાં દેશદેશનાં માનવીઓ આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઊભા રહેશે? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર્ય, પ્રેરણા અને સંસ્કાર ગુજરાતના કુમારોમાં પૂરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ તે તો ભવિષ્યનું અમારું કાર્ય બતાવશે.

ગુજરાતમાં પુખ્ત બુદ્ધિનાં માણસો માટે જ્ઞાનસામગ્રી ભરી છે, પણ ઊગતી પ્રજાને જીવનદૃષ્ટિ આપતી સામગ્રી પૂરવાનો આ નમ્ર પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મદર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણ પોષતી પ્રસાદીઓ, કલાની રસભરી પ્રેરક કલાકૃતિઓ, કુદરતની ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનિયાની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદવાનીઓ, આ સૌ શોધી-સુધરી કે માગી આણીને પણ સુંદર નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પૂરો કરવા, પૂરાં સાધન-શક્તિ અમારી પાસે નહિ હોય, પણ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઈષ્ટ છે, એવાં સંસ્કારી ચિત્ત અમારી તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

છેવટે અમારી એટલી જ પ્રાર્થના છે કે અમારી ભૂલો પર ચર્ચા ભલે કરજો, પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.'

૫૮૬ મરુભૂમિમાં ઉદ્યાનની આશા!

ઇંગ્લૅંડ-અમેરિકાનાં યુવા જગતનાં પત્રો જોઈ અમે માન્યું હતું કે તેના પગલે આપણા દેશમાં જે નવા સ્વરૂપનું પત્રકારત્વ આવતી કાલ માટે સર્જીશું તેને શાળાઓ, વાલીઓ અને પત્રકારો વધાવી સમૃદ્ધ કરી દેશે. પત્રકાર મિત્રોએ તેની નવીનતા તો વખાણી, પણ અમારી અંતરની ઊર્મિઓ સમજી જે ચિત્રભૂષિત જ્ઞાન અને સંસ્કાર અમે આપવા ધાર્યાં હતાં તેનું મૂલ્યાંકન તેઓ પ્રજા પાસે મૂકી શક્યા નહોતા. વિદ્વત્તા ને સાક્ષરતા જ માત્ર એ યુગનાં આરાધ્ય તત્ત્વો હતાં. વિજ્ઞાન, પ્રવાસ, સાહસ, સંશોધન, વિશ્વદર્શન કે નુસખા-ટુચકા, ફોટોગ્રાફી એ માત્ર શોખના કે ફુરસદના વિષય ગણાતા એટલે આ નવા માસિક માટે જૂના જગતના રીઢા શિક્ષણકારો, કેળવણી-સંચાલકો અને સંસ્થાઓએ તે પ્રતિ તટસ્થતા કે ઉદાસીનતા સેવી હતી; પણ ખૂણે ખૂણે સળવળતા યુવાન આત્માઓ, પ્રયોગકારો અને રૂઢિચુસ્ત કેળવણીથી કાયર થએલા કઈક વિદ્યાર્થીઓ અને યુવકોના પ્રાણ સચેત થતા અમે જોઈ શક્યા. વાલીઓ તો પોતાનાં બાળકો માટે સ્વતંત્ર વાચન કે માસિકની ભાગ્યે જ કલ્પના કે ગણનાપાત્રતા સ્વીકારતા.

આવો એક અનુભવ હું વીસરી શક્યો નથી. 'કુમાર'નો પહેલો અંક બહાર પડયો અને અમે ત્રણ-ચાર જણાએ ઘરમાં જ સરનામાં તથા પૅકિંગ કરી પોસ્ટમાં રવાના કર્યા પછી પણ તેની નકલોનો થોકડો પડયો જ હતો. એટલે તેના પ્રચાર માટે મેં મુંબાઇને મારું પ્રથમ લક્ષ્ય કર્યું. મને મનમાં ઊંડી આશા હતી કે હાજીનું 'વીસમી સદી' બંધ પડયું તેના સ્મારકનો ધક્કો પણ મેં ખમી લીધો એટલે મારા આ નવા પ્રસ્તાવમાં અનેક જણ સાથ આપશે. હું કશું મફત કે દાન કે ફાળો માગવાનો જ નહોતો. આ નવા માસિકના આરંભ માટે વાર્ષિક છ જ રૂપિયા અને તેના બદલામાં પણ બાર સચિત્ર અંકોનું જોખમ મારા વચન ખાતર પણ તેઓ સરળતાથી પાર પાડી આપશે એવી મારી આશા હતી.

સાન્ટાક્રુઝવાસી મારા પરમ મિત્ર ચુનીભાઈ ઘોડી ત્યાંના નિવાસીઓમાં બહુ આદરપાત્ર વ્યક્તિ ગણાતા. તેમણે જ મને હોંશથી કહ્યું: 'કાલે સવારે સાન્ટાક્રુઝમાંથી પચીસ-પચાસ ગ્રાહકો 'આમ' કરાવી દઉં.' બીજે દિવસે સવારે હું તેમની સાથે નીકળ્યો અને નજીકના એક બંગલામાલિક શેઠ મિત્રને ત્યાં અમે ગયા. ચુનીભાઈ તો રાજની સહેલાણી રીતથી શેઠને કહેવા લાગ્યા: 'તમે જરા રૂપિયા છ કડવા કરી આપો. આ મારા મિત્ર 'વીસમી સદી'વાળા રવિભાઈ રાવળે વિદ્યાર્થીઓ માટે 'કુમાર' માસિક શરૂ કર્યું છે. તમારે તે લેવું જ પડશે.'

'શું છે? લાવો જોઈએ.' કહી શેઠ મેં ધરેલો 'કુમાર'નો પહેલો અંક હાથમાં લઈ પાનાં ફેરવી કહે: 'આટલાં જ પાનાં ને છ રૂપિયા લવાજમ?'

મેં કહ્યું: 'રંગીન પ્લેટ છે, રંગીન પૂઠું છે, ચિત્રો છે, તે પણ જુઓ.'

'અરે, બ્લૉક અને ચિત્રો પાછળ ખર્ચ કરો એટલે વાંચવાનાં પાનાં ઓછાં મળે ને? આ લ્યો, તમારું રંગીન પાનું ફાડી લ્યો; શો ખર્ચ આવે?'

મેં કહ્યું: 'માત્ર ખર્ચ નથી; તેમાં લખેલી વસ્તુઓ વિદ્વાનોએ વિચાર કરી પુષ્ટ અને આરોગ્યપ્રદ વાચન આપ્યું છે.'

ચુનીભાઈ વચ્ચે બોલ્યા: 'શેઠ, હવે ચીકાશ મૂકો ને! આ તમારી નાનકડી દીકરી લીલા રંગનું 'મોજમજાહ' વાંચી રહી છે અને વિલાસી તેમજ ઝેરી સાહિત્ય વાંચે છે તે તો દૂર કરો!'

હવે શેઠ ખરા રૂપમાં આવી ગયા. 'ચુનીભાઈ માફ કરજો. છાપેલાં કાગળિયાં માટે આવું મોટું લવાજમ ભરવા હું તૈયાર નથી.'

આ સાંભળીને મને પણ ઘણું ખોટું લાગ્યું: 'ચુનીભાઈ, વધુ આગ્રહ ન કરો. ચાલો આપણે જઈએ. એમને માસિક માટે ખર્ચ કરવો જ નથી.'

ચુનીભાઈ ઊકળી ઊઠ્યા: 'બસ ને શેઠિયા! આ તમારી શ્રીમંતાઈ? પેલી છોકરી લીલા ઝેર જેવું 'મોજમજાહ' વાંચે તે તમારે મન સસ્તું અને સંસ્કાર કળા-જ્ઞાન તમારે મન ધૂળ-ઢેફું? રાખો તમારી શેઠાઈ! મારી વાત તમે નહિ ઠેલો એવી ખાતરીથી તમારી પાસે આવ્યો હતો, પણ હવે આ બારણે આવે તે બીજો.'

મેં કહ્યું: 'હં, હં, ચુનીભાઈ, આકળા ન થાઓ. મને કંઈ જ લાગ્યું નથી.' પણ ચુનીભાઈનો પુણ્ય પ્રકોપ જાગી ઊઠ્યો હતો. શેઠને કહેવામાં બાકી ન રાખી: 'ધૂળ પડી તમારા પૈસામાં' કહેતા મારી સાથે દરવાજે આવી ગયા.

શેઠ તો પાણી જેવા પાતળા થઈ ગયા. પાછળ ઘરાડાતા આવ્યા. ચુનીભાઈએ તેમનો હાથ તરછોડી નાખ્યો. શેઠ મને કહેવા લાગ્યા: 'એઈ મિસ્ટર, તમે છ રૂપિયા લેતા જાઓ. ચુનીભાઈ, ભાઈસા'બ, માફ કરો.' પણ ચુનીભાઈ જોરથી દરવાજો ભટકાવી મને લઈ બહાર આવી ગયા. મેં તે દિવસે બીજે ક્યાંય પણ જવાનું માંડી વાળ્યું. દાનની ટીપોમાં-પાર્ટીઓમાં મોટી રકમો આપતા શ્રીમાનો હજી સાહિત્ય અને કળાના સંસ્કારનાં મૂલ્ય પિછાનતા થયા નહોતા.

૫૮૭ આસપાસ: ૧૯૨૪ના આરંભે

'કુમાર'નો પ્રારંભ એક એવા સમયમાં હતો કે જે ભારતનો મહિમાવંતો ઇતિહાસ સરજનાર બન્યો હતો. તેથી 'કુમાર'માં તેના આદર્શો અને પ્રભાવના છાયાપડછાયા દેખાયા વિના રહી શકે નહિ.

ઈ. ૧૯૨૪ના જાન્યુઆરીમાં યરવડા જેલમાં ગાંધીજીને એપેન્ડિસાઇટિસના દરદની પીડા થઈ. રાત્રે દસ વાગ્યે સિવિલ સર્જન કર્નલ મૅડૉકે તેમનું ઑપરેશન સફળતાપૂર્વક કર્યું. એ પ્રસંગ સમસ્ત હિંદને ચિંતાનો વિષય બન્યો હતો. સમગ્ર પ્રજાએ એક મતે જાહેર કર્યું કે ગાંધીજીને



ઑપરેશન પછી ગાંધીજી તથા તેમની ખબર કાઢવા આવેલાં નાનકડી કન્યા ઇંદિરા નેહરુ

છોડવા જોઇએ. એ વિરાટ અવાજ ઠેલવાનું સરકાર માટે મુશ્કેલ બની ગયું હતું અને લોકમતને નમતું આપવામાં તે નાનમ અનુભવતી હતી. છેવટે તમાચો મારી મોં રાતું રાખવા દાક્તરોની ભલામણથી ગાંધીજીને બિનશરતે છોડી મૂકવામાં આવે છે એમ જાહેર કર્યું; ફેબ્રુ. ૫, ૧૯૨૪.

બીજી તરફ શહેરમાં કવિશ્રી નાનાલાલના પ્રમુખપદે ગુજરાત-કલાપ્રવર્તક મંડળ તરફથી તા. ૮ ફેબ્રુ.ને વસંતપંચમીએ કલાપ્રદર્શન ભરવાનું નક્કી થઈ ગયું હતું. તેના માટે મંત્રીઓ ચંદુલાલ શાહ અને દત્તાત્રેય માહુલીકર દોડાદોડ કરતા હતા. તેનાં વિજ્ઞાપનો તો એક માસ અગાઉથી બહાર પડી ગયાં હતાં, પણ મેં તો મારા 'કુમાર'ની નવી જાહેર જવાબદારી અંગે સમયની તંગી બતાવી તેમની કોઈ પણ મીટિંગમાં હાજરી આપી નહોતી. તો પણ પ્રદર્શન માટે મોટું રંગીન પોસ્ટર (ભીંતચિત્ર) તૈયાર કરવાની જરૂર દેખાઈ ત્યારે બંને મંત્રીઓ મારી પાસે આવ્યા. મેં કશા પણ વાંધા કે વિરોધ વિના તે કામ કરી આપ્યું, જે તેમણે બે રંગમાં છપાવી ભીંતો પર બધે ઠેકાણે ચોડાવ્યું. એ ભીંતપત્ર માત્ર મારા સહકારની યાદી, મંડળના એક વખતના અસ્તિત્વની યાદી રૂપે સંઘરાયું છે.

પ્રદર્શનના ખર્ચ પેટે ચંદુલાલ શાહે મિલોમાં ફરી રૂ. ૧૦,૦૦૦ જેટલી રકમ એકઠી કરી હતી. પ્રદર્શન સાથે મેળો કે દુકાનો કરવાની યોજનાથી આ રકમ મળી શકી હતી. ચિત્રો માટે માહુલીકર મુંબાઈ, ઔંધ વગેરે સ્થળે પ્રવાસ કરી આવ્યા હતા; અને ઔંધના રાજા બાલાસાહેબ પંત તે વખતે ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના 'મહાભારત' માટે નારાયણરાવ પૂરમ નામના ચિત્રકારને પાસે રાખી પોતાની ભાવના પ્રમાણે જે ચિત્રો કરાવતા હતા તેના નમૂના લઈ આવ્યા હતા. તેમાં સૅન્ડો જેવા પુરુષો અને ગ્રીક સ્ત્રીઓ જેવી પુષ્ટ સુંદરીઓ હતી, એમ દત્તાત્રેય વાતો કરતા તે પરથી હું સમજ્યો હતો. તેના અનુનયોથી થાકીને મેં મારુ 'પ્રણયમંસરી'-વાળું એક ચિત્ર આપ્યું હતું. પ્રદર્શનમાં શું છે ને તે કેવું છે તેનો જરાય વિચાર કે ચિંતા કર્યા વિના 'કુમાર'નો બીજો અંક બહાર પડતાં જ મારે ભાવનગર જવું પડ્યું, કારણ કે બરાબર વસંતપંચમી ઉપર જ મારા પિતાશ્રીએ મારા બંને પુત્રો નરહરિ અને ગજેન્દ્રને ઉપવીત આપવાનું ઠરાવ્યું હતું. આમ કલા-પ્રવર્તક મંડળના શિખર પ્રસંગે જ મારી ગેરહાજરી કવિશ્રીને ખૂબ જ સાલી હતી તે પણ મને જાણવા મળ્યું.

૫૮૮ પુત્રોના યજ્ઞોપવીત-પ્રસંગમાં

પોતાના પ્રથમ પૌત્રોને ઉપવીત આપવાનો પ્રસંગ મારાં માતા-પિતાને મન અહોભાગ્યનો હતો. દ્વિજત્વ આપવાની આ પવિત્ર ક્રિયા માટે પિતાશ્રીએ ઘણા સમયથી સવાલક્ષ ગાયત્રી જપ કરવાનું વ્રત શરૂ કરી દીધું હતું. તેની પૂર્ણાહુતિ માટે લઘુરુદ્ર પણ કરવાનો હતો, તેમજ સૌથી મોટા દીકરાના જનોઈ-પ્રસંગે જાગ વાવીને આઠ દિવસથી રાંદલ-સ્થાપના પણ કરી હતી; અને બટુકોને ગાયત્રી-મંત્રોપદેશ પણ તેમણે જાતે જ આપ્યો હતો; એવી તેમની શુદ્ધ બ્રાહ્મણનિષ્ઠા હતી.

આ પ્રસંગે મેં મારા નિકટના સ્નેહીઓને ભાવનગર આવવા આગ્રહભર્યું નિમંત્રણ આપ્યું હતું, તેથી બચુભાઈ રાવત, દેશળજી પરમાર, વજુભાઈ ત્રિવેદી, વિજયશંકર કામદાર, લલ્લુભાઈ ભટ્ટ વગેરે મિત્રો ત્યાં આવી મળ્યા હતા અને ઘરમાં સૌને મોટા ઉત્સવનો લહાવો મળી રહ્યો હતો.

મારા પિતાશ્રીએ હોમહવન, જ્ઞાતિભોજન વગેરે સર્વ ચિંતાથી મને મુક્ત જ રાખ્યો હતો. માત્ર ગ્રહશાંતિનો લહાવ મારાં પત્નીને મળે માટે એક દિવસ આખો સજોડે હું વેદી સામે બેઠો હતો. તે વખતે પૃથ્વીના ઉપકારો દર્શાવતા કાવ્યપૂર્ણ શ્લોકો સાંભળી મને બહુ આનંદ થયો હતો, પરંતુ યજ્ઞોપવીત ધારણ કરાવેલા બટુકોને અધ્યયન માટે કાશી અથવા ગુરુઆશ્રમે વિદાય કરવાની પ્રથાને બદલે હાલ બડવો દોડાવવાનું જે નાટક થાય છે તે મને જરાયે પસંદ નહોતું, તેથી તે બંધ રાખવા મેં પિતાશ્રીને વિનંતી કરી; પણ ઘરનાં બધાંને લહાવો ન મળે એવી દલીલથી તથા ભેગાં થએલાં સગાંવહાલાંને ઠીક ન લાગે એમ કહી એમણે મને ધુતકારી નાખ્યો. મને એટલો બધો ખેદ થયો કે બડવો દોડાવવાના પ્રસંગે હું ઘર છોડી મારા મિત્ર મસ્તરામ પંડયાના બંગલે જઈ રહ્યો અને પરગામથી આવેલા મિત્રો સાથે ત્યાં મેળાપ ગોઠવ્યો. તેમનો પરિચય કરવા ગિજુભાઈ બધેકા, પ્રભુદાસ ઠક્કર (પ્રભુભાઇ) ને હરભાઈ ત્રિવેદી વગેરે હાજર હતા. એ પ્રસંગની યાદગીરીની છબિ (પછીના પાને) સચવાઈ છે.



૧૯૨૪માં ભાવનગરમાં બંને પુત્રોના યજ્ઞોપવિત પ્રસંગે મિત્રમંડળ સાથે

બેઠેલા : શ્રી લલ્લુભાઈ જીવનરામ ભટ્ટ, સ્વ. ગિજુભાઈ બધેકા, સ્વ. મસ્તરામ પંડ્યા, સ્વ. પ્રભુદાસ ઠક્કર, શ્રી ગિરીશ ભટ્ટ, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રી વિજયશંકર ત્રિવેદી (કામદાર); પાછળ ઊભેલા : શ્રી બચુભાઈ રાવત, શ્રી વ્રજલાલ હીરજીભાઈ, શ્રી રવિશંકર રાવળ, સ્વ. દેશળજી પરમાર

કુટુંબની વ્યાવહારિક અને રૂઢિ-રિવાજોની ધાંધલમાં મારી કોઈ પ્રેરણા કે આગ્રહ કામ કરી શકયાં નહોતાં. એક જ વાતમાં મારી શક્તિ કામ આવી હતી, તે એ કે ઉપનયનની આમંત્રણ પત્રિકા માટે ગાયત્રીનું સ્વરૂપ અંતરીક્ષમાં રાખી તેનું આવાહન કરતો બટુક ચીતર્યો હતો અને અંદરના ભાગે યજ્ઞવેદી આગળ હાથ જોડી બેઠેલું બીજું નાનું ચિત્ર આપ્યું હતું. આમંત્રણસાથે પ્રતીકચિત્ર આપવાનો એ પ્રથમ પ્રસ્તાવ અને પ્રયોગ હતો.. છાપેલાં આમંત્રણોના ઇતિહાસની એ નોંધપાત્ર બીના રહેશે.

'કુમાર'ના છાપકામની બધી જવાબદારી મેં શ્રી બચુભાઈ રાવત ઉપર મૂકી હતી અને તેમનો આરૂઢ સંકલ્પ હતો કે 'કુમાર'નું પ્રકાશન દર પૂનમે થવું જ જોઇએ; અને પૂનમનો પડવો ન થાય તે માટે અંકનું દરેક લખાણ એકએક મહિનો અગાઉથી તૈયાર કરી તે છાપખાના પાસેથી તાકીદે કામ કઢાવતા. મારે પણ તેમાં તેમના નિર્ધારિત લેખોનાં ચિત્રો તથા મિત્રો પાસેથી લેખો આવી ગયા હોય તેમાં નકશા ચિત્રો કે સુ-શોભાનો તેમજ એ બધાના બ્લૉકો યથાસમયે તૈયાર થઈ જાય તે જોવું પડતું. અમે ખૂબ ચીવટથી અંગ્રેજી ઢબનાં સુશોભનોને બદલે મથાળે મૂકવાનાં કે છેડે રાખવાનાં સુશોભનો ભારતીય જીવન અને સંસ્કૃતિને અનુરૂપ નવાં જ તૈયાર કરવા માંડયાં હતાં. 'કુમાર'ના એ સમયના અંકો જોનારને આ પ્રયત્નો સહજ પ્રત્યક્ષ થશે.

૫૮૯ ફરી પાછા કવિશ્રી

જનોઇનો પ્રસંગ પતી ગયો કે તરત બચુભાઈ અને બીજા મિત્રો તો વિદાય થઈ ગયા પણ હું બે-ચાર દિવસ વધુ રોકાયો. તે દરમિયાન જાણ્યું કે ભાવનગર સામળદાસ કૉલેજમાં કવિ નાનાલાલ એક વ્યાખ્યાન આપવાના છે, એટલે મારે અમદાવાદને નાતે પણ હાજરી આપવી જોઈએ એમ મને લાગ્યું. કૉલેજનો વ્યાખ્યાન-ખંડ ભરાઈ ગયો હતો, એટલે કવિશ્રીના આવવાની રાહ જોતો કૉલેજના સ્ટાફસાથે હું પગથિયાં પર ઊભો.

કવિ કોઈ અધિકારીની ગાડીમાં આવ્યા અને મને જોયો કે ખૂબ તોછડાઈથી 'અમદાવાદમાં તો તારી રાહ જોવાય છે અને તું અહીં ભરાઈ બેઠો છે?' એવું કંઈ કહ્યું. મને બહુ માઠું લાગ્યું અને હું યજમાનો સાથે ન જતાં ઉપરની ગૅલેરીમાં જઈ બેઠો. કવિના તે વખતના વ્યાખ્યાનમાં સાંભળ્યું : 'તમને કોઈ કહે કે ભાવનગરના રસ્તા પર ટેનિસન બાવાની જેમ રખડે છે તો તમે તમારા માટે શું ધારો છો?' આ વાત તેમણે કવિ ત્રિભુવન વિષે કહી હતી. ટેનિસનના 'ઈન મેમોરિયમ' જેવી કલાપી વિષે 'કલાપી-વિરહ' નામક કરુણ પ્રશસ્તિ લખનાર એ કવિ ત્યારે ભાવનગરની બજારમાં કફની પહેરી, હાથમાં દંડો રાખી, દાઢીભરેલું સાધુ-મુખ લઈ વારંવાર નજરે પડતા; પણ લોકો તેમની યોગ્યતા પિછાની શકયા નહોતા તે પર કવિનો એ કટાક્ષ હતો.

મને મારા મનમાં કવિની કઠોર વાણી કણકણતી હતી. હું વધુ વખત તેમની ગેબી શબ્દ-ગર્જનાઓમાં રસ લઈ ન શક્યો અને કવિ પર એક ચિઠ્ઠી લખી તે પહોંચાડવાનું કામ એક વિશ્વાસુ મિત્રને સોંપી ઘેર વિદાય થઈ ગયો. ચિઠ્ઠીમાં આટલું જ લખ્યું હતું : 'કવિશ્રી, આપ આપની રીતે કામ કરો, હવે પછી આપણે કદી સાથે નહિ મળીએ.' બસ, તે પછી મેં કવિશ્રીનો પરિચય સદા માટે તજી દીધો હતો.

૫૯૦ કલા-પ્રદર્શન

કવિશ્રી નાનાલાલ સાથેની મારી ગાંઠ મેં જ છોડી નાખી તેનો મને ભારે રંજ હતો. એનાથી મેં મારા તંત્ર માટે એક મોટું બળ જતું કર્યાનું મને પૂર્ણ ભાન હતું. પરંતુ બધી જ બાબતો તેમના જ અભિપ્રાય ઉપર અને નિયમન પ્રમાણે સ્વીકારી લેવાનું મારા સ્વભાવમાં નહોતું. હું પાછો અમદાવાદ આવ્યો ત્યારે મને ખબર મળ્યા કે પ્રદર્શનના પ્રત્યેક દિવસ માટે કવિશ્રીએ તેમના વસીલાવાળા કોઈ ને કોઈ પ્રતિષ્ઠિત પુરુષને વ્યાખ્યાન માટે બોલાવી પ્રદર્શનમાં લોકો હાજરી આપે એવો યોગ સાધ્યો હતો અને રોજ મહેમાન સાથે કેટલાક મિત્રોને વારાફરતી જમવાનાં નિમંત્રણો આપ્યાં હતાં. આ માટે પ્રદર્શનને ખર્ચે એક ચાલુ રસોડું પણ ખોલ્યું હતું. એમ પ્રદર્શન દ્વારા કવિએ પોતાની મહત્તાને વ્યાપ આપવા સારો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કલાના વિષયમાં કોઈ યાદગાર પ્રવચન કે વિવેચન થયાનું મારા ધ્યાનમાં આવ્યું નથી.

કલા-પ્રદર્શન હઠીભાઈની વાડીમાં કવિશ્રીનો નિવાસ હતો ત્યાં જ તેમની સગવડ જોઈ ગોઠવ્યું હતું. કલા-પ્રદર્શનનો છેલ્લો દિવસ રહ્યો ત્યારે સાંજે દીવા થયા તે વખતે હું એક મિત્ર સાથે સામાન્ય પ્રેક્ષક તરીકે જોવા ગયો ત્યારે જાણ્યું કે પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિ માટેના સુવર્ણ-ચન્દ્રકના પારિતોષિકને પાત્ર ગોંડલવાળા કલાશિક્ષક શ્રી દામોદર વ્યાસે

આયુર્વેદ વડે રોગોપચાર-૧૩

ઉધરસ

આયુર્વેદમાં ઉધરસને 'કાસ' અને સાંપ્રત વિજ્ઞાનમાં cough કફ કહે છે. ઉધરસ શબ્દ ઊર્ધ્વ રસ ઉપરથી પડ્યો છે. વાયુ ઊર્ધ્વ ગતિ કરીને કફને ઉપર ધકેલે છે ત્યારે ઉધરસ આવે છે. ઉધરસ આવવાથી ગળું ઘસાય છે ને તેમાં દુખાવો કે બળતરા થાય છે. વધુ ઉધરસ આવે ત્યારે છાતીમાં પણ દુઃખે છે. ઉધરસ મોટા માણસો કરતાં બાળકોમાં વિશેષ જોવા મળે છે. કેટલીક વાર ઉધરસ કફ સાથે આવે છે તો ક્યારેક સૂકી આવે છે.

ચિકિત્સા

૧) નવું કોડિયું લઈ તેને ચૂલામાં ગરમ કરવું. એ રાતુંચોળ થઈ જાય ત્યારે તેમાં અજમો નાખી, તે તડતડે એટલે દૂધ છમકારવું. આ દૂધ ઉધરસના રોગીએ પીવું. ૨) ગરમ દૂધમાં હળદરનું ચૂર્ણ મેળવી પીવું. ૩) જો ઉધરસ દરમિયાન કફ ન છૂટતો હોય તો ગરમ દૂધમાં ચમચી ઘી નાખીને પીવું. ૪) ખૂબ ઉધરસ આવે ત્યારે જેઠીમધનું લાકડું કે જેઠીમધનો ગોળ મોંમાં રાખી ચૂસવો. એલાદિ વટી, ખદિરાદી વટી, લવંગાદિ વટી, વ્યોષાદિ વટી, યષ્ટિમધુ વટી પણ ચૂસી શકાય. ૫) હળદરના ચૂર્ણને અરડૂસીના રસની ભાવના આપી શીશીમાં ભરી રાખવું. મધ સાથે ચાટવાથી લાભ થાય છે. ૬) ભોંય-રીંગણી, સૂંઠ અને અરડૂસીનો ઉકાળો પીવો. ૭) સૂકી ઉધરસ હોય તો વાયુની ગતિ સવળી કરવા ચપટી સંચળ નાખી એરંડિયુ પીવું. ૮) સિતોપલાદિ ચૂર્ણ, જેઠીમધનું ચૂર્ણ, બહેડાંનું ચૂર્ણ, કનકાસવ, વાસકાસવ, કંટકારી અવલેહ વગેરે ઉપયોગી ઓષધો છે. ૯) બાળકોને ઉધરસમાં નાગરવેલનું પાન છાતીએ મૂકી ગોટાનો શેક કરવો. ૧૦) રાત્રે ખૂબ ઉધરસ આ-વતી હોય તો શેકેલા ચણા ખાઈને સૂઈ જવું અથવા મોંમાં મીઠાની કાંકરી મૂકી રાખવી. □

તૈયાર કરેલું કાળા રંગે રંગેલું એક સીદીનું પૂતળું હતું. એ કૃતિની ખૂબી કોઈ સમજ્યું હશે કે નહિ તે તો કોણ જાણે, પણ તેમાં યે કવિશ્રીની જ આપખુદીની મને છાપ દેખાઈ. એ કલાકાર પાસેથી કે બીજી સર્જન-કૃતિ થઈ જાણવામાં નથી. બીજાં ચિત્રો અને કલાવસ્તુઓમાં પણ કશી સૂઝ પડે એવી ગોઠવણ નહોતી. લાકડાના પગથિયાવાળા ઘોડા પર કપડું ઢાંકી ચિત્રો હારબંધ મૂકી દીધાં હતાં. મારું મણુયબંસરીનું ચિત્ર પણ તેમાં જ હતું. પ્રદર્શન પતી ગયા પછી મંત્રીઓ મને તે ધૂળ-ધૂળ થએલું પહોંચાડી ગયા હતા. તે વખતે મંત્રીઓ પણ હવે કવિશ્રીની જોહુકમી માટે કંઈક બખાળા કાઢતા હતા. આમંત્રણપત્રો બધાં જ કવિએ પોતાના હાથમાં રાખી નિર્ધારેલ સરનામે જ મોકલ્યાં હતાં, તેમાં સત્યાગ્રહમાં જોડાએલાનાં બધાં જ નામો બાદ થયાં હતાં.

મારા મિત્ર ડૉક્ટર માધવજી મચ્છર અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ ઘણા અકળાઈ ઊઠયા હતા. તેઓ મને ઠપકો દેવા લાગ્યા કે મેં કમિ-ટીઓમાં ગેરહાજર રહીને ઘણું ચાલવા દીધું હતું; પણ મને તો ખબર હતી કે કવિ જ્યાં મોવડી હોય ત્યાં બીજાનું ચાલવા જ ન દે એવા હતા. છેવટે જ્યારે હિસાબો રજૂ કરવા માટે મંત્રીઓએ કમિટી બોલાવી ત્યારે ડૉક્ટર મચ્છર મને પરાણે લઈ ગયા હતા. તેમણે પ્રદર્શન પાછળ થએલા રૂપિયા ૧૦,૦૦૦ના ખર્ચનો હિસાબ માગ્યો ત્યારે જ રોજના રસોડાના ભોજનખર્ચ તથા અતિથિઓને આપેલા પ્રવાસ-ભાડાંનો તેમાં સમાવેશ થયાની વાતની જાણ થઈ. ત્યારે શ્રી રામનારાયણ પાઠક, શ્રી રસિકલાલ પરીખ વગેરે ત્યાં જ હતા; પણ કવિને કોઈ કંઈ કહી શક્યા નહિ અને મંડળ આટોપાયું તે ફરી કદી મળ્યું નહિ. (ચાલુ)

વારતા ૧૮

વૈતાળ પચ્ચાસી

સંજીવની નગર

વિનોદ ભટ્ટ

—અને બીજે દિવસે રાજા વિક્રમે મડાને ખાંધ પર લઈ ઉજેણી ભણી ડગ ભર્યા એવી જ મડાએ આ વારતા કહેવા માંડી:

'સંજીવની નામે કોઈ એક નગરમાં ચાર મિત્રો રહેતા હતા. ચારે ય ને જંતર-મંતરમાં બહુ જ રસ હોવાથી એ વિદ્યાના વધુ અભ્યાસાર્થે તેઓ સરકાર પાસેથી લોન લઈ, છાપામાં ફોટા છપાવી વિદેશ ગયા. છૂટા પડતી વખતે તેમણે નક્કી કરેલું કે ભણી આવ્યા બાદ બધાએ નગરને છેડે આવેલા 'કૉંગ્રેસ ભવન' નામના પ્રાચીન મકાનના ઓટલા પાસે મળવું.

તદનુસાર ચારે ય મિત્રો જુદીજુદી વિદ્યાઓ ભણી-ગણીને તૈયાર થઈ આવી ત્યાં ભેગા થયા, એટલે પહેલો મિત્ર બોલ્યો : 'મારી પાસે એક એવી વિદ્યા છે કે જેના પ્રભાવથી કોઈના હાથ કે પગના કપાએલા નખ પરથી હું એ આખી યે વ્યક્તિને સજીવન કરી શકું છું.'

બીજા મિત્રે કહ્યું: 'કોઈના માથાનો એકાદ વાળ પણ જો મારે હાથ ચડી જાય તો એ વાળવાળી વ્યક્તિને જીવતી કરવાની શક્તિ હું ધરાવું છું.'

ત્રીજો વધો: 'મને જો કોઈ વ્યક્તિના વસ્ત્રનો ટુકડો જડે તો એના પરથી હું એના ધારનારને પુનર્જીવિત કરી શકું એમ છું.'

ચોથો ઉવાચ: 'મારા હાથમાં કોઈ વસ્તુની નાની કરચ પણ આવે તો એના પરથી હું એ આખી વસ્તુ ખડી કરી શકું.'

ઘણાં વરસ પહેલાં આ જગ્યાએ એક મોટી રાજકીય પરિષદ ભરાઈ હતી, જેમાં મોટી રાજકીય પ્રતિભાઓએ ભાગ લીધો હતો.

પોતાની મંત્ર-તંત્રની શક્તિનો પરચો બતાવવા પહેલા વિદ્વાને શોધ કરતાં તેના હાથમાં એક નખ આવ્યો. નખ પર તેણે મંત્રશક્તિ અજ-માવી તો એમાંથી એક પ્રધાન ઊભા થયા. આ પ્રધાનને નખ કરડવાની ટેવ હતી. તેમણે સજીવન થઇ નખ કરડતાંકરડતાં બધાને પ્રણામ કર્યાં.

બીજા મિત્રના હાથમાં એક વાળ આવ્યો. આંગળી ને અંગૂઠા વચ્ચે વાળને પકડી તેણે મંત્ર ભણ્યા તો એ વાળમાંથી બીજા એક પ્રધાન ઉપ-સ્થિત થયા. આ પ્રધાન કોઈ ગહન વિચારમાં હોય ત્યારે માથાના વાળ તોડવા મંડી જતા. અત્યારે તેમના માથામાં ટાલ પડી હતી.

ત્રીજા મિત્રના હાથમાં ખાદીનું એક ચીંથરું આવ્યું. ચીંથરા સામે જોઈ તેણે મંત્ર ભણતાં જ એ ચીંથરામાંથી ત્રીજા પ્રધાન આળસ મરડીને બેઠા થયા ને ખિસ્સામાંથી એ ચીંથરાના રંગનો જ ખાદીનો રૂમાલ કાઢી તે-નાક સાફ કરવા માંડયા. એમનો કોઠો શરદીનો હતો ને કાયમ ખાદીના રૂમાલથી ઘસવાને કારણે એમનું અરધું નાક ઘસાઈ ગયું હતું.

અને ચોથા વિદ્વાને પોતાની કળા, રસ્તા પર પડેલા લાકડાના એક ટુકડા પર અજમાવી તો એ ટુકડામાંથી એક ખુરસી ઊભી થઈ ગઈ.

ત્યાં કૌતુક થયું. નખ કરડતા, ટાલ પર વાળ ખોળતા ને રૂમાલથી નાક ઘસતા ત્રણે ય પ્રધાનો એકીસાથે જ એ ખુરસી ભણી દોડવા માંડયા ને ખુરસી હસ્તગત કરવા એકબીજા સાથે મારામારી કરવા માંડયા.'

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ, આ ત્રણેમાં ખુરસી પર બેસવા માટે સૌથી વધુ લાયક કોણ ગણાય?'

વિક્રમે જવાબ આપ્યો: 'જે સૌથી વધુ ના-લાયક હોય તે...'

'વાહ, વિક્રમ વાહ! તને તે ચતુર કહેવો કે મૂર્ખ એ જ સમજાતું નથી...' એમ બોલતું મડું ઝાડ પર લટકી ગયું. □

ગુપ્ત કાવતરાં વિરુદ્ધ લોકજાગૃતિ

કાકાસાહેબ કાલેલકર

કોણ જાણે શી રીતે, અમારા છેક નાનપણથી અંગ્રેજી રાજ્ય સામે કાવતરાં કરવાની પ્રવૃત્તિ વિષે અમે સાંભળતા. આ ગોરા લોકો ધૂર્ત છે, અત્યંત સ્વાર્થી છે, પાર વગરના અભિમાની છે, આપણા મોટામાં મોટા નેતાઓનું અપમાન કરે છે, એમની આગળ બધાને દબાઇને રહેવું પડે છે વગેરે વાતો લોકોને સહેજમાં બોલતા સાંભળતા. જાણે એ વાતાવરણ અમને વારસામાં મળ્યું હતું.

અને છતાં, મોટી ઉમર થઈ અને હું હિન્દુસ્તાનનો ઇતિહાસ વાંચી શક્યો ત્યારે, મારા મન ઉપર મુખ્ય છાપ એ પડી કે 'વિદેશી લોકો સામે થવા માટે, દેશના લોકોએ અંદરઅંદરના મતભેદો અને વ્યક્તિગત લાભહાનિના વિચારો કોરે મૂકી એકતા સ્થાપવી જોઇએ અને સંગઠિત થવું જોઇએ.' આટલી સાદી વસ્તુ આપણા લોકોને કોઈ કાળે ઊગી નથી, અને ઊગી હશે તો તેમાં આપણે કોઈ કાળે ફાવ્યા નથી. વિદેશી રાજ નિભાવી લેવાનું આપણને ફાવી ગયુ છે. આવડું મોટું રાષ્ટ્ર મુઠ્ઠીભર વિદેશી લોકોના રાજ્ય તળે દબાએલું રહે છે, એની શરમ લોકોને કોઈ કાળે અસહ્ય થઈ હોય એમ લાગતું નથી. આપણા ઇતિહાસનો સાર ધ્યાનમાં લેતાં મનમાં હમેશાં મૂંઝવણ જ રહી છે. આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ ને આપણી પરિસ્થિતિ પણ સૂચવે છે કે આ-સેતુ હિમાચલ આ દેશ એક છે, એક રહેવો જોઇએ. આપણી સંસ્કૃતિનું એક ખાસ વૈશિષ્ટય છે જે હજારો વર્ષો થયાં આપણે બરાબર સાચવી શક્યા છીએ. એ વૈશિષ્ટય માગે છે કે, આખો દેશ એના બધા પહાડો અને નદીઓ ભારપૂર્વક કહે છે કે, આ દેશ એક અખંડ અને સ્વાધીન રહેવો જોઇએ એ લાગણી આખા દેશમાં બધે ફેલાએલી છે, અપરિહાર્ય લાગે છે, અને છતાં લોકો એને માટે કશો ત્યાગ કે બલિદાન આપવા તૈયાર નથી. જાણે લોકોને દેશની એકતાની અને સ્વતંત્રતાની પડી જ નથી. 'જે કોઈ જોરાવર હશે એની આણ સ્વીકારીશું, એના રાજ્ય તળે સંતુષ્ટપણે રહીશું. એવું વિદેશી રાજ્ય આપણા ઉપર કાયમનું થાય, મજબૂત થાય એને માટે રાજ્યકર્તાઓને મદદ કરવા પણ આપણે તૈયાર રહીએ છીએ. આપણા પરના વિદેશી રાજ્ય વતી આપણે લડયા પણ છીએ; અને વિદેશી લોકોએ એ 'સ્વામીનિષ્ઠા' માટે આપણી કદર પણ કરી છે.

આપણે ગમે તેની નોકરી કરવા તૈયાર, અને નોકરી સ્વીકાર્યા પછી 'સ્વામીનિષ્ઠ'નો આદર્શ પણ આપણે સહેજે માન્ય કરી શકીએ છીએ. હું કોઈનો નોકર થાઉં તો એ મને પગાર–મહેનતાણું આપે છે અને હું એને સેવા આપું છું. એટલે ખરું જોતાં બંને સરખા. હું દુકાનમાં જઇને માલ ખરીદી લઉં તો હું દુકાનદારનો ઉપકારકર્તા ન ગણાઉં અને દુકાનદાર પણ મારો ઉપકારકર્તા ન ગણાય. એ જ ન્યાય સરકારી કે ખાનગી નોકરીમાં લાગુ કેમ નથી પડાતો એ જાતની શંકા મારા મનમાં અનેક વાર ઊઠતી. અને છતાં 'જેની પાસે મકાન છે, જમીન છે, મૂડી છે એ શ્રેષ્ઠ છે એ માલિક ગણાય અને એ આપણી પાસેથી સેવા લઈ આજીવિકા આપે છે માટે આપણે એના આશ્રિત' એ ભેદ પરાપૂર્વથી ચાલતો આવ્યો છે. માલિક પોતાના સ્વાર્થ પ્રમાણે મને નોકરીએ રાખે અથવા ગમે ત્યારે કાઢી મૂકે. હું પણ એને ગમે ત્યારે છોડી શકું. અને છતાં હું નોકરીમાં હોઉં ત્યાં સુધી એ મારો સ્વામી અને હું એનો 'માણસ', સેવા આપવા ઉપરાંત નિષ્ઠા પણ આપવાને હું બંધાએલો, એ તો સર્વમાન્ય વસ્તુ ગણાય છે. બધા સ્વામીનિષ્ઠાની અપેક્ષા રાખે. એના બદલામાં સ્વામી પાસેથી સેવક-નિષ્ઠાની અપેક્ષા રાખેલી જોવામાં આવતી નથી. (અહીં કબૂલ કરવું જોઇએ કે કેટલાક સ્વામીઓ ઉચ્ચ કોટિની સેવક-નિષ્ઠા બતાવે છે અને સેવકના વંશજો પ્રત્યે પણ પોતાની જવાબદારી સ્વીકારે છે; પણ આવા દાખલા ઓછા છે. આપણે તો સમાજ આખામાં કઈ અપેક્ષાઓ સ્વીકારાએલી છે એનો જ વિચાર કરીએ છીએ.)

હવે રાજ્યકર્તા સામે કાવતરું કરવામાં બે વસ્તુ સાચવવી પડતી: સપડાઈશું તો સજા થશે, ઘણું નુકસાન વેઠવું પડશે, એ એક બીક; અને બીજી વસ્તુ 'સ્વામીનિષ્ઠા'ના સર્વમાન્ય આદર્શનો દ્રોહ કરીએ છીએ, એમ એક જાતનો મનમાં રહેતો ખટકો, જે પ્રયત્નપૂર્વક દબાવવો પડતો અને 'વિદેશી લોકો પ્રત્યે સ્વામીનિષ્ઠા હોઈ ન શકે, ઉપરઉપરથી ગમે તે વસ્તુ સ્વીકારીએ, પણ ખરી રીતે વિદેશી લોકોને આપની નિષ્ઠા ઉપર કશો હક નથી' એ મનને સમજાવવું પડતું.

નાનપણથી ભલે કાવતરા માટે ગુપ્ત સંસ્થાઓ ચલાવવાની વાતો સાંભળી હોય, પણ એમાં જીવતો રસ લેવાનું શરૂ કર્યું ઈ. ૧૯૦૪થી. ત્યારે મેં જોયું કે કૉલેજમાં ગુપ્ત સંસ્થા મારફતે કામ કરવા ઇચ્છનાર ત્રણેક અલગ અલગ સમુદાય છે. એમાંથી 'જેની ગુપ્તતા પહેલેથી જ જાહેર-રીતે ચાલતી હતી' તે હતી સાવરકરની સંસ્થા. અત્યારે ભૂલી ગયો છું, પણ એનું નામ 'રામહરિ' કે એવું જ, દેખાવે સાવ નિરુપદ્રવી નામ હતું. એ વસ્તુ મને ગમી હતી. એમના એક સદસ્યના આગ્રહથી હું એમાં દાખલ થયો. થોડી ગુપ્ત સભાઓમાં હાજરી આપી. બે-ત્રણ વાર બોલ્યો હોઈશ. પણ મેં એ સંસ્થા છોડી દીધી, કેમ કે ગુપ્તતા જાળવવાની ઇંતેજારી કે ખૂબી એમની પાસે હતી જ નહિ, અને એક જ વ્યક્તિનું માહાત્મ્ય એમાં ચાલતું હતું. (એમને વિષે આપણા અપ્પાસાહેબ પટવર્ધને પોતાની 'જીવનયાત્રા'માં લખ્યું જ છે.)

મેં એકબે ઠેકાણે લખ્યું છે કે બધું મળીને અમારી ગુપ્ત પ્રવૃત્તિમાં ઝાઝું હતું એમ કહી ન શકું; છતાં ગુપ્ત વાત એ ગુપ્ત વાત. આજે જાહેર કરવામાં કાંઈ નુકસાન ભલે ન હોય, પણ છત્રપતિ શિવાજીના કે માતૃભૂમિના ચિત્રને સામે રાખી, વસ્તુઓ ગુપ્ત રાખવાની જે પ્રતિજ્ઞા લીધી હતી, તે આખર સુધી પાળવી જ જોઇએ એ મારું દૃષ્ટિબિંદુ છે.

ગુપ્ત સંસ્થા સાથેનો અને એ પ્રવૃત્તિ સાથેનો મારો સંબંધ સાત-આઠ વર્ષનો ગણાય—ઈ. ૧૯૦૪થી લઇને બહુબહુ તો ૧૯૧૧-'૧૨ સુધીનો હશે. એ વિષે મારે કશું કહેવું નથી; પણ તે દિવસોમાં મારા મનમાં એક જબરદસ્ત 'હા-ના' ચાલતી હતી તેનો જ અહીં ઉલ્લેખ કરવો છે.

મારો દૃઢ અભિપ્રાય હતો કે જે માણસને ગુપ્ત કામ કરવું હોય એણે 'પોતે રાજદ્વારી ક્ષેત્રમાં ક્રાંતિકારી માણસ છે' એની જાણ સરકારને તો શું પણ સામાન્ય જનતાને પણ થવા ન જ દેવી જોઇએ. અમારી એક ગુપ્ત સંસ્થામાં એક ભાઈ સરકારી નોકરીમાં મહત્ત્વને સ્થાને હતા. બહાર જુઓ તો મોટા હોદ્દા પરનો એ સરકારી અમલદાર હતો. પ્રતિષ્ઠિતપણે સરકારની ખુશામદ કરનાર જે એક વર્ગ હોય છે એમાં એને સ્થાન હતું. જાહેર-જીવનમાં પ્રજા એની પ્રતિષ્ઠા માન્ય રાખતી, પણ ખાનગી વાતચીતમાં એ નમાલો છે, ખુશામતિયો છે, એને પોતાની પ્રતિષ્ઠાની જ પડી છે એમ જ લોકો કહેતા. એવા માણસ પર સૂક્ષ્મ નજર રાખવાનું પોલીસખાતાને ક્યાંથી જ સૂઝે? ફક્ત અમુક ક્રાંતિકારી જ ભારે ખૂબીથી એમની સાથે સંબંધ રાખતા. એમની અમને ભારે ઓથ હતી. મને એ ભાઈસાહેબની ભૂમિકા ગુપ્ત કામ માટે સર્વોત્તમ લાગતી. આવા લોકો દેશમાં જેટલા વધુ તેટલું ગુપ્ત કામ ફાલવાનું એ વિષે શંકા ન હતી.

આવા દૃઢ અભિપ્રાય સાથે મેં પોતાની જાત વિષે વિચાર કરવા માંડયો. એ જ ભૂમિકા લઈને કામ કરવું મારે માટે બિલકુલ સહેલું હતું.

પિતા સરકારી નોકરીમાં. અમારી ન્યાતના લોકોમાં ક્રાંતિકારી તરીકે જેને વિષે શંકા લેવાય એવા બહુ જ થોડા. સરકારી નોકરી, વકાલત, ડૉક્ટરી, ઇજનેરી, જમીનદારી અને વેપારહુન્નર કરનારા અમે. મારે માટે ક્રાંતિકારી ગુપ્ત નેતા થવું બહુ સહેલું હતું.

પણ મેં વિચાર કર્યો કે 'જૂના વખતના રાજદ્વારી ક્ષેત્રે ક્રાંતિ કરનારા લોકો કાં તો રાજારજવાડા મારફતે ક્રાંતિનો ઉઠાવ કરવામાં માનતા હતા, અથવા ફોજમાં દાખલ થઈ આખી ફોજ વિફરે એવી તૈયારી કરવામાં માનનારા હતા. એમાંથી શું નિપજી શકે? એનો પ્રયોગ મારા કે કૉંગ્રેસના જન્મ પહેલાં પચીસ ત્રીસ વર્ષના અરસામાં પૂરી રીતે કરવામાં આવ્યો હતો. તે વખતે હિન્દુ-મુસ્લિમ એકતા પણ સંતોષકારક હતી, છતાં સામાન્ય જનતાની જાગૃતિને અભાવે આપણે ફાવી શક્યા નહિ. આ સાર મેં ૧૮૫૭ સાલની હિલચાલમાંથી કાઢ્યો હતો.

તેથી જ અમારા ગુપ્ત નેતા આગળ મારી દલીલ એ રહેતી કે, 'સામાન્ય જનતામાં રાજદ્વારી ક્રાંતિની ભૂખ જાગવી જોઈએ, જેનો આજે પૂરેપૂરો અભાવ છે. એ જનતાની મદદ લેવા માટે આપણે આપણી સંસ્થાઓને ધાર્મિક રૂપ આપીએ છીએ. નાનામોટા નેતાઓ બધા જ એ નીતિને અનુસરે છે. હું પણ એ નીતિનો આજે સ્વીકાર કરું છું. પણ મારો સવાલ ઊંડો છે. અંગ્રેજોને છેતરવા માટે આપણે ધાર્મિક રૂપ ઓઢી લઈએ તે બરાબર છે, પણ રાજદ્વારી ક્રાંતિને જ માટે જનતાને ઉશ્કેરવી હોય અને ઉશ્કેર્યા પછી જનતાને તૈયાર કરવી હોય તો 'ધર્મને નામે જ બોલીએ તો પ્રજા આપણી વાત સમજી શકે છે' એ પરિસ્થિતિ આપણી નબળાઈ સૂચવે છે. સામાન્ય પ્રજા જે ધર્મને સમજે છે તે ધર્મમાં આજની ક્રાંતિનું દૈવત છે જ નહિ. એ ધર્મ ગમે તે રાજ્યકર્તાની સેવા કરવા તૈયાર અને દબાએલો રહેવાને ટેવાએલો. એટલે પરિણામે રાષ્ટ્રવ્યાપી ઉત્થાન આપણે ગુપ્તરીતે કરી શકવાના નથી.

'લોકમાન્ય જાહેર હિલચાલ દ્વારા લોકોમાં અસંતોષ ફેલાવે છે એ ઉત્તમ છે. અંગ્રેજ સરકાર વિષે અસંતોષ અને તિરસ્કાર એ એક મોટી મૂડી છે, અંગ્રેજ સરકારને એ નડે છે. પણ તેટલાથી આપણો આત્મવિશ્વાસ જાગતો નથી, કાર્યશક્તિ કેળવાતી નથી; ને ધર્મની ઓથ રાષ્ટ્રીય એકતાને પોષક નથી જ. માટે આપણે ગુપ્ત પ્રવૃત્તિ મારફતે આપણા જમાનામાં જનતામાં ક્રાંતિ દાખલ કરી શકવાના નથી. આપણી પૂર્વતૈયારી કશી ગણત્રીમાં નથી. બહુબહુ તો ક્રાંતિકારી પક્ષ આપણે જીવતો રાખી શકીશું. ગુપ્તતા દ્વારા રાષ્ટ્રવ્યાપી ઉત્થાનની તૈયારી થઈ ન શકે.

'એના કરતાં હું રાષ્ટ્રીય શિક્ષણ મારફત ક્રાંતિની તૈયારીનો પાયો મજબૂત કરું તો જિંદગીમાં કાંઈક કર્યાનું સમાધાન મળશે. હું પ્રતિષ્ઠાનો ભૂખ્યો નથી; પણ ક્રાંતિનો પાયો રાષ્ટ્રવ્યાપી પહોળો અને નક્કર મજબૂત કર્યા વગર કશું થાય નહિ. કેવળ રાષ્ટ્ર-માનસ નહિ, પણ રાષ્ટ્ર-જીવન જ આમૂલાગ્ર ક્રાંતિ માગે છે. એ છે આજ સુધીની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓના અનુભવનો સાર. આપણી ગુપ્ત પ્રવૃત્તિ નિર્દોષ અને સગુણ બનાવીએ તો પણ એ કોઈ કાળે પર્યાપ્ત adiquate થવાની નથી.'

આ નિર્ણય પર હું આવ્યો એમાં ગાંધીજીની હિંસા-અહિંસાનો ખયાલ સરખો યે મારા મનમાં તે વખતે ઊગ્યો ન હતો. હું તો સશસ્ત્ર હિંસક ક્રાંતિમાં જ માનતો હતો, અને તે ઇચ્છતો હતો. મારું કહેવું એટલું જ હતું કે અત્યંત તેજસ્વી, ચારિત્ર્યવાન અને 'અવળી ખોપરીવાળા' લોકો પૂરતી સંખ્યામાં મળી જાય તો પણ એ નાનકડી પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રીય સફળતા મળવાની નથી. લોકજાગૃતિ, કેળવણી અને આમૂલાગ્ર જીવનપરિવર્તન એ જ આજને માટે એકમાત્ર ઉપાય છે. એ નિર્ણય ઉપર હું આવ્યો અને એ દિશાએ કામ કરવા માટે કોની કોની મદદ મળી શકે એ જોવા દેશ આખા ઉપર મેં નજર ફેરવી.

ત્યાર પછીની વાત અહીં લખવાની જરૂર નથી. □

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૬ • પ્રક્ષુબ્ધ મન]

ઢચુપચુ મનનો કાળ

જે સમયે તરુણ મનમાં અજંપો, ઉદાસીનતા, બંડવૃત્તિ ને ગુનાહિત લાગણીના ઉધામા હોય છે તો કોઈમાં ભાવનાવશતા, ઉચ્ચ આદર્શોની ધૂન અને દિવાસ્વપ્નીપણું હોય છે. આમાંથી અનિષ્ટને ટાળીને ઇષ્ટને પોષવાનાં છે.

શારીરિક ને માનસિક તંદુરસ્તી વચ્ચે ગાઢ સંબંધ છે. ઊછરતા બાળકમાં કોઈ શારીરિક ખામી હોય કે અપૂરતું પોષણ હોય તો તેના મનતંત્રની સ્થિરતા જોખમાય છે. એ જ રીતે તેના મનમાં વલણ અને સંવેદનાઓની ખામી હોય તો તેના શરીરની સુખાકારીને અસર પહોંચે છે. તરુણ વયમાં જ્ઞાનપ્રાપ્તિ ને વ્યક્તિત્વના વિકાસમાં વેગ આવે છે. એટલે એ કાળે માણસને મળતી જ્ઞાનપ્રાપ્તિની તક પ્રમાણે તેને માનસિક પુખ્તતા પ્રાપ્ત થાય છે અને માનસિક શક્તિના જોરે વિવિધ કામ ઉપાડવાથી સ્નાયુઓની પુષ્ટતા સધાય છે.

નહિ બાળક કે નહિ પુખ્ત એવો તરુણ આ ઊગમ કાળમાં પોતાની માન્યતાઓ, પોતાનું ભાવિ અને સમાજમાં પોતાનું સ્થાન નક્કી કરવા મથે છે. આમ કરવામાં એ મા-બાપ અને વડીલોના ગુણદોષ જોવામાં પડે છે. ઉપરાંત બહારના માણસોની સલાહ સ્વીકારે છે. જો બાળપણથી મા-બાપ સાથે ઘનિષ્ઠ સંબંધ હોય અને આ કાળની તેની શંકાઓ ને પ્રશ્નો સહાનુભૂતિપૂર્વક વિચારાય તો મા-બાપ સાથેના એના દૃઢ સંબંધોની નવી ગાંઠ બંધાય છે. પણ જો મા-બાપ અને બાળકના સંબંધોમાં પારકાપણું કે વૈમનસ્ય હોય તો તરુણને વિચાર અને કાર્યની સ્વતંત્રતા મેળવતાં વિલંબ થાય છે, અગર તો કૌટુમ્બિક સંબંધોમાં વિક્ષેપ પડે છે. વળી, જો તે શિસ્તહીન વર્તનવાળા યુવકો સાથે દોસ્તીથી બંધાયો હોય છે તો એ અસામાજિક વલણ અને વર્તન પણ દાખવે છે.

આ જ વયે જાતિનેય વલણ અને વર્તન પણ પ્રકટે છે. આનાં મૂળ જોકે બાળપણમાં નખાયાં હોય છે, પણ તારુણ્યમાં જ્યારે શરીરમાં ફેરફારો થાય છે અને જાતિનેય લાક્ષણિકતાઓ આણનારું નવું ઇન્દ્રિયજન્ય જ્ઞાન થાય છે ત્યારે તે કામવૃત્તિની ભરતી અનુભવવા સાથે તેને સામી જાતિના સંબંધ વિષે નવા વિચારો આવે છે. વર્તમાન પરિસ્થિતિનાં બળો અને ભૂતકાળના અનુભવો ભળીને એનું જાતિનેય વર્તન ઘડાય છે.

તરુણ ઢચુપચુ મનનો હોય છે. ઉત્સાહ અને નિરુત્સાહ વચ્ચે તેનું મન ઝોલાં ખાય છે. એકાકીપણું ગમતું હોવા છતાં તેને બધાંના સાથમાં રહી કામ કરવાની ઇચ્છા રહે છે. સ્વાર્થીપણા સાથે નિઃસ્વાર્થીપણું અને વિચારોની દૃઢતા સાથે બંડખોર વૃત્તિ પણ તેનામાં દેખાય છે.

વડીલો તરફનું વલણ, જાતીય વૃત્તિનો વિકાસ, બીજાઓ પ્રત્યે રસ, ને મૂલ્યો યા આદર્શોના ઉત્કટપણા ઉપરથી તરુણની માનસિક સ્વસ્થતા આંકી શકાય છે. તરુણ વયની લાગણીની લાક્ષણિક પ્રક્રિયાઓ—સ્વાતંત્ર્યની ખોજ, વ્યક્તિતા અને માનસિક કામુકતા—ના પરિણામે તેનામાં અજંપો, બંડવૃત્તિ, ચિંતા, ઉદાસીનતા, કામચલાઉ જાતિનેય મુશ્કેલીઓ વગેરે વારંવાર થાય છે. તે માનસિક એકલતા, વિચિત્ર લાગણીઓ, વિમાસણ, અકળામણ, નિષ્કારણ પ્રત્યાઘાત અને ગૂંચવણો અનુભવે છે. આ

બધી જો કે કોઈ માનસિક માંદગી નથી, પણ તેમ માનસિક આરોગ્ય પણ નથી. આ વખતે જરૂર છે કુટુંબના કે બહારના કોઈ સહૃદયી વડીલોની, જેની સમક્ષ તે પોતાની મહેચ્છાઓની, મુશ્કેલીની, જાતીય પ્રશ્નોની અને નિષ્ફળતાની લાગણીઓ વ્યક્ત કરી શકે; જે તેની સ્વતંત્રતાને પોષવા સાથે તેને વિધાયક દૃષ્ટિબિંદુ આપે, પરિસ્થિતિના પ્રતિકૂળ સંજોગો હલ કરવામાં સહાય કરે અને તેને વાસ્તવિક સલાહ આપે.

બાળપણના ચાલુ રહેલા લાગણીના સંઘર્ષો તરુણ વયમાં ચાલુ રહે છે. કામવૃત્તિના વિકાસથી ઊભા થતા પ્રશ્નો તેમાં ઉમેરાય છે. વધતા કામાવેગના કારણે સમાજના નીતિનિયમો, આદર્શો અને સામાન્ય ખયાલો વચ્ચે સંઘર્ષ જામે છે. આ સંઘર્ષ ઉદાસીનતા, ચિંતા, ગુનાહિત લાગણી અને એવાં રૂપોમાં દેખા દે છે. તેને ઉકેલવા તરુણ વિવિધ વર્તન દાખવે છે. આમાં માબાપનાં બંધનો સામે ખુલ્લો વિદ્રોહ પણ દેખા દે છે. જો આ શક્ય ન હોય તો છેતરપિંડી અને જુઠાણાનો પ્રપંચી માર્ગ ગ્રહણ કરે છે, તો કોઈ વળી હીનભાવભર્યું અસામાજિક વલણ લઈ તોફાન, ઝઘડા, સત્તાની અવજ્ઞા વગેરેમાં પડે છે. કોક વળી શાળામાંથી ગાપચી મારવી, ચોરી કરવી, તોફાન કરવું વગેરે અશિષ્ટ ટોળાબંધ કાર્યોમાં પડે છે; તો કેટલાક શરમાળ, એકલસૂરા, દિવાસ્વપ્ની અને દ્વેષી બને છે. આ બધા, પરિસ્થિતિને પહોંચી વળવાની અશક્તિના કારણે ઊભી થતી વિસંવાદિતાના નમૂના છે. પરિસ્થિતિના બળાબળ પ્રમાણે તરુણ જેના સમાગમમાં આવે તેના વર્તનનું તે અનુકરણ કરે છે.

આજે દુનિયાભરના યુવાનો જાણે સ્થાપિત હિતો સામે બળવે ચડયા હોય એવું લાગે છે. શિક્ષકો, સમાજ અને ખાસ કરીને માબાપ વિરુદ્ધ એમના અજંપા માટે ઘણાં અનુમાનો થય છે. એક અનુમાન આને માટે આપણી આર્થિક અને સામાજિક પરિસ્થિતિને જવાબદાર લેખે છે. વડીલો અને નેતાઓની આદર્શોની વાતો અને એમના વ્યવહારની રીત વચ્ચે દેખાતું વિશાળ અંતર યુવાનો સહી શક્તા નથી. સમાજ-વિજ્ઞાનીઓ ને માનસવિજ્ઞાનીઓ આ માટે રૂઢિચુસ્ત માબાપ અને અપક્વ તરુણની પેઢી વચ્ચેના ગાળા (જેનરેશન ગૅપ)ના વિરોધને કારણભૂત લેખે છે.

આ અધૂરી સમજ છે. બધા તરુણો કંઈ ફેરફાર ઈચ્છતા નથી અને બધા વડીલો કંઈ રૂઢિચુસ્ત હોતા નથી. ખરી વાત તો જૂનાં મૂલ્યો ઓસરતાં જાય છે ને નવાં મૂલ્યો સ્થિર થયાં નથી તે છે. આવા સ્થિત્યંતરકાળમાં સમાજમાં અશિસ્ત ને હિંસા સામાન્ય હોય છે ને અપક્વતા સાથે નચિંત જીવનના લીધે યુવાનો આના વિશેષ ભોગ બને છે.

દુનિયાભરમાં દેખાતી ઝડપી રાજકીય ઊથલપાથલથી, જિંદગી બિનસલામત લાગવાથી, અને દેશવિદેશના લોકોનો સંપર્ક વધીને વિચારોની આપલે થતી રહેવાથી લોકોનાં જીવનમૂલ્યો આજે બદલાયાં છે. ઊગતાં બાળકોના અને તરુણોના વ્યક્તિત્વના સંવાદિત વિકાસ માટે જે શાંત અક્ષુબ્ધ પરિસ્થિતિ જોઈએ તેની ખોટ વરતાય છે. શિસ્તનાં ધોરણ ઊતરી રહ્યાં છે. સભ્યતા અને સૌજન્યના બદલે અસંસ્કારિતા અને તોછડાઈ સામાન્ય બન્યાં છે. પુષ્કળ નવરાશ, એશઆરામ ને સુખસગવડોના અનુરાગના કારણે આજનો તરુણ બેચેની અને ક્ષુબ્ધતા અનુભવે છે. ઉશ્કેરણીભર્યાં ને રહસ્યમય નાટક-સિનેમા તથા હળવાને નામે હલકા સાહિત્યના ફેલાવાથી ઉત્સાહી અને અદૃઢ ચારિત્ર્યવાળા તરુણોના વ્યક્તિત્વના વિવિધ પ્રશ્નો ઊભા થાય છે. જિંદગીનો આ કાળ ક્ષુબ્ધતા, ધમાચકડી, ક્રોધાવેશ, ભાવનાવશતા અને ઉચ્ચ આદર્શોનો છે.

વ્યક્તિપૂજા એ તારુણ્યના મનની નિર્બળતા છે. આ વિકાસકાળ દરમિયાન જ તરુણો કાં તો ઉચ્ચ જીવનમૂલ્યો, આચરણની શ્રેષ્ઠતા અને પ્રાવીણ્ય ધરાવતા કોઈ વડીલને આદર્શ રૂપે સ્વીકારી તેના અનુકરણમાં પડે છે; યા તો કોઈ રાજકીય નેતાની જાળમાં ફસાઇને તેઓનાં ધાર્યાં નિશાન પાડવા ભાંગફોડના કામમાં પૂરી તાકાતથી ઝંપલાવે છે. એ પુખ્ત વયના બધા વિશેષાધિકારો માગે છે, પણ તેની સાથે કોઈ મોજશોખ રાજીખુશીથી છોડી દેવા કે કોઈ જોખમદારી ઉપાડવા તે તૈયાર નથી. ઘરમાં તે બળવાખોર, ઉગ્ર આચરણવાળો ને માબાપ તરફના વલણમાં અસ્થિર રહે છે. કદીક માબાપ કે સમાજના કરતાં વિરુદ્ધ આદર્શો અને નિયમો અપનાવીને બળવાખોર વૃત્તિ દાખવે છે. ઘણા ભાગે તો મોટું નુકસાન કર્યા વગર આ તોફાન શમી જાય છે, પણ કોક કિસ્સામાં જો માબાપ અને તરુણ વચ્ચે અન્યોન્ય વિશ્વાસ અને યોગ્ય સમજદારીવાળા વિચારોની મુક્ત આપલે ન હોય તો કુટુંબમાં કૂટ પ્રશ્નો ઊભા થાય છે.

કોક અદાકાર, નેતા કે વિશિષ્ટ વ્યક્તિના ભાવચિત્રની ધારણા કરી તરુણ તે મુજબ શરીર ઘડવા મથે છે. સુંદર શરીર માટે આગ્રહ રાખતા કુટુંબમાં સુંદરતાના ખયાલથી જરા ઓછો ઊતરતાં તરુણ છેડાઈ જઈ લોકો સાથે છૂટથી ભળતો નથી. માબાપનું ધુત્કારતું કે વખોડતું વલણ તરુણમાં લાગણીના બગાડા આણે છે, તેનો અહંભાવ ઘવાય છે.

પૂર્વતારુણ્ય કે તારુણ્યકાળમાં બંડવૃત્તિનું એક લક્ષણ ઘેરથી નાસી જવાનું છે. કુટુંબના કંકાસી વાતાવરણ, નપાસ થતાં પિતાના ક્રોધના ભય કે વ્યક્તિગત લાગણીની તાણ હેઠળ તરુણ નાસી જાય છે. આવા તરુણોમાં કાં તો પ્રેમની ભૂખ હોય છે અગર તો નિર્બળ પિતાની ઉપરવટ માતાની હકૂમતથી ત્રાસેલા હોઈ શોચનીય સંજોગોથી છૂટવાની વૃત્તિ હોય છે. કેટલાકમાં હતાશા કે અસામાજિક પ્રશ્નો પણ સંડોવાએલા હોય છે.

તરુણો સ્વતંત્રતા સાથે સલામતી પણ વાંછે છે. તે સંપૂર્ણ બાળપણ છોડતા નથી, સાથે સાથે મોટા થવાનું પણ ઇચ્છે છે. તેમને પોતાના નિર્ણયો કરવા છે, મિત્રો પસંદ કરવા છે અને ખિસ્સાખર્ચીના પૈસા જોઈએ છે. આ નવી જવાબદારીમાં ભૂલભરેલા નિર્ણયો કરી બેસવાનો અને અયોગ્ય મિત્રો કરવાનો ભય રહેલો છે. યોગ્ય નિર્ણય લેવા જેટલી પાકી બુદ્ધિ વિનાના તરુણો સહેલાઈથી જો કોઈ ફંદામાં ફસાતા હોય તો તે છે ધૂમ્રપાન, કેફી પીણાં અને અન્ય વ્યસનો.

તરુણ વય કામનાની ભરતીનો કાળ છે, અને શહેરી જીવનમાં બન્ને જાતિનાં તરુણોને મળવાના પ્રસંગો આવે છે. આજકાલ કામવૃત્તિ તરફના બદલાતા સંજોગોથી તરુણોનાં મન જાતિનેય દૃષ્ટિએ ક્ષુબ્ધ બનેલાં છે. આ વખતે તરુણોએ ચેતી જઇને સામી જાતિ સાથે અનિચ્છનીય ઘરોબો નહિ વધારવાની ને દેહની ભૂખને નિંદ્ય ગણવાની વૃત્તિ પ્રબળ બનાવવાની જરૂર છે. સાથેસાથે પોતાની શક્તિઓનું ઊર્ધ્વીકરણ થવા કાજે તેને યોગ્ય દિશામાં વાળવા સારુ તરુણોએ રમતગમતના મેદાનમાં કે સાહિત્ય, કળા આદિ અન્ય તંદુરસ્ત પ્રવૃત્તિઓમાં ગળાબૂડ પડી જવું જોઇએ. નાસીપાસીની પ્રતિક્રિયાઓ અટકાવવા માટે આવી પ્રવૃત્તિઓ લાભદાયી છે.

માનસ-કામુકતાના વિકાસના આ ગાળામાં અગમ્યગમનનો પણ એક ગાળો આવે છે. સામાજિક નીતિનિયમોના કારણે આ તબક્કો દબાવાય છે, જેના કારણે બંડખોરપણું અને ખુલ્લો વેરભાવ પ્રગટે છે. જો માબાપ સમજદારી ને સહાનુભૂતિથી તરુણને સમજી ન શકે તો બળવો પ્રબળ બને છે.

તારુણ્યના સંઘર્ષ અને સંક્રમણ કાળમાં માબાપોએ તરુણોને પ્રેમ, સમજદારી અને સહાનુભૂતિથી વિશ્વાસમાં લેવાના છે. તેમના મનમાં ઊગવું જોઈએ કે માતાપિતાએ પ્રેમ અને વત્સલતાથી તેમને મોટા કર્યા છે. ઉંમર વધતાં બાળકને શ્રદ્ધા અને વિશ્વાસનો ટેકો લેવા માબાપની અવેજીમાં કોઈ એકાત્મભાવ વધારનાર આદર્શની જરૂર રહે છે. વિશ્વ અને તેમાં પોતાના સ્થાન વિષે તેને થોડો ખયાલ આવવો જરૂરી છે. પરમાત્મામાં વિશ્વાસ ને આદર્શોમાં શ્રદ્ધા પ્રેરતું આધ્યાત્મિક જ્ઞાન તેને દુનિયાના પ્રશ્નોને પહોંચી વળવા હિંમત બક્ષે છે. સરજનહારની સમગ્ર સૃષ્ટિમાં પોતે પણ કંઈક છે, પોતાનું પણ કંઈક સ્થાન છે એવો દૃઢ ખયાલ તેને બંધાવો જોઈએ. □

બાંગ્લા દેશનો ઉદય

કનુભાઈ જાની

અકલ્પ્ય યાતનાઓની અગ્નિપરીક્ષામાંથી બાંગ્લાદેશ પ્રકટયો; માનવઇતિહાસની આ એક અત્યંત મહત્ત્વની ઘટનાના ગયે માસ આપણે સાક્ષી બન્યા. કોઇ દેશને પોતાના સ્વાતંત્ર્ય માટે બાંગ્લા જેટલો ભોગ આપવો પડયો નથી. દસ લાખના જાન ગયા, લાખો કુટુંબો ભાંગ્યાં; જાન બચાવવા એક કરોડ જેટલા લોકોને સ્વજનો ગુમાવી, ઘરબાર છોડી, શરણાર્થી તરીકે ભારત ભાગી આવવું પડયું; રસ્તાઓ, પુલો, રેલપાટા, સ્ટેશનો, બંદરો, હવાઇ મથકો, તાર-ટપાલનાં કેન્દ્રો ને સાધનો, શાળા-કૉલેજો, ઇસ્પિતાલો, ગોદામો, મકાનો—અરે, ગામોનાં ગામો તારાજ થઇ ગયાં! પ્રકૃતિનાં તાંડવો તો બાંગ્લાએ બહુ જોયાં છે; વિરાટ પાયા પર આટલો, આવો પૂર્વયોજિત નરસંહાર માનવજાતે કદી નથી જોયો-સાંભળ્યો. 'જેનોસાઇડ'(Genocide) અને 'એલાઇટોસાઇડ' (Elitocide)–જનગણસંહાર અને બુદ્ધિશાળીઓનો સંહાર–શબ્દો ત્યાંનાં કમકમાટી ભર્યાં કૃત્યોએ જાણીતા કર્યા છે.

બાંગ્લામાં નરસંહાર ચાલતો હતો ત્યારે સામે પક્ષે ઠંડે પેટે કુટિલ રાજરમત ખેલાઇ! જાણે મડદાં ઉપર ગીધો બેઠાં! લોકશાહીને વરેલા અમેરિકા જેવા દેશે પિશાચોનો પક્ષ લીધો! શરણાર્થીઓને સહાય કરવા જતાં ભારત સંડોવાયું, તો એને યુદ્ધમાં ઘસડી જવામાં આવ્યું. વિશ્વ-સંસ્થા–'યૂનો' દ્વારા ને ખુદ અમેરિકા–ચીન દ્વારા એને ધમકીઓ અપાઇ. આપણી યે આવી તાવણી ક્યારે ય નથી થઈ. પરંતુ એ તાવણીમાંથી આપણે અણીશુદ્ધ રીતે, શક્તિશાળી પુરવાર થઇને, આ તબક્કે તો, નીકળી શકયા છીએ. પરાજય પછી પાકિસ્તાનમાં તરત જ સત્તાપલટો થયો છે. યાહ્યાને સ્થાને ભુટ્ટો આવ્યા છે. પાકિસ્તાન એના પરાજયના, અને અમેરિકા એણે માનેલ એના માનભંગના, કેવા પ્રત્યાઘાતો પાડે છે તે જોવાનું રહ્યું. રાજરમત હજી ચાલુ છે.

પણ બે બાબતો એકસાથે ગયે માસ બની ગઈ; ચૌદ દિવસના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં આપણો અપૂર્વ વિજય થયો અને બાંગ્લા દેશનું નિર્માણ થયું. શાને કારણે? ચૌદ દિવસના એ યુદ્ધને જ કારણે? ના. એ યુદ્ધ તો આપણી ચોવીસ વર્ષની ખામોશીની ધાર છે. આ યુદ્ધની પહેલાંના આઠ-નવ માસ આપણે જે ધીરજ ધરી એ, યુદ્ધથી યે મોટું પરાક્રમ છે. એથી જ બ્રિટન, ફ્રાન્સ, રશિયા જેવા દેશોની સહાનુભૂતિ આપણે જીતી શકયા. આપણે આપણા સિદ્ધાન્તો ને ગૌરવ ન છોડયાં, ગાળાગાળીમાં ન પડયા, અપૂર્વ રાજકીય પ્રૌઢતા દાખવી, આપણાં વડાંપ્રધાને અજબ રાજકીય કુનેહ-ચાલ દાખવ્યાં, સેનાએ ત્રણે વિભાગોના પરસ્પરના સુમેળથી કામ કર્યું, સેનાનીઓએ યુદ્ધની ચાલમાં દક્ષતા દાખવી, આ બધાંને કારણે, આપણી રાષ્ટ્રીયતાની રજતજયન્તીના ઉષ:કાળે જ, આપણે સબળ રાષ્ટ્ર તરીકેની છાપ પાડી શકયા. આપણાં રાષ્ટ્રીય મૂલ્યો પણ સાચી દિશાનાં છે તે સિદ્ધ કરી શકયા. પાકિસ્તાન સર્જનારનો 'દ્વિરાષ્ટ્ર (હિંદુ ને મુસ્લિમ રાષ્ટ્રોનો) સિદ્ધાન્ત' ખોટો ઠર્યો. ધર્મનિર્ભર રાષ્ટ્રનો નાદ પણ ખોટો ઠર્યો. હજારેક માઇલના અંતરે છેટા રહેલા બે ભાગોવાળું ભિન્ન-ભૂગોળી એકરાષ્ટ્ર ટકી ન શકે. ભાગલા વખતની એક ભૂલ, આમ સુધરી ગઈ.

આખી યે ઘટનાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોવાનો આ અવસર છે.

ચોવીસ વર્ષમાં પાકિસ્તાનમાં શું થયું? આરંભનાં અગિયાર વર્ષો સત્તા માટે નેતાઓની ખેંચતાણ ને ખટપટનાં હતાં; પછીનાં અગિયારમાં અયુબનું એકહથ્થુ શાસન હતું; છેલ્લાં બે વર્ષથી યાહ્યાનું એકહથ્થુ સૈનિક



બાંગ્લા દેશ : કુલ ૪૭૧૨ કિ. મી.ની સરહદ પર અગ્નિકોણમાં બ્રહ્મદેશ અને બાકીની ભૂમિમાં ભારતથી વીંટળાએલો તથા દક્ષિણે ૭૧૬ કિ. મી.ની સાગરકંઠારવાળો દેશ. પદ્મા (ગંગા), જમુના (બ્રહ્મપુત્રા), મેઘના, મધુમતી, સુરમા વગેરે અનેક નદીઓના કાંપની જમીનને કારણે મુખ્યત્વે ખેતીપ્રધાન. ડાંગર, શેરડી, ઘઉં, ચણા, ચા અને દુનિયાના કુલ ઉત્પાદનમાંથી ૮૦ ટકા જેટલી શણની પેદાશ. વસતિની મોટાભાગની જરૂરિયાતો અને રોજગારી ખેતી પર આધારિત. જંગલનું લાકડું વાંસ અને મધ તથા માછલાં એ અન્ય પેદાશ. સુતરાઉ કાપડ તથા શણની મિલો; ખાંડ, દિવાસળી, હોઝિયરી, કાગળ, રાસાયણિક ખાતર ને જહાજની બાંધણીનાં કારખાનાં એ એના ઉદ્યોગો. તારાજી પૂર્વે ૧૭૫૨ રૂટ માઈલ જેટલી રેલવે અને માત્ર ૨૦૦૦ માઈલ જેટલા બારમાસી માર્ગો. નદી માર્ગે પણ બહોળો વહેવાર ચાલે છે. હવામાન ગરમ અને ભેજવાળું. ઉનાળામાં અને ચોમાસાના અંતમાં ભયંકર વંટોળ-વાવાઝોડાની ભીતિ. વરસાદ વર્ષમાં આઠ માસ સ્થળભેદે ૫૫ થી ૨૦૦ ઇંચ જેટલો. વાઘ, મગર, હાથી, દીપડા વગેરે અહીંના મુખ્ય વન્ય પ્રાણીઓ. વસતિગીચ ને શિક્ષિત.

શાસન હતું. ચૂંટણી થઇ ન હતી; પ્રજાને લોકતંત્ર ને બંધારણ મળ્યાં ન હતાં. અવ્યવસ્થા ને અંધાધૂંધીનો પાર નહોતો. એક જ દાખલો લઇએ. ૧૯૫૮ની ૨૦મી સપ્ટેમ્બરે મળેલી વિધાનસભામાં એટલાં ધાંધલધમાલ થયાં કે સ્પીકર નાસી ગયા; ૨૩મીએ પોલીસે એમને પેસવા ન દીધા! ઉપાધ્યક્ષ શાહેદઅલીને એટલો માર પડયો કે ૨૬મીએ એ મૃત્યુ પામ્યા!

અયુબના શાસનમાં પૂર્વ-પાક-નેતા સુહરાવર્દીને પકડવામાં આવ્યા ત્યારે તોફાનો ફાટી નીકળ્યાં. ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આગેવાની લીધી. હડતાળો પડી. એવી રાજકીય જાગૃતિ આવી કે સુહરાવર્દીને છોડવા પડયા, રાજકીય પક્ષો પરથી પ્રતિબંધ ઉઠાવી લેવો પડયો. ઈ. ૧૯૬૩માં મુજીબ–ઉર–રહેમાનની અવામી લીગ સ્થપાઈ. ભાષાણી ચીન જઈ આવ્યા. એ જ વર્ષે સુહરાવર્દી મૃત્યુ પામ્યા. ઈ. ૧૯૬૪માં

અવામી લીગે પૂર્ણ સ્વાયત્તતા માગી. એને ભાષાણીએ પણ ટેકો આપ્યો. ૧૯૬૫માં ભારત સાથે યુદ્ધ થયું ને ઐયુબે પૂર્વ બંગાળને નધણિયાતો રાખ્યો. ત્યારે લાલબહાદુરે બાહોશી વાપરી એના પર હુમલો ન કરી, એ પ્રજાને ઓશિંગણ બનાવી. એટલે જ તાશ્કંદ-કરારના પ્રત્યાઘાતમાં પશ્ચિમ પાકિસ્તાનમાં ભારતવિરોધી જે આંદોલન થયું, એમાં પૂર્વ પાકિસ્તાન ન ભળ્યું. ઈ. ૧૯૬૬ની ૧૨મી ફેબ્રુઆરીએ મુજીબુર રહેમાને પોતાની છ મુદ્દાની ઐતિહાસિક દરખાસ્ત મૂકી.

'બાંગ્લા દેશ'ની લડત ત્યારથી શરૂ થઈ. એની ટીકા કરતાં ઐયુબે ત્યાં સુધી કહ્યું કે 'સ્વાધીન બાંગ્લા'ની લડતથી જો દેશની અખંડિતતાને આંચ આવશે તો પશ્ચિમ પાકિસ્તાન ગૃહયુદ્ધ કરતાં પણ અચકાશે નહિ. દેશ જો ખતમ થઈ રહ્યો હશે તો એ ખતરનાક રસ્તો ય અપનાવીશું.' એપ્રિલ-મેમાં શેખની ધરપકડ થઈ. તોફાનો ચાલુ રહ્યાં. ઈ. ૧૯૬૮માં 'અગરતલા કાવતરા'નું તરકટ ઊભું કરી, જેલવાસી મુજીબને એમાં સંડોવવાનો પ્રયત્ન થયો. પણ જનઆંદોલને ઉગ્ર રૂપ લીધું. જનતાની અદાલતો કેસો ચલાવવા લાગી! વિદ્યાર્થીઓએ ઢાકા યુનિવર્સિટી કબજે કરી. ઈ. ૧૯૬૯ને આરંભે આખા પૂર્વ પાકમાં હડતાળ પડી. દસ હજાર લોકો સચિવાલયમાં ધૂસી ગયા. મુજીબને છોડવા પડ્યા. એ વર્ષના માર્ચની ૨૫મીએ ઐયુબે સત્તા ઝૂંટવી લીધી ને માર્શલ લૉ જાહેર કર્યો.

આ ગાળા દરમિયાન બંગાળી ભાષાની સામે ઉર્દૂ દાખલ કરવાના દુરાગ્રહે બંગાળી રાષ્ટ્રીયતાને પ્રજ્વલિત કરી. એનો પાશ થોડોક પશ્ચિમ પાકિસ્તાનને ય લાગ્યો. સિંધમાં કવિ અય્યાઝનો સૂર ઊઠ્યો:

'ભારત ગયેલા બાંધવોને સાદ દો,
રાજનીતિની દીધેલી બેડીઓ તોડી
ફરીથી એક થઈએ; આવો!
સિન્ધુ તો માતા તમારી ને અમારી બેહની.'

પૂર્વમાં તો બાઉલ-નઝરુલથી આજ સુધી પરંપરાએ આજ ગવાતું આવ્યું છે:

'એક શાખાનાં જ આ બે ફૂલ:
હિન્દુ-મુસલમાન.
એક માતાનાં જ આ બે નૈન:
હિન્દુ-મુસલમાન.' (નઝરુલ ઇસ્લામ)

છેક ૧૯૫૫માં પણ ૯૦ ટકા લોકોએ મુસ્લિમ લીગ વિરુદ્ધ પ્રચંડ બહુમતીથી ફઝલુલ હકને ચૂંટ્યા હતા. એના જ અનુયાયી છે મુજીબ. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સ્વતંત્ર બાંગ્લાદેશ એમનું સ્વપ્ન છે. ત્યાંના લોકોનું પણ એ સ્વપ્ન છે.

એટલે જ યાહ્યાએ યોજેલી પ્રથમ ચૂંટણીમાં મુજીબની અવામી લીગને પૂર્વ પાકની

આમાર સોનાર બાંગ્લા!

આમાર સોનાર બાંગ્લા,
આમિ તોમાય ભાલોબાસી.
ચિરદિન તોમાર આકાશ તોમાર બાતાસ
આમાર પ્રાણે બાજાય બાંશિ! —આમિ૦
ઓ મા! ફાલ્ગુને તોર આમેર વને
ઘ્રાણે પાગલ કરે,
(મરિ હાય, હાય રે!)
ઓ મા! અઘ્રાને તોર ભરા ખેતે
કી દેખેછિ મધુર હાસિ! —આમિ૦

કી શોભા! કી છાયા, ગો!
કી સ્નેહ! કી માયા, ગો!
કી આંચલ બિછાયેછ વટેર મૂલે
નદી કુલે કુલે!
મા! તોર મુખેર વાણી આમાર કાને
લાગે સુધાર મતો!
(મરિ હાય, હાય રે!)
મા! તોર વદનખાનિ મલિન હલે
આમિ નયનજલે ભાસિ! —આમિ૦

તોમાર એઈ ખેલાઘરે
શિશુકાલ કાટિલ રે,
તોમારિ ધુલામાટિ અંગે માખિ
ધન્ય જીવન માનિ.
તુઈ દિન ફુરાલે સંધ્યાકાલે
કી દીપ જ્વાલિશ ઘરે!
(મરિ હાય, હાય રે!)
તખન ખેલાધુલા સકલ ફેલે
તોમાર કોલે છુટે આસિ. —આમિ૦

ધેનુ ચરાઇ તોમાર માઠે,
પારે જાબાર ખેયા-ઘાટે,
સારા દિન પાખિ-ડાકા છાયાય ઢાકા
તોમાર પલ્લિ-બાટે,
તામાર ધાને ભરા આંગિનાતે
જીવનેર દિન કાટે,
(મરિ હાય, હાય રે!)
ઓ મા! આમાર જે ભાઈ તારા સબાઈ
તોમાર રાખાલ તોમાર ચાષિ. —આમિ૦

ઓ મા! તોર ચરણે તે
દિલેમ એઇ માથા પેતે,
દે ગો તોર પાયેર ધુલા, સે જે આમાર
માથાર માનિક હબે!
ઓ મા! ગરીબેર ધન જા આછે
તાઇ દિબ ચરણ તલે,
(મરિ હાય, હાય રે!)
આમિ પરેર ઘરે કિનબ ના આર
ભૂષણ બોલે ગલાર ફાંસી. —આમિ૦

(રવીન્દ્રનાથ ઠાકુર)

સોનાની મા-ભોમ!

હેમમયી મારી બાંગ્લા!
હું તવ નેહપિયાસી.
આભ આ તારું ને વાયરો આ વણથંભ
રોજ રે પ્રાણે છેડે બાંસી! —હું
ઓ મા! ફાગણે તારું વન આંબાનું
ગંધે પાગલ કરે!
(કેવું હાય રે પાગલ કરે!)
ઓ મા! માગશરે જોતો લચતાં ખેતર
મધુર હાસ-ઉલ્લાસી! —હું

શી રે શોભા! શી છાયા, ઓ!
કે...વો નેડો! કેવી માયા, ઓ!
કેવો પાથર્યો પાલવ વડલા-તળે
સરિતા-તીરે તીરે!
મા! મુખની તારી વાણ કાનોમાં
રેલતી અમી જાણે!
(કેવું હાય રે અમી જાણે!)
માડી! મ્લાન થતાં તુજ મુખ હું
નૈનને નીર તણાઉં ઉદાસી! —હું૦

તારે આ ક્રીડાગૃહે
સારો શિશુકાલ વીત્યો રે,
ચોળી તુજ ધૂળમટોડી દેહે મારે
ધન્ય જીવન માનું.
તું, ઓ રે! ઢળતે દા'ડે સંધ્યાકાળે
ચેતવે દીપ શો ઘરે!
(દીવો રે હાય તું ચેતવે ઘરે!)
તેવારે રમતો છોડી ગમતો છોડી
ખોળલે તારે આવતો નાસી. —હું૦

ગાવડી ચરે ખેતરે તારે,
નાવડી તરે ઘાટે તારે,
દી આખો પંખી-કૂજ્યા છાંયઢબૂર્યા
ગામને મારગ તારે,
તારે તે ધાનભરેલે આંગણિયે રે
વીતે દી આયખાના રે,
(કેવા દી આયખાના રે!)
ઓ મા! સૌ જે તારા, ભાઈ એ મારા
ગોપ ને ખેતનિવાસી. —હું૦

ઓ મા! આ ચરણે તારે
ધરી દીધ શીશ મારું મેં,
દે ઓ પદતળની કણી, એ જ તો માથે
શોભશે અમૂલ મણિ!
ઓ મા! નિર્ધનનું મુજ ધન તે બધું
અરપું આ તવ પદે,
(ઓ મા! અજબ આ તવ પદે)
હવે ના પરઘરેથી લાવવું કૈં યે
શોભા માની કંઠની ફાંસી! —હું૦

(અનુવાદ: કનુભાઈ જાની)

[નવોદિત બાંગ્લા દેશનું આ રાષ્ટ્રગીત બંગભંગ ટાણે રવીન્દ્રનાથે રચેલું. એક જ કવિનાં બે ગીતોને બે ભિન્ન રાષ્ટ્રોએ રાષ્ટ્રગીત બનાવ્યાં હોય એ ઘટના અજોડ છે. ભારતના ભાગલા પાડનાર-પડાવનારનો દ્વિરાષ્ટ્રસિદ્ધાન્ત સદંતર ખોટો હતો તેની આ એક સાબિતી.]

૧૬૯માંથી ૧૬૭ બેઠકો મળી! પૂર્વ-પશ્ચિમ બન્ને વિભાગોમાં મળીને પણ બહુમતી પક્ષ એમનો જ ઠર્યો. ભુટ્ટોને પશ્ચિમમાંથી પણ માત્ર સિંધ-પંજાબ બે પ્રાન્તોમાં જ સરસાઈ મળી. બલુચિસ્તાન–સરહદ પ્રાન્તની નૅશનલ અવામી પાર્ટીએ મુજીબના છ મુદ્દાને સ્વીકાર્યો. એની મુખ્ય માગ આ હતી: બન્ને વિભાગોમાં લોકનિયુક્ત સ્વાયત્ત સરકાર; સંરક્ષણ અને વિદેશી બાબતો કેન્દ્ર હસ્તક રહે, છતાં નૌકા-મથક, દારૂગોળાનું કારખાનું અને સૈનિક અકાદમી પૂર્વમાં રહે; નાણાં-વ્યવસ્થા પણ બન્નેની અલગ હોય.

૧૯૭૧ના જાન્યુઆરીમાં ભુટ્ટો-યાહ્યાએ મુજીબ સાથે મંત્રણાનો ડૉળ કર્યો. 'પાકિસ્તાનના ભાવિ વડા પ્રધાન' તરીકે યાહ્યાએ એમનો ઉલ્લેખ પણ જાહેરમાં કર્યો. પણ પેટમાં પાપ હતું. મંત્રણાઓ તો કારસ્તાનનો એક ભાગ હતી! ૩૦મી જાન્યુઆરીએ એક ભારતીય વિમાનનું અપહરણ થયું. બીજી ફેબ્રુઆરીએ એને લાહોરમાં ફૂંકી દેવાયું! એ કાળું કામ કરનાર ચાંચિયાઓનું જાહેર સન્માન થયું! ભુટ્ટોએ ત્યાં ય આગેવાની લીધી. મુજીબે આ કૃત્યને વખોડી કાઢ્યું. ભારતે પોતાના પ્રદેશ પરથી પાક વિમાનોના ઊડવા પર પ્રતિબંધ મૂક્યો.

યાહ્યાએ ત્રીજી માર્ચે ધારાસભા બોલાવવાનું જાહેર કર્યું હતું. જાન્યુઆરીની મંત્રણાઓ દરમ્યાન ભુટ્ટોએ એ સામે હરફે ન ઉચ્ચાર્યો; પણ પાછળથી એનો બહિષ્કાર પોકાર્યો! પશ્ચિમ પાકિસ્તાનના અન્ય પક્ષોને પણ એમ કરવા જણાવ્યું. પણ, ક્યુમની મુસ્લિમ લીગમાંના કેટલાક સભ્યો સિવાયનું કોઈ એમાં ન ભળ્યું! ખુદ ભુટ્ટોના પક્ષમાં પણ એના આ વલણ સામે ધૂંધવાટ હતો. પરિણામે, ભુટ્ટો–યાહ્યાની અનિચ્છા છતાં, ધારાસભા મળે એવો તાગ થયો! એટલે યાહ્યાએ 'પશ્ચિમ પાકિસ્તાનના મુખ્ય પક્ષનો વિરોધ અને ભારતે હવાઈ પ્રતિબંધ વગેરે દ્વારા ઊભી કરેલી તંગ પરિસ્થિતિ'નું બહાનું કાઢી ત્રીજી માર્ચની બેઠક રદ કરી; પૂર્વ પાકના ગવર્નરપદેથી ઍડમિરલ એસ. એમ. અહસનને બરતરફ કર્યા; લશ્કરી કાયદો લાગુ પાડ્યો; ધરપકડો-પ્રતિબંધો શરૂ કર્યા. આ પ્રજાદમનના યાહ્યા–ભુટ્ટો ભાગીદાર થયા.

એ સામે ત્રીજી માર્ચે જ મુજીબે દેશવ્યાપી અસહકારનું અહિંસક આંદોલન શરૂ કર્યું. મુક્તિજંગ આરંભાયો. હડતાળ, અસહકાર ને ના-કર શરૂ થયાં. શેખે લશ્કરી વહીવટદારોને મહેતલ આપી: 'સાતમી માર્ચ પહેલાં સૈન્ય એમની બરાકોમાં ચાલ્યું જાય. લોકપ્રતિનિધિઓને રાજ્ય હવાલે થાય.' છઠ્ઠીએ યાહ્યાએ જાણે એનો સવળો પડઘો પાડ્યો. ધારાસભા માટે ૨૫મી માર્ચ જાહેર કરી;–જો કે ધમકી પણ આપી: 'પાકિસ્તાનની એકતા જોખમાય એવું કશું બરદાસ્ત નહિ થાય.' વળતે દિવસે જ મુજીબે ચાર માગણી મૂકી: માર્શલ લૉ જાય; સિતમની જાહેર તપાસ થાય ને સહન કરનારને પૂરતું વળતર અપાય; સત્તા લોકોને સુપરત થાય.' આમ ન બને ત્યાં સુધી પોતે ધારાસભામાં નહિ જાય અને લોકો લડત બંધ નહિ રાખે એ સ્પષ્ટ કર્યું. પણ લડત ને સામે સૈનિક દમન બંને ઉગ્ર બનતાં ગયાં ને શેખે લોકોને એલાન આપ્યું: 'પ્રત્યેક ઘરને દુર્ગ બનાવો.'

આઠમી માર્ચથી તો જાણે મુજીબનું જ રાજ્ય ચાલ્યું. ઢાકા રેડિયો કેન્દ્ર 'ઢાકા બેતાર કેન્દ્ર'ને નામે પ્રસારણ કરવા લાગ્યું ને ત્યાંથી મુજીબના આદેશો પ્રસારિત થવા માંડ્યા. દુઃખોથી દબાવાને બદલે પ્રજા વધુ મક્કમ બનવા લાગી. 'સરકાર' જેવું કશું રહ્યું નહિ. લશ્કરને અન્નપાણી-સાધનો ન મળે. પોલીસ સહિત આખું વહીવટીતંત્ર પણ હડતાળ પર! યાહ્યાએ નીમેલા ગવર્નર લેફ્ટેનન્ટ જનરલ ટિક્કાખાનને સોગંદવિધિ કરાવવા (નવમી માર્ચે) કોઈ ન્યાયાધીશ પણ ન મળે! ન્યાયતંત્ર ને મુલકી વહીવટ સત્યાગ્રહીઓના હાથમાં. ચિતાગૉંગમાં લાંગરેલી સ્ટીમર પરથી માલ ઉતારવા મજૂરો ય તૈયાર નહિ. 'ઇસ્ટ પાકિસ્તાન રાઈફલ્સ', 'બંગાલ રાઈફલ્સ' અને 'ઇસ્ટ પાકિસ્તાન પોલીસ' એ ત્રણે દળોએ પોતાના બંધુઓ પર શસ્ત્રો ચલાવવાની ના પાડી દીધી. મુજીબના ૩૫ આદેશો સૌએ માથે ચડાવ્યા; યાહ્યાનો એક પણ નહિ! જગતના સત્યાગ્રહના ઇતિહાસનું આ એક સ્મરણીય પાનું બનશે.

બીજી તરફ લશ્કર ખડકાયે જતું હતું, 'પી. આઈ. એ.'નાં વ્યાપારી વિમાનો દ્વારા પશ્ચિમમાંથી નાગરિકોના પોશાકમાં, સૈનિકો ને યુદ્ધસરંજામ અવિરત આવતાં. એ દરમિયાન વાટાઘાટોનું નાટક ભજવાતું ગયું. ૨૧મીથી ૨૫મી સુધી એ મંત્રણાની છલના ચાલી. ભુટ્ટો પત્રકારોને ય છેતરતો રહ્યો: બધું સારું ચાલે છે. સમાધાન હાથવેંતમાં છે, ત્રણેક દિવસમાં વચગાળાની સરકાર થશે. ૨૫મીએ કહે: 'ખુદાના શુક્ર; ઊગરી ગયા.'

વાત ખોટી નહોતી પણ એનો અર્થ જુદો હતો. લશ્કરી તૈયારી પૂરી થઈ ગઈ હતી. હવાઈ-દરિયાઈ માર્ગેથી લવાએલું ૮૦,૦૦૦નું સૈન્ય ધારેલે સ્થાને ગોઠવાઈ ચૂક્યું હતું. ૨૫મીએ રાત્રે ભુટ્ટો–યાહ્યાએ લશ્કરને છુટ્ટો દોર આપી ઢાકા છોડ્યું. મધરાતે ઊંઘતી નિર્દોષ પ્રજા પર લશ્કર વણવાંકે, વણફક્યું જાહેરાતે, ચેતવણીનો હરફે ઉચ્ચાર્યા વિના, મશીનગનો-તોપો સાથે તૂટી પડ્યું. પહેલાં આગ લગાડાય, પછી એમાંથી ભાગવા માંડતા માનવીઓને વીંધવામાં આવે. સ્ત્રી-પુરુષ-બાળ-બુઢ્ઢાં કોઈ ને પણ.

એ જ રાતે મુજીબનું પણ હરણ કરી ગયા. બીજે દિ' એમનાં સ્ત્રી-બાળકોને નજરકેદ કર્યાં. બીજે દિવસે સવારે ચિતાગૉંગ, જેસોર ને ખુલનામાં થઈને વીસહજાર શબો ઢળ્યાં હતાં, ત્યાં ઢાકાની તો વાત જ શી! છતાં બાંગ્લાદેશની પ્રથમ કામચલાઉ વચગાળાની સરકારની સ્થાપના પણ તે જ દિવસે થઈ. એના પ્રમુખ સૈયદ નઝરુલ ઇસ્લામે મક્કમતાથી જાહેર કર્યું: 'પૂર્ણ સ્વાધીનતા છાડા આર કિછુ નૉય.' (હવે તો પૂર્ણ સ્વાધીનતા વિના બીજું કાંઈ ખપે નહિ.) વડા પ્રધાન તાજુદ્દીને કહ્યું: 'આપણા શબઢગમાં પાકિસ્તાન તો હવે દફનાવાઈ ગયું.' પછી તો સગ્રામસમિતિ પણ રચાઈ. 'સ્વાધીન બાંગ્લા બેતાર કેન્દ્ર' ચાલુ થયું. મુજીબનગરની આમ્રકુંજોમાં આ સ્વતંત્ર સરકારનું પહેલું અધિવેશન જાહેર રીતે મળ્યું.

લડતને કચડવા યાહ્યાએ બધા જ રાજકીય પક્ષો પર પ્રતિબંધ મૂક્યો. અવામી લીગને ગેરકાનૂની ઠરાવી. લશ્કરે ચલાવેલા અકલ્પ્ય અત્યાચારોથી બચવા રક્ષણાર્થીઓની વણઝાર, મોટા નદપ્રવાહની જેમ, ભારત ભણી સતત વહેવા લાગી. ત્યાં સુધી આ અત્યાચારોની કાળી કથા જગત જાણતું નહોતું. જગતને વિગતે એની જાણ કરવાનું પરાક્રમ કર્યું એક સત્યનિષ્ઠ હિંમતબાજ પત્રકારે.

આમ તો, પોતાનાં કાળાં કરતૂતોને ઢાંકવા માટે અને લશ્કરી કામગીરીથી પૂર્વ પાકમાં સ્થિતિ કેવી થાળે પડતી જાય છે તેની પશ્ચિમ પાકને ને દુનિયાને ખાતરી થાય તેવાં નિવેદનો અપાય એ માટે, (એવી સ્પષ્ટ સૂચના સાથે) યાહ્યાએ પોતાના વિશ્વાસુ આઠ પત્રકારોને એપ્રિલમાં પૂર્વ પાકમાં મોકલ્યા. એમાં, મૂળ ગોવાના વતની પણ પાકિસ્તાનની સ્થાપનાથી જ ત્યાંના નાગરિક બનેલા, કરાચીના 'મૉર્નિંગ ન્યુસ'ના સહાયક તંત્રી અને લંડનના 'ધ સન્ડે ટાઇમ્સ'ના પાકિસ્તાનમાંના ખબરપત્રી શ્રી ઍન્થની મૅસ્કેરેન્હાસ પણ હતા. એ દસ દિવસ પૂર્વ પાકમાં ફર્યા. જે જોયું તે, કોઠા કોઠા કર્યે પણ, જિરવાય એવું નહોતું. સાચું લખે તો જાત ને કુટુંબ બંને જોખમાય. જૂઠું બોલતાં જીવ ડંખ્યો. એ લંડન ગયા. 'ધ સન્ડે ટાઇમ્સ'ને સાચેસાચું બયાન આપ્યું. પોતાનું કુટુમ્બ પાકિસ્તાનમાંથી નાસી ન છૂટે ત્યાં સુધી એ ન છાપવા વિનંતી કરી. પાછા પાકિસ્તાનમાં આવ્યા. કુટુંબને વગે કર્યું. પોતે નાસી છૂટ્યા. દુનિયાના એક અગ્રણી (લગભગ વીસેક લાખ નકલના ફેલાવાવાળો) પીઢ ને પ્રતિષ્ઠિત એ લંડનના અખબારમાં GENOCIDE એવા મોટા એકાક્ષરી મથાળે, પ્રારંભનાં જ પૂરાં ત્રણ ખીચોખીચ પાનાં ભરીને એમનો અહેવાલ છપાયો–૧૮મી જૂને. ઍન્થનીએ સત્ય ખાતર દેશ છોડ્યો, કમાણી-જાયદાદ-આરામ છોડ્યાં; મોટું જોખમ ખેડ્યું. જે વિમાનમાં એ બેઠા એમાં પડખોપડખ

શાના આધારે એ નામ પડચું હશે એની તો ખબર નથી, પણ અહીં ઢાકેશ્વરીનું એક મંદિર હતું ખરું. કદાચ પહેલાં ઢાકા હશે અને પછી ઢાકેશ્વરી. કહે છે કે 'ઢાક' (Butea Frondosa) નામે વૃક્ષ પરથી એ નામ આવ્યું. બંગાળીમાં આ શબ્દનો અર્થ છે 'ઢંકાએલું'. શાનાથી એ તો રામ જાણે! ગમે તે હોય, પણ આપણને તો 'ઢાકા' શબ્દ કાને પડતાં એની ઇતિહાસપ્રસિદ્ધ 'મલમલ' યાદ આવી જાય. હવે આ નામ કંઈ નવા જ સંદર્ભોની યાદ આપે છે. જે એની મલમલની જેમ ઇતિહાસમાં બહુ ઊંડાં કોતરાઈ રહેશે.

કલકત્તાથી નારાયણગંજ ને ગોલુંડોને માર્ગે ૨૫૪ માઈલ દૂર, ૨૩° ૪૩' ઉત્તર અક્ષાંશ અને ૯૦° ૨૪' પૂર્વ રેખાંશ પર પદ્મા નદીની શાખાને કિનારે વસેલું, પૂર્વબંગાળ ભૂતપૂર્વ પૂર્વ પાકિસ્તાન અને હવે ગણપ્રજાતંત્રી બાંગ્લા દેશનું આ પાટનગર એ તરફનું સૌથી મોટું શહેર છે. અર્ધી સદી પહેલાં ત્યાં ૫૩-૫૪ ટકા હિંદુઓ સાથે મુસ્લિમ ખ્રિસ્તી અને બ્રહ્મો સમાજીઓ મળી એકાદ લાખની એની વસતિ હતી.

અંગ્રેજો આવ્યા એ પહેલાંથી ઢાકા વિખ્યાત હતું. ત્યાંની મલમલની યુરોપમાં, ખાસ કરીને ફ્રાંસમાં ઘણી માગ રહેતી. ઈ. ૧૮૦૧માં તો ત્યાં બે લાખની વસતિ પોષાતી હતી, પણ ફ્રાંસનાં યુદ્ધોથી માલની ખપત ઘટી જતાં ત્રણેક દાયકામાં તો પોણો લાખ જેટલી રહી. તે પછી ફરી વણાટઉદ્યોગ ખીલતાં અને અહીંના 'ઝાપ્પા' ને 'કસીદા'ની માગ વધતાં તેમ જ શણ અને ચામડાના ઉદ્યોગોનો વિકાસ થતાં ઢાકા ફરી સમૃદ્ધિ પામવા લાગ્યું.

અકબરના સેનાપતિએ બંગાળનો આ તરફનો વિસ્તાર જીત્યો ત્યારે તેની રાજધાની સોનાર ગાંવમાં હતી. ઢાકાથી એ બત્રીસેક કિ. મી. દૂર છે. પણ ઈ. ૧૬૦૮માં જહાંગીરના સમયમાં શેખ સલીમ ચિશ્તીના પૌત્ર ઈસ્લામખાને આસામના અહેમ લોકો પર અને જલમાર્ગે પોર્ટુગીઝો તથા 'મેઘ' પ્રજાના ઉપર જાપ્તો રાખવો સરળ પડે એ દૃષ્ટિએ રાજધાની તે ઢાકામાં ફેરવી. આમ, પાટનગર બનતાં ઢાકાનો વિકાસ ને વાણિજ્ય વધવા માંડવાથી અંગ્રેજો, ફ્રેંચ, ડચ અને પોર્ટુગીઝોએ ત્યાં પોતાની વ્યાપારી કોઠીઓ નાખી. ફરી ઈ. ૧૭૦૪માં નવાબ મુર્શિદઅલીખાને પોતાનો આવાસ મુર્શિદાબાદ ખસેડતાં ઢાકાની રોનક પણ ઘટી. જહાંગીરના સમયમાં બંધાએલો કિલ્લો તો નાબૂદ થઈ ગયો અને માત્ર સુલતાન મહમદ શુજાએ ૧૬૪૫માં બંધાવેલા બે 'કટરા'* જેમતેમ ટકી રહ્યા. ઢાકાનો લાલબાગનો મહેલ તો બંધાઈ પણ શક્યો નહોતો. પેલી પરદેશી કોઠીઓ પણ કાળાનુક્રમે ભુંસાઈ ગઈ.

આ પછી ઈ. ૧૯૦૫માં બંગાળના ભાગલા પાડતાં થએલા બંગભંગનાં આંદોલનોની અસર ને પરિણામ તો સૌને વિદિત છે. પણ આ દરમિયાન ઢાકાને નવા પ્રાંતની રાજધાની બનાવવાની હોઈ તેનાં દફ્તરો માટે સરકારે જે મકાનો બનાવ્યાં હતાં તે પછી ૧૯૨૦માં સ્થપાએલા ઢાકા વિશ્વવિદ્યાલયના ઉપયોગમાં લેવાયાં.

પ્રજાવ્યાપી ચળવળોની પેઠે ઢાકાને કુદરતી આફતોની પણ નવાઈ નથી. ઈ. સ. ૧૮૮૮ના એપ્રિલમાં ત્રાટકેલા ભયંકર ઝંઝાવાતમાં ૩૫૨૭ ઘરો ખલાસ થઈ ગએલાં અને ૧૪૮ પાકાં મકાનોને પણ નુકસાન થએલું, ૧૨૧ નૌકાઓ ડૂબી ગઈ ને ૧૩૦ માણસોનાં મોત તથા ૧૫૦૦ જેટલા ઘાયલ થએલા. તે પછી ૧૯૦૨માં પણ એવી

* કિલ્લેબંધ વિસ્તારની અંદરનાં નાનાં બજાર

પાકિસ્તાનના માહિતી ખાતાનો એક વડો હતો! ઍન્યનીની એ લેખમાળાએ વિદેશી પ્રજા સમક્ષ સૌપ્રથમ સાચું ચિત્ર મૂક્યું.

પછી તો લશ્કરી અત્યાચારો સામે સશસ્ત્ર પ્રતિકાર જાગ્યો. પહેલાં જે 'મુક્તિફોજ'ને નામે ને પછીથી 'મુક્તિવાહિની'ને નામે જાણીતી થઇ તે સશસ્ત્ર દળે વીરતાથી લડત આપી: ગાઝીપુરનું દારૂગોળાનું કારખાનું ઉડાડી દીધું; ચાલના બંદરે શસ્ત્રો લઇ આવેલું એક અમેરિકી જહાજ ડુબાડચું; ઢાકાના વીજળી મથકને નકામું કરી દીધું; ચિતાગૉંગ બંદરે પડેલા એક મોટા પાક જહાજ 'નિશાન'ને તોડી પાડચું; પાકનૌકાઓ જપ્ત કરી કરી પોતાનું નૌકાસૈન્ય ઊભું કર્યું; એકલા ઑક્ટોબરમાં જ ૪,૫૦૦ પાક સૈનિકોને ખતમ કર્યા, કૉક્સ બજાર પાસે એક પાક વિમાનને તોડી પાડચું. ડિસેમ્બરના આરંભ સુધીમાં તો એણે ૫૪૦૦૦ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ મુક્ત કર્યો. એનાં પરાક્રમોને કોઇ સીમા ન રહી.

બીજી બાજુ, જેમ જેમ ત્રાસ વધતો ગયો તેમ તેમ, શરણાર્થીઓનો પ્રવાહ પણ વધતો ગયો. અનેક દેશોનાં પાક કમિશનોમાંના કર્મચારીઓએ બાંગ્લા-નિષ્ઠા જાહેર કરી. એડવર્ડ કેનેડી સહિત અનેક વિદેશી નેતાઓ શરણાર્થીઓની દુર્દશા નજરે જોઇ ગયા. ફ્રાન્સના માલ્રો જેવા લેખક-આગેવાનો પાક સામે લડવા ઉત્સુક બન્યા! ભારતે વારંવાર દુનિયાને ને વિશ્વસંસ્થાને આ પ્રશ્નનો ઉકેલ લાવવા વિનવણીઓ કરી. ઢાકા હાઇકોર્ટના એક વખતના ન્યાયાધીશ અબુ સયીદ સહિત બાંગ્લાના ચૌદ પ્રતિનિધિઓએ જાતે વિશ્વસંસ્થા સમક્ષ જઇને ધા નાખી. પણ–'ન તો ય નિદ્રાજડ લોક જાગ્યાં!' પાકિસ્તાને તો, ઊલટું, ભારતની બધી સરહદે એની ફોજ ખડકી! નાના નાના હુમલાઓ પણ કર્યે રાખ્યા.

માર્ચથી ડિસેમ્બર, પૂરા નવ માસ સુધી ભારત વિશ્વમત મેળવવા મથ્યું. બાંગ્લામાં લોકો સહન કરતા હતા; અહીં આપણા પરે ય પાકિસ્તાને હુમલાથી પણ બદતર સ્થિતિ સર્જી હતી. સરહદો સળગાવી હતી. એક કરોડ લોકોને અહીં ધકેલી દઇ, મુખ્યત્વે આર્થિક, ને તે સિવાય અનેક પ્રકારની, સમસ્યાઓ ખડી કરી હતી. વિશ્વસંસ્થા પોતાની નજર આગળનાં આ કાળાં કરતૂત પ્રત્યે આંખ મીંચી, અમુકની જ આંખે જોઇને બોલતી હતી! અમેરિકા-ચીન ભારતને દબાવવા મથતાં હતાં. એ સંજોગોમાં ભારતે રશિયા સાથે મૈત્રીકરાર કર્યો. ભારતની ખામોશીને અશક્તિ માનનાર પાકિસ્તાન હુમલાઓનું પ્રમાણ વધારતું જ રહ્યું.

આખરે આપણે નિર્ણય લીધો. હુમલો બરાબર મારી હઠાવવો—જરૂર પડચે પાક પ્રદેશ સુધી જઇને પણ. જેસોર પાસેથી ઘૂસતા પાક લશ્કરની તેર તોપો આપણે તોડી. ભારતમાં ઘૂસી આવેલાં ચાર વિમાનોમાંથી ત્રણ તોડી પાડચાં. યાહ્યાએ હુંકાર કર્યો: 'દસ દી'માં તો હું રણમેદાનમાં હોઇશ'. 'ઇન્દિરા સાથે વાત કોણ કરે? એ તો નથી સ્ત્રી કે નથી રાજનીતિજ્ઞ'.

આ દરમિયાન ભારતે પોતાના દૂતોને સાચી પરિસ્થિતિ સમજાવવા વિદેશોમાં મોકલેલા. છતાં વિશ્વે કોઇ પગલાં ન લીધાં એટલે, છેલ્લા ઉપાય તરીકે, દેશ પર યુદ્ધ તોળાએલું જ હતું એવે વખતે, હિંમત કરીને આપણાં વડાં પ્રધાન જાતે પશ્ચિમના દેશોને સમજાવવા ગયાં! એને કાકલૂદી ને કાયરતા સમજ્યા હોય, કે 'દસ દિવસમાં યુદ્ધ' ઝીંકવાનું પોતાનું વચન પાળવું હોય, ગમે તેમ, ત્રીજી ડિસેમ્બરે એકાએક પાકિસ્તાને ભારત પર હવાઇ આક્રમણ કરીને યુદ્ધનો આરંભ કર્યો. (જેની જાહેરાત એણે બીજે દી' કરી!) આપણાં વડાં પ્રધાને એ પડકાર ઝીલ્યો. અને 'હવેનું યુદ્ધ તો પાકિસ્તાની પ્રદેશમાં જ લડાશે' એવી સંરક્ષણમંત્રીની ને સૈન્યની ચેતવણી સાચી પાડી. પહેલે જ દિવસે પાક સબમરીન 'ગાઝી'ને ગાયબ કરી દીધી. છેક કરાંચીના બારામાં જઇને જળ-આધિપત્ય સ્થાપ્યું. ત્યાંના તેલ ભંડારમાં આગ ચાંપી. ઊડવાનો વખત મળે તે પહેલાં જ ચૌદ વિમાનોને ખતમ કર્યા ને આકાશી આધિપત્ય સ્થાપ્યું. ભૂમિદળો પણ, છામ્બને બાદ કરતાં અનેકસ્થળોએ પશ્ચિમ પાકિસ્તાનમાં પેઠાં. છઠ્ઠી ડિસેમ્બરે આપણાં વડાં પ્રધાને સંસદમાં બાંગ્લાદેશને ભારતની માન્યતા જાહેર કરી. (અમેરિકાને ચીમકી આપતાં) કહ્યું: 'In Jefferson's famous words, to Governor Morrice, the government of Bangla Desh is supported by the will of the nation,

જ હોનારત સરજાઈ હતી, ને હમણાં છેલ્લે આવેલા પૂર્વ બંગાળ પરના વાવાઝોડાએ ત્યાંથી પાકિસ્તાનની જડ હચમચાવી દીધી. છતાં ફળદ્રુપ પણ જમીન તથા પાણીની છતને લીધે ઢાકાની આસપાસનો વિસ્તાર ઝડપથી વિકસ્યે ગયો છે.

ઈ. ૧૮૬૪માં ઢાકામાં મ્યુનિસિપલ વહીવટ આવ્યો. ૧૮૭૭માં નવાબ સર અબ્દુલ ગનીની આર્થિક સહાયથી એ સમયમાં મોટી વૉટર વર્કસ યોજના અમલમાં આવી. નવાબ 'સર અહેસાન ઉલ્લાખાનની સહાયથી ઢાકાને વીજળી પણ મળી. શણ, તેલી બિયાં ને ચામડાની નિકાસ વધવા સાથે અહીંની સોનારૂપાની તથા શંખ પરના કોતરકામની કારીગીરી અને વણાટના ઉદ્યોગોએ પણ નામના મેળવી.

શિક્ષણનો તો આ તરફ પહેલેથી જ ઘણો સારો પ્રચાર રહ્યો છે. છેક ૧૮૩૫માં ત્યાં અંગ્રેજી સેમિનરી સ્થપાએલી. ૧૮૪૧માં એ કલકત્તા યુનિ.સાથે જોડાએલી પ્રથમકક્ષાની કૉલેજ બની. ૧૮૮૩માં એક હિંદુ જમીનદારે પોતાના પિતાની યાદમાં જગન્નાથ કૉલેજ સ્થાપેલી. ૧૮૭૫માં મેડિકલ સ્કૂલ અને ૧૮૭૪માં અરેબિક, ફારસી ને અંગ્રેજીનું શિક્ષણ આપતી

બંગલા દેશનું પાટનગર ઢાકા



ઢાકાની સાતગુંબજ મસ્જિદ-૧૭મી સદીનું એક લાક્ષણિક સ્થાપત્ય

મદ્રેસા સ્થપાઈ, ૧૮૭૮માં કન્યાશાળા પણ સ્થપાઈ, ને કલકત્તામાં યે જ્યારે સ્ત્રીશિક્ષણનો વિરોધ હતો ત્યારે ઢાકામાં તેને પૂરતું ઉત્તેજન અપાતું હતું. આ દેશની પહેલી સ્ત્રી-દાક્તર પણ ઢાકાની હતી.

ઈ. ૧૮૮૩માં ૧૧૮૩ જેટલા કેદીઓને સમાવી શકે તેવી, પૂર્વબંગાળમાં મોટામાં મોટી સેન્ટ્રલ જેલ ઢાકામાં સ્થપાઈ હતી. મિટ્ફર્ડ ઑસ્પિટલ અને લેડી ડફરીન ઑસ્પિટલ તથા ૧૮૯૫માં બનેલી ગાંડાની ઇસ્પિતાલ વગેરેની પણ ભાગલા પૂર્વેના ઢાકાની ઈમારતોમાં ગણના થતી. ત્યાર પછીનું ત્યાંનું ૪૩૧ જેટલા સ્ટૉલવાળું નવું બજાર, નવી મસ્જિદ, ઈન્ટર કૉન્ટીનેન્ટલ હોટેલ વગેરે નવાં સ્થાપત્યો પણ ઢાકાની શાન વધારનારાં ગણાય છે. બીજી બાજુ બીબી પરીનો મકબરો, લાલબાગ કિલ્લો, સાતગુંબજની મસ્જિદ વગેરે પ્રાચીન ઈમારતોનું પણ આગવું આકર્ષણ છે. આમ, થોડાં જૂનાં ને અનેક નવાં સ્થાપત્યોવાળી તેની નવી નગરરચનામાં જૂની વાંકીચૂકી અને 'નરીદા' જેવી અતિ સાંકડી ગલીઓવાળા ઢાકાનો ઇતિહાસ અનેક રંગથી રંગાએલો છે.

---

substantially expressed.'

પૂર્વના હવાઇ દળને તો એક જ દિવસમાં ખતમ કરી દીધું'! સાતમીએ જેસોર પડ્યું. હેલિકૉપ્ટરથી ઊતરેલા સૈન્યે સિલ્હટ ને મૌલવી-બાઝાર મુક્ત કર્યાં. ચારે પાસથી ઘૂસીને ત્વરાથી દુશ્મનોને પરાજિત કરતા જતા આપણા સૈન્યે, અંદર સ્થળે સ્થળે વેરાઇ ગએલા પાકિસ્તાની સૈન્યને, તે તે સ્થળે બરાબર ભરડામાં લીધું. આ સ્થિતિ સિદ્ધ કરીને પછી, નિરર્થક જાનહાનિ ન થાય એ હેતુથી, આપણા સેનાધ્યક્ષ જનરલ માણેકશાએ પાક સૈન્યને તાબે થઈ જવા સંદેશ આપ્યો. પણ એમને તો લડવા કરતાં ય હત્રે તો પૂર્વ પાકને તારાજ કરવામાં જાણે રસ હતો. વ્યવસ્થિત રીતે ચાલતી બુદ્ધિવાદીઓની કતલને ('એલાઇટોસાઇડ'ને) એમણે ઉગ્ર–તીવ્ર–વ્યાપક–વિદ્યુત્વેગી બનાવી. બાંગ્લામાં કોઇ 'વિદ્યાર્થી', કોઇ 'જુવાન'–'સશક્ત', કોઇ ડૉક્ટર–વકીલ–યંત્રજ્ઞ–એન્જિનીઅર–અધ્યાપક–ન બચી જાય એવું કરવું હતું! એ બિચારા ક્યાંથી જાણે કે બુદ્ધિનાં બીજ શસ્ત્રોની ધારથી કપાતાં નથી કે આગથી બળતાં નથી.

ફરીથી માણેકશાએ ચેતવ્યા: 'તમે સેનાધિકારીઓએ નાસી જવાની જે યોજના કરી છે તે હું જાણું છું. ખબરદાર! નાઠા તો જાનથી જશો'. બારમી ડિસેમ્બરે આપણાં છત્રીદળો ઢાકામાં ઊતર્યાં. ઢાકા ઘેરાઇ ગયું હતું. તેરમીએ જનરલ માણેકશાએ ત્રીજી વાર ચેતવ્યા.

પણ પેલી બાજુ વિશ્વસંસ્થામાં ચાલતી રાજરમત પર પાકિસ્તાન મદાર બાંધી બેઠું હતું. ત્યાં ભારતને હુમલાખોર ઠરાવવાની ને સૈન્ય હઠાવી લેવાની ફરજ પાડવાની પેરવી ચાલતી હતી. પરંતુ ત્રણ વાર 'વીટો' વાપરીને રશિયાએ એને નાકામયાબ બનાવી. ચૌદમી ડિસેમ્બરે ઢાકાના પતનની અહીં ઘડીઓ ગણાતી હતી ત્યારે વિશ્વસંસ્થા ત્યાં આ કાર્યવહી કરતી હતી! સાથે અમેરિકા-ચીન ધમકીઓ આપતાં હતાં. અમેરિકાએ તો એના અણુસંચાલિત, શસ્ત્રસજ્જ, 'સાતમા બેડા' તરીકે જાણીતા એના મોટા તાકાતવાન નૌકાકાફલાને બંગાળના સાગર ભણી રવાના કર્યો હતો. તે નજીક આવી રહ્યો હતો છતાં આપણે ત્યાંથી કોઈએ ડર ન બતાવ્યો.

ચૌદમીએ ઢાકાના ગવર્નર ને મુલકી અધિકારીઓ શરણે આવ્યા. પાક સેનાપતિ નિયાઝી ઢચુપચુ હતા, કારણ કે 'સમય પસાર કરો; અણધાર્યો મોટો બનાવ બનશે' એવો સંદેશ એમને મળ્યો હતો. છતાં લશ્કરી ભીંસથી બચવા શરણે આવ્યા વિના એનો છૂટકો નહોતો. પંદરમીએ પૂર્વ પાક લશ્કરના એ હાકેમે 'યુદ્ધબંધી' માટે જનરલ માણેકશાને વિનંતી કરી. માણેકશાએ એને બિનશરતી શરણ સ્વીકારવા કહ્યું ને વિચારવા સમય આપ્યો. ૧૬મીની સવારના નવ સુધી હવાઈ હુમલો નહિ કરવાનું અને શરણે આવનાર પ્રત્યે આંતરરાષ્ટ્રીય કાનૂન મુજબ સલૂકાઇથી વર્તવાનું વચન આપ્યું. સોળમીની સવારના સાડાઆઠે નિયાઝીએ ફરી પાછી મુદત માગી! આગલા દિવસે મુદત આપી તેની સામે સંસદમાં રોષ હતો, અમેરિકી સાતમો બેડો આવી પહોંચ્યો હતો, સલામતી સમિતિમાં ય કાંઈક અણધાર્યું બને તે સંભવિત હતું, ચીનની ધમકી યે હતી, ઢાકા હાથવેંતમાં જ હતું—આ બધું છતાં આપણા સેનાધ્યક્ષે અભૂતપૂર્વ ઔદાર્ય ને આત્મશ્રદ્ધા દાખવ્યાં. બીજા આઠ કલાક હવાઈ હુમલો ન કરવાનું વચન આપ્યું.

ભયંકર યુદ્ધ વચ્ચે ય હવાઈ હુમલા બંધ કરીને ૪૦૦ જેટલા પરદેશીઓને ઢાકા-કરાચીમાંથી સહીસલામત સ્થળાંતર કરવાની સગવડ આપણે અગાઉ આપી જ હતી. પણ આ મહેતલ તો બહુ જોખમી હતી. છતાં એ આપી. અંતે તે જ દી' ૧૬મી ડિસેમ્બરે ૪·૫૧ વાગ્યે નિયાઝીએ બિનશરતી શરણ સ્વીકાર્યું. ઢાકા પડ્યું. સંસદમાં વડાપ્રધાને સાંજે પાંચ વાગ્યે એની જાહેરાત કરતાં કહ્યું: 'Dacca becomes the free capital of a free country.'

આપણી આ યુદ્ધગાથા સત્યનિષ્ઠા, શૌર્ય, ધીરજ, ઔદાર્ય, રાજનીતિપટુતા, લોકશાહીનો સાચો મિજાજ ને એ ઝંખતા લોકો પ્રત્યે પૂરી ને સક્રિય હમદર્દી, શરણાગતપાલન, આતિથ્ય, ક્ષમા—કેવાં કેવાં મૂલ્યોથી શ્રવણગર્ભા બની છે!!

સાહિત્યસંપર્ક

બાલાશંકર કંથારિયા
એક અધ્યયન

પીએચ. ડી.ના શોધ પ્રબંધ-નિમિત્તે કેટલાક અધ્યયનગ્રંથો જે આપણને મળ્યા છે તેમાં આ ગ્રંથથી* ઉમેરો થાય છે. વ્યક્તિવિષયક અધ્યયનની જે ધાટી હોય છે તે પ્રમાણે લેખિકાએ કવિ બાલાશંકરના જીવન ને કવનનો અભ્યાસ અહીં રજૂ કર્યો છે. કુલ નવ પ્રકરણના આ અધ્યયનગ્રન્થમાં પહેલું પ્રકરણ કવિના જીવન પર પ્રકાશ પાથરે છે, જેમાં કવિજીવનનો સમગ્ર-તયા શ્રદ્ધેય પરિચય મળી રહે છે. એમાં મિત્ર મણિલાલ વિષેની વાતોમાં લાઘવ ઈષ્ટ હતું. બીજા પ્રકરણમાં પ્રભુના રમ્ય-રૌદ્ર સ્વરૂપને અભિવ્યક્ત કરતી 'સૌન્દર્યલહરી'ના કવિના અનુવાદને મૂળ સાથે સરખાવી તટસ્થ આલોચના કરી છે અને એમ કરતાં કવિની આ કૃતિ પૂરતી અનુવાદક તરીકેની સમર્યાદ પ્રતિભાનો પરિચય પણ કરાવ્યો છે. વળી, આ અનુવાદ સાથે એમણે અગાઉ થએલા મીઠુ અને હિંમતરામ જાનીના અનુવાદોની પણ સમ્યક્ તુલના કરી બતાવી છે.

ત્રીજા પ્રકરણમાં કવિની પ્રતિભાનો પૂરો પરિચય કરાવતી એમની કીર્તિદા કૃતિ 'ક્લાન્ત કવિ' ખંડકાવ્યની સમીક્ષા કરી તેનો નિષ્કર્ષ આ રીતે આપ્યો છે: 'આ કાવ્યને વાંચતા ભાવકને કોઈ ઉત્તમ કૃતિ વાંચ્યાનો પરિતોષ થાય છે' (પૃ. ૨૪૯). મણિલાલ, સુન્દરમ્, ઉમાશંકર જોશી, સંજાણા વગેરેના આ કૃતિ પરત્વેના અભિપ્રાયોની છણાવટ કરી પોતાનું વક્તવ્ય પણ લેખિકા સ્પષ્ટ કરતાં ગયાં છે. બાલાશંકરના જીવન-કવન પર કિશોરકાળથી શાક્ત સંપ્રદાય અને સૂફીવાદની અસર હતી; તેથી એ બને સંપ્રદાયોનો ચોથા પ્રકરણમાં સમુચિત રીતે ખયાલ આપ્યો છે.

પાંચમા પ્રકરણમાં ગઝલના ઇતિહાસ અને સ્વરૂપની ચર્ચા સાથે બાલાશંકરની ગઝલકાર તરીકેની શક્તિનો અને ગુજરાતી ગઝલસાહિત્યમાં ફાળાનો સાચો તાગ કાઢ્યો છે. લેખિકાના ઊંડાણભર્યા અભ્યાસની પ્રતીતિ અહીં થયા વગર રહેતી નથી. પછીના પ્રકરણમાં શ્રી ઉમાશંકર જોશી સંપાદિત 'ક્લાન્ત કવિ'ની ઝીણવટપૂર્વક સમાલોચના કરી છે. આ સંદર્ભમાં એમણે શ્રી સંજાણાના વિવેચનને પણ તપાસ્યું છે. અહીં એક અભ્યાસી તરીકેની નીડર વૃત્તિ અને તજ્જન્ય તાટસ્થ્ય છતાં થાય છે. જેમાં એમણે આ સંપાદનની પૂરતી જડતી લઈ સવિવેક તેના ગુણદોષ દર્શાવી આપ્યા છે.

ત્યાર બાદ કવિના નાટ્યાનુવાદક તરીકેના કાર્યને એમણે તપાસ્યું છે. 'કર્પૂરમંજરી', 'ચંદ્રાવલિ' અને 'મૃચ્છકટિક' એમ ત્રણ નાટકોના બાલાશંકરે સંસ્કૃતમાંથી અનુવાદો કર્યા હતા, ઉપરાંત હાફિઝની કૃતિઓના પણ અનુવાદો આપેલા. આમ, એક અનુવાદક તરીકેની એમની વિશિષ્ટતાઓ અહીં તારવી બતાવી છે તો પછીના પ્રકરણમાં બાલાશંકરની પત્રકાર-પ્રવૃત્તિને પણ યોગ્ય રીતે તપાસી છે. 'ભારતી ભૂષણ', 'કૃષ્ણમહોદય', 'ઇતિહાસમાલા', 'સરસ્વતી સૌન્દર્ય' 'બુદ્ધિપ્રકાશ' આદિ પત્રોના સંપાદનમાં એમની જે શક્તિ–અશક્તિ પ્રગટ થઈ હતી તેનો એમાં નિર્દેશ કર્યો છે. અને છેલ્લા ઉપસંહારના પ્રકરણમાં લગભગ પચાસ પૃષ્ઠોમાં બાલાશંકરનું એક સાહિત્યકાર તરીકેનું વિશદ મૂલ્યાંકન રજૂ કરી લેખિકાએ પોતાનાં સૂઝ, અભ્યાસ અને વિવેકની પ્રતીતિ કરાવી આપી છે. પરિશિષ્ટમાં મૂકેલી કવિની કૃતિઓ પણ આ ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો કરે છે.

એકંદરે આ ગ્રંથ સંતર્પક છે; છતાંય લખા-

* બાલાશંકર કંથારિયા: એક અધ્યયન; લે. ડૉ. સ્નેહલતા મહેતા; પ્ર૦ પોતે જ, નગીનદાસ મૅન્શન, ઑપેરા હાઉસ પાસે, મુંબાઈ-૪; પાકું પૂઠું, પૃ. ૭૧૫, રૂ. ૧૫.

શબ્દકથા: 'ત્રીશી' · 'વન'

ગુજરાતીમાં કેટલાક સંખ્યાવાચક શબ્દોને 'ઈ' પ્રત્યય લગાડીને સમૂહવાચક સંજ્ઞાઓ સધાએલી છે. જેમ કે 'વીશી', 'ત્રીશી', 'સાઠી'—અનુક્રમે વીશ, ત્રીશ અને સાઠ વરસનો ગાળો ('બહ્યાની વીશી', 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' વગેરે પ્રયોગોમાં); 'પચ્ચીશી'—પચ્ચીશનો સમૂહ (વાર્તાનો—'મડાપચ્ચીશી'; વરસનો—'ગધ્ધાપચ્ચીશી'); 'બત્રીશી'—બત્રીશ દાંતોનો સમૂહ ('જગબત્રીશી', વગેરે); 'બાવની'—બાવન શ્લોકોનો સમૂહ; 'બોંતેરી'—બોંતેર વાર્તાઓનો સમૂહ ('સૂડા બોંતેરી'); 'ચોરાશી'—ચોરાશી નાતોનો સમૂહ (કે તેમનું ભોજન). 'હનુમાન ચાળીશા' જેવામાં અપવાદે સંજ્ઞા પુલ્લિંગ છે. આમાં એટલું સ્પષ્ટ છે કે તે તે સંજ્ઞા તેનાથી વાચ્ય સંખ્યાના આખા વસ્તુસમૂહનો અર્થ ધરાવે છે.

પણ હમણાં હમણાં ગુજરાતીના શબ્દઘડતરની આ ખાસિયતના વિરોધમાં એક પ્રયોગ થવા લાગ્યો છે. ૧૯૩૦ (કે ૧૯૨૯?) થી ૧૯૩૮ (કે ૧૯૪૦?)ના ગાળાની ગુજરાતી કવિતા કે સાહિત્ય માટે અવારનવાર 'ત્રીશીની કવિતા', 'ત્રીશીનું સાહિત્ય' એવા પ્રયોગ જોવા મળે છે. આમાં અર્થ થવો તો જોઇએ 'ત્રીશ વર્ષના ગાળાની' એવો, પણ તે લેવાનો હેતુ છે ઉપર પ્રમાણે. આ અંગ્રેજી પ્રયોગના માત્ર સગવડિયા અનુકરણનું પરિણામ છે. અંગ્રેજીમાં thirteen અને પછીની ૧૯ સુધીની સંખ્યા માટેના શબ્દોને છેડે આવતા 'teen' એ અંશ ઉપરથી 'teens' એવો સંક્ષિપ્ત શબ્દ બન્યો છે અને તે '૧૩થી ૧૯ વરસની વયનો ગાળો' એવા અર્થમાં વપરાય છે. આ જ રીતે સધાએલા 'twenties', 'thirties', 'seventies' વગેરે પણ અનુક્રમે ૨૦થી ૨૯, ૩૦ થી ૩૯, ૭૦ થી ૭૯ એ વરસોના ગાળા માટે વપરાય છે. આના અનુકરણમાં કોઈએ 'ત્રીશી' ઘડી કઢયો છે; પણ આ રીતે ઘડાએલી બીજી સંજ્ઞાઓના અર્થ સાથે આમાં અથડામણ થાય છે, અને 'સાઠી' એટલે (૧) ૫૯માથી ૬૮મા વરસ સુધીનો ગાળો સમજવો કે (૨) સાઠ વરસનો ગાળો સમજવો—એ પ્રકારની સંદિગ્ધતા ઊભી થાય છે.

અંગ્રેજીના ઉપર્યુક્ત પ્રયોગને મળતો ગુજરાતીમાં પણ એક રૂઢ પ્રયોગ મળે છે ખરો: 'વનપ્રવેશ'. 'તમે હવે વનમાં આવ્યા, માટે સંભાળજો' વગેરે પ્રયોગોમાં 'વન'નો અર્થ છે એકાવનમાંથી અઠ્ઠાવનમા સુધીનાં વરસનો ગાળો. 'એકાવન', 'બાવન' વગેરેને છેડે રહેલા 'વન' ઉપરથી આ ઘડી કાઢયો છે. પણ તેનો 'વીશી', 'ત્રીશી' વગેરે શબ્દોના ઘડતર સાથે કશો સંઘર્ષ નથી, અને તે બીજી રીતે સંખ્યાવાચક પણ નથી. આ જ પદ્ધતિએ 'એકત્રીશ', 'બાત્રીશ' વગેરે ઉપરથી 'વીશ' ઘડીને તેને 'વીસથી ઓગણત્રીસ વરસનો ગાળો' એવા અર્થમાં નહિ જ વાપરી શકાય.

સંખ્યા શબ્દને ઈકાર લગાડીને ઘડાએલા સમૂહવાચક શબ્દો ઉપરાંત છૂટકત્રૂટકપણે બનેલા ચારેક શબ્દો તથા સંસ્કૃતમાંથી લીધેલા થોડાક શબ્દો પણ આ માટે આપણે વાપરીએ છીએ. 'વસ્તુની અમુક સંખ્યાનો સમૂહ' એવો સામાન્ય અર્થ આ શબ્દોમાં હોય છે. 'જોડ', 'ત્રેખડ' (કે 'તેખડ', 'તેખડું'), 'ચોકડું' (કે 'ચોકડી'—જેમ કે 'ચંડાળ ચોકડી') અને 'છકડું' અનુક્રમે બે, ત્રણ, ચાર અને છના સમૂહ માટે પ્રચલિત છે, સૈકો સો વરસ માટે, ને 'સૅંકડો' સોના સમૂહ માટે.

સંસ્કૃતમાંથી આવેલા 'પંચક' (પાંચ નક્ષત્રો કે દિવસોનો સમૂહ—જે કમુરતાં ગણાય છે), 'સપ્તક' (જેમ કે 'તારસપ્તક'), 'અષ્ટક' ('યમુનાષ્ટક' વગેરે સ્તોત્રો), 'શતક' (જેમ કે 'અઢારમું શતક', 'વૈરાગ્ય શતક') અને 'દસકો' ('દશક' ઉપરથી)–એટલા સહેજે ગણાવી શકાય.

'ચોકડી'ના મૂળમાં 'ચતુષ્ક' છે, અને 'છકડું'ના મૂળમાં 'ષટ્ક'. **હરિવલ્લભ ભાયાણી**

ખટના વિશે ખલતા, બિનજરૂરી પ્રસ્તાર (પ્રથમ પ્રકરણમાં મણિલાલ વિશેની બિનજરૂરી વિગતો, અનુવાદક તરીકેની મૂલવણીના પ્રકરણમાં સંસ્કૃત નાટકોના આપણા અનુવાદોની પ્રવૃત્તિનો ઇતિહાસ વગેરે), વધુ પડતાં અવતરણો, પુનરુક્તિઓ વગેરે ગ્રંથની સુગ્રથિતતાને શિથિલ બનાવે છે. છતાં બાલાશંકરની પ્રતિભાને મૂલવતો, લેખિકાની ઊંડી અભ્યાસવૃત્તિ અને તાટસ્થ્ય રજૂ કરતો આ અધ્યયનગ્રંથ અભ્યાસીઓ અને સાહિત્યરસિકોને ઉપકારક થઈ પડશે જ તેમાં સંદેહ નથી.

નવાં પ્રકાશનો

ઢોલ વાગ્યો : ઉત્તર ગુજરાતનાં લગ્નગીતો. સંપાદક-પ્રકાશક: વાલમકર, શુદ્ધોધનનગર, ફાયર બ્રિગેડ પાસે, અમદાવાદ-૨૧ પૃ. ૭૨, રૂ. ૧.

સુવર્ણ ચંપા : દલપત ગોહેલ કૃત બાલભોગ્ય પરીકથા. પ્ર૦ છાયા પ્રકાશન, કન્યાશાળા નં. ૫૬ પાછળ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. કાચું પૂઠું, પૃ. ૪૮, કિં. ૭૫ પૈસા.

રૂપા રાણી અને રાજકુમારી : એ જ લેખક કૃત બીજી પરીકથા, પ્ર૦ વગેરે ઉપર પ્રમાણે.

પંચદશી-તાત્પર્ય : આપણી સંસ્કૃતિના વારસા જેવા અમૂલ્ય ગ્રંથોનો પરિચય આજે જનસાધારણથી દૂર થતો જાય છે ત્યારે સ્વામી શ્રી પ્રણવતીર્થજીએ વેદાંતના અદ્વૈત સિદ્ધાંતને સમજાવતા ૧૫ પ્રકરણના ગ્રંથ 'પંચદશી'-નું દોહન અહીં કર્યું છે. આ ફૂટ વિષયને સુબોધ કરવાના એમના પ્રયાસો એમની લખાવટમાં જોઈ શકાય છે. વેદાન્તના આ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે પામવા આ પુસ્તક જરૂર માર્ગદર્શક થઈ પડે તેવું છે. જિજ્ઞાસુઓએ અવશ્ય વાંચી જવા જેવું 'પંચદશી'નું સારગ્રાહી સરળ પુસ્તક. (પ્રકાશક: મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૧૮૭, રૂ. ૪·૬૦).

ખેતી સુધારણાની થોડીક વાતો : ભારત ખેતીપ્રધાન દેશ ગણાતો આવ્યો છે; પરંતુ આજના વિકસતા વિજ્ઞાનયુગનો લાભ હજુ આપણા અજ્ઞાન ખેડૂતો પૂરતો ઉઠાવતા નથી. આ સંદર્ભમાં ખેતીની જૂની રીતો કેમ સુધારવી તે વિચારણા આ પુસ્તકનાં ૨૪ પ્રકરણમાં સારી રીતે કરવામાં આવી છે. લખાવટ પણ સામાન્ય માનવીને સમજાય તેવી સરળ હોઇ આપણા ખેડૂતો અને ખેતીપ્રિયોને ઉપયોગી થાય તેવું આ પુસ્તક બન્યું છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૬૨, રૂ. ૩·૨૫).

ઇ. ઇન્ડિયન નેશનલ થિયેટર દ્વારા આયોજિત ગુજરાતી મૌલિક નાટ્યલેખનની દ્વિતીય સ્પર્ધાની આખરી તા. ૩૧-૧૨-૧૯૭૧ હતી તે હવે તા. ૩૧-૧-૧૯૭૨ સુધી લંબાવવામાં આવી છે.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ચુનીલાલ મડિયા

જન્મ: તા. ૧૨-૮-૧૯૨૨, ધોરાજીમાં. કૉલેજકાળથી જ લેખનનો આરંભ. ૧૯૪૫માં પ્રથમ વાર્તાસંગ્રહ 'ઘૂઘવતાં પૂર' પ્રકટ થઈ. પાંચ વર્ષ 'જન્મભૂમિ'ના તંત્રીવિભાગમાં રહી. ૧૯૫૦માં અમેરિકાના માહિતી વિભાગની કચેરી ('યુસિસ')માં જોડાયા. '૫૫-'૫૬માં અમેરિકા ને યુરોપનો પ્રવાસ કર્યો. અમેરિકામાં સાઉથ વેસ્ટ થીએટર કૉન્ફરન્સમાં ભારતીય રંગભૂમિ વિષે વ્યાખ્યાન આપ્યું. ૧૯૫૬માં દક્ષાબહેન સાથે લગ્ન. 'યુસિસ'માંથી છૂટા થઈ ૧૯૬૩માં 'રુચિ' માસિક પ્રકટ કરવા માંડયું. એમના પ્રથમ નાટ્યસંગ્રહ 'રંગદા'ને નર્મદ સુવર્ણચંદ્રક અને મુંબાઈ સરકારનું પ્રથમ પારિતોષિક મળ્યું. એમના 'તેજ અને તિમિર'ને મુંબાઈ રાજ્યનું પારિતોષિક મળેલું. ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂનની વિશ્વવાર્તા હરીફાઈમાં 'જન્મભૂમિ' યોજિત સ્પર્ધામાં એમની 'અંતઃસ્રોતા'ને પ્રથમ ઈનામ મળેલું. 'પી. ઈ. એન. ઈન્ટરનૅશનલ'ના તે આજીવન સભ્ય, મુંબાઈના 'થીએટર યુનિટ'ના સક્રિય કાર્યકર ને ૧૯૫૯થી સાહિત્ય અકાદમીની સમિતિમાં ગુજરાતીના સલાહકારસભ્ય હતા. એમની કૃતિઓ અન્ય ભાષાઓમાં ઊતરી છે અને અમુકની ફિલ્મ પણ બની છે. ૧૯૬૮માં એમનું ઓચિંતું અવસાન થયું.

(આ પ્રશ્નોત્તરી ઈ. ૧૯૬૫માં કરવામાં આવી હતી.)

૧ તમને જિંદગી કેવી લાગે છે? અને તેનો આનંદ શામાં છે?

ઉ. જિંદગી એક સેતુ છે. જીવાતા જીવનવહેણમાં ઓતપ્રોત થઈ જવામાં જીવનનો આનંદ છે.

૨ જગત સાહિત્યમાં શ્રેષ્ઠ કોટિમાં ઊભા રહેવા ગુજરાતી સાહિત્યને શાની જરૂર છે?

ઉ. ગુજરાતી સાહિત્ય નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકપણે 'ગુજરાતી' જ રહેશે તો આપોઆપ તેમાં દૈવત પ્રકટશે.

૩ શું સંઘર્ષમાંથી જ સાચો સર્જક બને છે?

ઉ. સર્જકને બહારના સંઘર્ષ કરતાં પોતાની જાત જોડે જ વધુ સૂક્ષ્મ અને એથી વધુ જટિલ સંઘર્ષ ખેલવાનો છે. જાત સાથેના સંઘર્ષમાંથી તો કવિતા સર્જાય. એણે પોતાનામાં રહેલા પશુને જ નાથવાનો નથી હોતો, પોતાના વિભક્ત વ્યક્તિત્વને પણ અભિન્ન બનાવવાનું હોય છે. ગોવર્ધનરામના શબ્દોમાં એણે 'તાલભંગ દુનિયામાં તાલબંધ રચવાનો હોય છે.'

૪ કટાક્ષ કે વ્યંગ માટે તમારું શું મંતવ્ય છે?

ઉ. કટાક્ષ કે વ્યંગ એ જીવનને જોવાનો એક દૃષ્ટિકોણ છે. કટાક્ષ ઉચ્ચ કક્ષાએ ગંભીર ફિલસૂફીમાં ભળી જાય છે. કટાક્ષ મારફત પણ કલાકારની શ્રી આવિષ્કાર પામે છે.

૫ આ 'રુચિ', આ સર્જનો વગેરે બધું જોતાં તમે સાહિત્યિક યજ્ઞ કરી રહ્યા હોય એવું લાગે છે.

ઉ. 'યજ્ઞ' તો બહુ ભારે શબ્દ છે. પણ આ લેખન-પ્રવૃત્તિ બીજી રીતે તેવો અનુભવ કરાવે છે ખરી. સર્જન પ્રવૃત્તિનાં જોખમો જીરવવામાં પણ એક પ્રકારના પરિતોષનો અનુભવ થાય છે. એવો અનુભવ જે સર્જકને ન થાય એની સ્થિતિ વંધ્ય જેવી છે.

૬ 'રુચિ'ની કંઈ કડવી-મીઠી વાત કહેશો?

ઉ. કડવી વાત કહેવાની જરૂર નથી. મીઠી વાત એ કે ૧૯૬૩માં એનો પહેલો અંક પ્રકટ થયો ત્યારે એના પાંચેક અંક પણ પૂરા નહિ થાય એવી કેટલાક હિતચિંતકોની ચિંતા ખોટી પડી છે. બાકી તો 'હૉરાઈઝન'ના તંત્રીના શબ્દોમાં કહું તો, 'તંત્રીના હઠયોગ વિના કોઈ માસિક ચાલી ન શકે.'

૭ સાહિત્યના વિવિધ પ્રકાર અંગેનાં તમારાં મંતવ્યો વ્યાખ્યાદર્શક કહી શકાય?

ઉ. વ્યાખ્યાઓ કરતાં એ નિરીક્ષણો જેવાં વિશેષ છે. એમાં વ્યાખ્યાઓ કરતાં જે તે પ્રકારનાં લક્ષણ પારખવાનો પ્રયત્ન છે. કોઈ સાહિત્યસ્વરૂપને જડબેસલાક વ્યાખ્યામાં બાંધી દેવાનું મને ગમતું નથી. કોઈ સર્જક અમુક સાહિત્ય-પ્રકારની બધી પ્રચલિત વ્યાખ્યાઓને અતિક્રમીને સાવ નવી જ વ્યાખ્યા બાંધવાની ફરજ પાડે એ શક્યતા ઉવેખવા જેવી નથી.

ચુનીલાલ મડિયા

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૮]

કરાવનાર · જલન માતરી



શેખાદમ આબુવાલા

જેમની ગઝલોમાં ઊર્મિની ઓળખ છે, પ્રણયની મસ્તી છે, વેદનાભર્યું ચિંતન છે, જેના પગોમાં ચક્કર છે (જંજીર નથી) માટે જ પાકિસ્તાન, ઈરાક, સીરિયા, તુર્કી, ગ્રીસ, યુગોસ્લાવિયા, ઑસ્ટ્રિયા, ફ્રાન્સ, પોલૅન્ડ, બેલ્જિયમ, ચેકોસ્લોવાકિયા, રશિયા, ચીન અને ઈજિપ્ત વગેરે દેશોની ધરતી ઉપર જેનાં કદમ ઘૂમી વળીને આજે ઈ. ૧૯૬૪થી-જર્મન આકાશવાણી ડોઈશે વેલે 'વૉઈસ ઑવ જર્મની'ના હિન્દી વિભાગમાં કાર્યક્રમો તૈયાર કરવાનું જે કામ કરે છે, જે જર્મન, ફારસી, ગ્રીક વગેરે ભાષાઓનું જ્ઞાન ધરાવે છે,—એવા ભાઈશ્રી શેખ આદમ મુલ્લાં શુજાઉદ્દીન આબુવાલાને ગુજરાતની ગઝલપ્રેમી જમાત છેલ્લાં ૨૫ વર્ષથી શેખાદમ આબુવાલાના નામે ઓળખે છે.

દાઉદી વહોરા કુટુંબમાં અમદાવાદ મુકામે તા. ૧૫-૧૦-૧૯૨૯ના રોજ જન્મ. અમદાવાદની સેંટ ઝેવિયર્સ અને ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધીનો અભ્યાસ કરીને ગુજરાત કૉલેજમાંથી ગુજરાતી ઑનર્સ સાથે બી. એ. થઈ ગુજરાતી અને હિન્દી સાથે એમ. એ. થએલા છે. જર્મનીમાં આઠ સત્ર (બૉન અને માઈન્ઝ યુનિવર્સિટીમાં) જર્મન સાહિત્ય અને ફિલસૂફીનો અભ્યાસ કરી ચૂકેલા ભાઈ આબુવાલાનો ગુજરાતી ગઝલને શણગારવા માટેનો ફાળો નોંધપાત્ર છે.

આદમના ત્રણ ગઝલસંગ્રહો બહાર પડી ચૂક્યા છે: 'ચાંદની', 'સોનેરી લટ' અને 'અજંપો.' ઉપરાંત શ્રેષ્ઠ જર્મન વાર્તા (અનુવાદ)નું પુસ્તક પ્રકટ થયું છે અને યુરોપમાં અનુભવેલા પ્રસંગો નવલિકા રૂપે 'હું એક ભટકતો શાયર છું' શિર્ષક હેઠળ ટૂંક સમયમાં પ્રગટ થશે.

ગુજરાતીના પ્રથમ હરોળના શાયર તરીકે ખ્યાતિ પામેલા ભાઈ આબુવાલા ઉર્દૂભાષાના પણ શાયર છે. 'અપને ઈક ખ્વાબ કો દફ્ના કે અભી આયા હૂં' નામનો ઉર્દૂ ગઝલો-નઝમોનો સંગ્રહ પણ પ્રગટ થઈ ગયો છે. ૧૯૪૯માં 'ઘાયલ' નામની એક હિન્દી ફિલ્મમાં ગીતકાર તરીકે ચમકેલા ભાઈ આદમની ઉર્દૂ રચનાઓને સુપ્રસિદ્ધ ગાયક શ્રી મહંમદ રફી હવે ગાવાના છે.

મૃત્યુની ખીંટી પર જિંદગીને ટીંગાવી કોઈ પ્યારી મસ્તીમાં ઝૂમતા ફરનારા, સુરાલયમાં બેસીને સંતની સાથે ધર્મની ચર્ચા કરનારા, વતન છોડીને ચાલ્યા ગયા હોવા છતાં ય પુરાણા સંબંધોને તોડી ન શકાતાં યૂરોપમાં ય સતત ગઝલનું ગાન ગાઈ ક્યારેક પારી(સ)ની તો ક્યારેક જર્મનીની લાંબી સડક ઉપર લાંબાં લાંબાં કદમ ભરીને ભારતનો દમ ભરનારા, ક્યારેક રંગીન મોસમ સાથે તો ક્યારેક સંગીન મોસમ સાથે ખેલતા હોવા છતાં ય સરળતાથી મુશ્કેલ પંથો ઉપર ચાલનારા આ ગુલાબી સ્વભાવના અને ચંચળ મનના શાયરના શે'રો માણીએ:

ફૂલોનું શું થશે અને ફોરમનું શું થશે?
ઓ પાનખર! વિચાર કે મોસમનું શું થશે?
ચર્ચા કરી રહ્યો છું સુરાલયમાં ધર્મની,
મારા ને સંતના આ સમાગમનું શું થશે!
હું પાપ ના કરું એ ખરું, પણ જરી વિચાર!
ગંગાનું શું થશે અને ઝમઝમનું શું થશે?
ચંચળ હૃદયને માટે આ વાતાવરણ નથી,
યૂરોપમાં રહે છે તો આદમનું શું થશે?

∞

નથી એ દ્યૂત દુર્યોધન! કે તું જીતી શકે એને,
બધું સ્હેલું હશે પણ દ્રૌપદીનાં ચીર વસમાં છે.
હૃદય માટીનું વાસણ છે ને પ્રીતિ દૂધસિંહણનું,
ન તરડે તો કરે શું; પાત્ર નાજુક, ક્ષીર વસમાં છે!

∞

જે નશાની સાથ આપે દર્દ એવું ઘેન થૈ
કોઈની આંખે અમે દિનરાત ઘેરાતા રહ્યા.
કોઈ સાચી પ્યાસ લે આવ્યું ન અમને ઢૂંઢવું,
જામની માફક અમે તો નિત્ય છલકાતા રહ્યા.

શ્રદ્ધાની, ભાગ્યની કે સંજોગની કરામત—
કે ડૂબનાર આજે સાગર તરી રહ્યા છે!
દુનિયાની રીતે જોતાં લાગી રહ્યું છે એવું
ભગવાનના વિચારો જાણે ફરી રહ્યા છે!

∞

કોણ કહે છે જિંદગી માટે પ્રભુને માન છે?
મોત શું છે? જિંદગીનું જીવતું અપમાન છે!
જિંદગી મારી કિનારો થઈને એને બાંધશે;
આપનું યૌવન હું જાણું છું કે એક તોફાન છે!
રાત ઝરમર, ગીત ને એકાંતમાં એનું મિલન;
જિંદગી બોલી કે મુજ પર આ ખરું એહસાન છે!
ગમ, નિરાશા, દર્દ, બેચેની, વ્યથા ને આંસુઓ;
જીવવા માટે જુઓ, કેવો સરસ સામાન છે!

∞

હસું છું એટલે માની ન લેશો કે સુખી છું હું,
રડી શકતો નથી એનું મને દુઃખ છે, દુખી છું હું;
દબાવીને હું બેઠો છું જીવનના કારમા જખ્મો,
ગમે ત્યારે હું ફાટી જાઉં એ જ્વાલામુખી છું હું

મને આ તારી અધખીડેલી આંખોમાં સમાવી લે!
મને તો છે ઘણી ઇચ્છા કે કાજલ થાઉં તો સારું!
ભલે હું શ્યામ લાગું, પણ મિલન આવું મળે કોને?
તમન્ના છે કે તારા ગાલનો તલ થાઉં તો સારું!
મને એવા રૂપાળા ઘાવ દુનિયાએ કર્યા અર્પણ—
કે ખુદ દુનિયાને થઈ આવ્યું કે ઘાયલ થાઉં તો સારું!

∞

દમકતો ને ચમકતો શાહજહાંનો મ્હેલ જોવા દે!
મને ધનવાન મજનૂએ કરેલો ખેલ જોવા દે!
પ્રદર્શન કાજ જેમાં પ્રેમ કેદી છે જમાનાથી
મને એ ખૂબસૂરત પથ્થરોની જેલ જોવા દે!

∞

જિંદગીની વેદનાને ભૂલવા મથતો રહ્યો;
ભૂલવામાં યાદ તારી કેમ આવી જાય છે?

∞

મુહબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા,
અને જે હોય છે તે એટલા સધ્ધર નથી હોતા;
મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની,
બધાયે ઝેર પીનારાઓ કંઈ શંકર નથી હોતા.

∞

દુઃખની ઉડાડે ધૂળ તે શયતાન હોય છે,
સુખનું ઝરણ વહાવે તે ભગવાન હોય છે;
બન્નેનો મેળ સાધી જે નિપજાવે જિંદગી–
મારું છે માનવું કે એ ઈન્સાન હોય છે.

∞

છું જુવાનીનો હું સાથી, પ્રેમનો પણ મિત્ર છું
મીટ માંડી રૂપ પણ જોયા કરે એ ચિત્ર છું;
એ હશે કિસ્મતની લીલા કે પછી મારી કલા,
મેનકાને પણ નચાવું એવો વિશ્વામિત્ર છું.

∞

સમંદરના તરંગો ચાંદનીમાં લીન લાગે છે,
પવનની લ્હેર પણ ઝણકી ઊઠેલી બીન લાગે છે;
એ કુદરત હો કે માનવ-એકસરખો છે અનુભવ આ
જવાની હોય છે ત્યારે બધું રંગીન લાગે છે.

∞

તમે અત્યંત સુંદર છો, અદાઓ પણ રૂપાળી છે,
તમારા રૂપનો ચળકાટ નયનોની દિવાળી છે;
અમે કીધું નથી દર્શન, છે કેવળ સાંભળ્યું વર્ણન,
નયન કરતાં અમારા કાન કેવા ભાગ્યશાળી છે!

∞

હસતા રહીને પ્યારમાં બરબાદ થઈ જશું,
ભૂલકણા જગને માટે અમર યાદ થઈ જશું;
જીવન જનમ-મરણનો ગુણાકાર હો ભલે,
સરવાળો પૂરો થઈ જતાં ખુદ બાદ થઈ જશું.

તોફાન સાથે અમને મુહબ્બત,
ને શાંતિનો છે તમને ધખારો;
કેવી અજબ છે બન્નેની હાલત
કાંઠા અમારા, દરિયો તમારો!

∞

માનવી ને આ જગત આદમથી શેખાદમ સુધી!
એ જ દોરંગી લડત આદમથી શેખાદમ સુધી!
મોતનું બંધન છતાં કરતો રહ્યો છે માનવી
જિંદગીની માવજત આદમથી શેખાદમ સુધી!

કલાયાત્રી

એક પ્રૌઢ ગુજરાતી કલાકાર
વિનાયક પંડ્યા



બાવીસ વર્ષથી ભારતથી દૂર, વિશ્વની મહાનગરી લંડનમાં વસીને આજ સુધી કલાસૃષ્ટિનો તલસ્પર્શી પરિચય પામી મુદ્રણકલામાં સર્જનો કરવાની ક્ષમતા ધરાવતા વિનાયક હીરાલાલ પંડ્યા હવે વતન આવીને પોતાનું સમગ્ર જીવન કલાપ્રવૃત્તિ ને ભાવનાનાં સંશોધન અને પ્રચારમાં સમર્પવા કૃતસંકલ્પ થયા છે.

વીસમી સદીના પ્રારંભમાં સૌરાષ્ટ્રના ભાવનગરના એક સ્ટેશન માસ્તર હરગોવિંદભાઈ પંડ્યા પોતાના ઉચ્ચ ચારિત્ર્ય અને સેવાભાવના સાથે ઉત્તમ સુરુચિ ધરાવતા ગૃહસ્થ તરીકે જાણીતા હતા. એ સમયના ટૂંકા પગારમાં પણ તે મહારાજા જેવું ઉદાર દિલ ધરાવતા. એમનો આતિથ્યધર્મ અને કલાપ્રિયતા અનન્ય હતાં. એમ કહી શકાય કે આજ સુધી ભાવનગરને પાદરે એમના જેવા સુજનનાં દર્શન થયાં નથી; એટલે ત્યાંના નાગરિકોએ તેમને 'મહાત્મા'નું બિરુદ આપેલું તે સર્વ રીતે યથાર્થ હતું.

સ્ટેશન માસ્તર તરીકે તેઓ વેપારીઓને તથા મુસાફરોને દરેક પ્રકારની સેવા ને સરળતા આપવા તૈયાર રહેતા, છતાં કોઈ પાસેથી પાઈની પણ અપેક્ષા રાખી હોય એવું જાણવામાં નથી. સ્ટેશન પર ઊતરતા અનેક અભ્યાસીઓ અને ગૃહસ્થો ઘણી વાર તેમને જ ઘેર સીધા ધામા નાખતા અને ઘણી વાર તો તેમને ખબરે ન હોય કે ઘેર કોણ આવ્યું છે! સ્ટેશનમાંથી ટ્રેઈનો વિદાય થયા પછી તેમની ઑફિસમાં કોઈ સંત, કથાકાર, ગાયક, કવિ કે વિદ્વાન યા કલાકાર તેમને મળવા આવી બેઠા જ હોય; અને તે બધાની વાતોમાં તે સહાનુભૂતિ અને રસ દાખવતા. આવા વિરલ ભારતીય સત્પુરુષના જ્યેષ્ઠ પુત્ર હીરાલાલ પંડ્યા ખેતીવાડીનો વિશેષ અભ્યાસ કરવા અમેરિકા (ઇથાકા યુનિવર્સિટીમાં) ગયા ત્યારે રાજ્યના સચિવ શ્રી પ્રભાશંકર પટ્ટણી અને નગરજનોએ તેની સહાય અને વિદાયનો સમારંભ યોજી તેમની કદર કરી હતી.


શ્રી હરગોવિંદ પંડ્યાને ઘરમાં અને આગળ જતાં લોકોમાં પણ સૌ 'મોટા ભાઈ' નામથી જ ઓળખતાં. બીલખા આનંદાશ્રમવાળા શ્રીમન્ નથુરામ શર્માના તેઓ અનન્ય ભક્ત-શિષ્ય હતા. રોજ નિયમિત સંધ્યા-કર્મ અને યોગપ્રક્રિયા દ્વારા તેમણે સંસારની અર્થપ્રાપ્તિથી વાસના નષ્ટ કરી હતી, અને નિરામય ગૃહસ્થધર્મનું પાલન કરતા હતા. તેમાં પણ તેમના મોટા પુત્ર અમેરિકાથી આવી નોકરીએ લાગ્યા કે તરત પોતે નોકરીથી નિવૃત્ત થયા હતા અને ગુરુ શ્રી નથુરામ શર્માજીના આગ્રહથી નવા સ્થપાએલા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પરિસ્થાપનામાં જીવન અર્પણ કર્યું હતું, અને નિવાસ પણ શ્રી દ. વિ. ભવનની નજીક જ રાખ્યો હતો. તેમની સદ્ભાવનાના શુભ ફળ રૂપે તેમના ત્રણે પુત્રો ને પુત્રીમાં પ્રતિભા ને વિદ્યાનો પ્રભાવ જણાયો અને આખું કુટુંબ આબાદી પામ્યું.

હીરાલાલ પંડ્યા અમેરિકા ગયા તે વખતે જમાનાનુસાર તેમનું લગ્ન થઈ ગએલું અને ચાર બાળકોના પિતા થએલા. હરગોવિંદભાઈના વાત્સલ્યની છાયામાં એમનાં બાળકોમાં પણ ઉત્તમ સંસ્કાર ફૂટી નીકળ્યા ને તેમને દક્ષિણામૂર્તિ ભવનનું અભિનવ વિદ્યાર્થી-સંગોપન ખૂબ જ ફળદ્રૂપ નીવડ્યું. હીરાલાલ પંડ્યાના પુત્ર અનંત બાર ભાંડુઓમાં સૌથી મોટા. તેમણે દ. વિ. ભવનમાં વિદ્યાર્થીજીવન શરૂ કરી કરાચી એન્જિનીઅરિંગ કૉલેજમાંથી પ્રથમ વર્ગમાં પ્રથમ આવી અમેરિકાની જાણીતી એમ.આઈ.ટી. યુનિ.માંથી પ્રભાવ સાથે ડૉક્ટરેટ (મહાપ્રવીણની પદવી) મેળવી હતી. એમના અવસાન સમયે પ્રકટ થએલા 'અનંત-સ્મારક-અંક'થી 'કુમાર'ના





વિનાયક પંડ્યાની ગતિવંતી કલમનાં દ્યોતક રેખાંકનો



◁લીનોકટ

વિનાયક પંડ્યાનાં બે આધુનિક ચિત્રો

વુડકટ▷



વાચકોને તે સુવિદિત છે. વિનાયક પંડ્યા એ અનંત પંડ્યાના ત્રીજા ભાઈ.

મોટાભાઈના વ્યાપક વાત્સલ્યની છાયામાં જે અનેક યુવાનો પ્રેરણા મેળવતા તેમાં કવિઓ, વિદ્વાનો કે કળાકારોના અંશોને વિકાસને પ્રેરણા મળતાં. તેમાં ગિજુભાઈ બધેકા, રામનારાયણ વિ. પાઠક, રતિલાલ પાઠક 'સ્નેહરશ્મિ' (હવે સ્વામી સ્વયંજ્યોતિ), રવિશંકર રાવળ, હરભાઈ ત્રિવેદી, પરમાનંદ કાપડિયા, ગિરીશ ભટ્ટ આદિ અનેક હતા. આ સૌના સંપર્ક અને ગુણોની અસર પંડ્યા-પરિવાર ઉપર અચૂક થતી.

ભાઈ અનંત અને તેમના ફોઈના પુત્ર ઉપેન્દ્ર ભટ્ટ જોડિયા ભાઈની જેમ મોટાભાઈનાં પ્રિય બાળકો હતાં. અનંતે તો રવિભાઈ રાવળના સમાગમથી ચિત્રકામ કરવા માંડયું હતું ને તેમનાં કેટલાંક ચિત્રોની નકલો પણ કરી હતી. પણ એ કૉલેજમાં ગયા તે પછી દક્ષિણામૂર્તિ ભવનમાં રવિભાઈની સલાહથી સોમાલાલ શાહ નીમાયા ત્યારે વિનાયક ને નરેન્દ્ર બધેકા વિનયમંદિરના વિદ્યાર્થીઓ હતા. ઘરમાં ચિત્ર પ્રતિ ઉમળકો અને ભાવ પ્રકટી ચૂકયાં હતાં એટલે વિનાયક અને તેના સાથી માર્કંડ ભટ્ટ સોમાભાઈના પ્રિય શિષ્યો બની ગયા ને ચિત્રકળામાં એ સમયના પ્રમાણમાં ઘણી પ્રવીણતા બતાવી. ઉપરાંત ભાઈ અનંત અને ઉપેન્દ્રના માર્ગદર્શન નીચે વિનાયકે અને નરેન્દ્ર બધેકાએ હસ્તલિખિત 'કુમાર' (જેના નામ ઉપરથી રવિભાઈએ આ માસિકનું અભિધાન સ્વીકાર્યું હતું) આગળ ચલાવ્યું હતું અને રવિભાઈ રાવળ તેમના માનીતા વડીલ મિત્ર અને માર્ગદર્શક હતા, એટલે તેમની કૃતિઓ તેમની આગળ રજૂ કરતાં તેઓ ખૂબ જ આનંદ અનુભવતા.

સોમાભાઈના સહવાસથી એમને આકૃતિની પ્રાથમિક સારી તાલીમ મળી. વિનયમંદિરનો અભ્યાસ પૂર્ણ થતાં બંનેએ મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં પ્રવેશ મેળવ્યો અને એ સ્કૂલનો ડિપ્લોમા મેળવ્યા પછી બંનેએ મળી ભાવનગરનું નટરાજ થીએટર શણગાર્યું ને પ્રથમ વાર સૌરાષ્ટ્રની ગ્રામજનતાનાં પાત્રો મ્યુરલ (ભિત્તિ) ચિત્રોમાં મૂકયાં. દ. વિ. ભવનનાં કેટલાંક પોસ્ટર-ચિત્રો પણ એમણે કરેલાં.

માર્કંડ ભટ્ટને મશ્રોરા તરીકે દીવાન અનંતરાય પટ્ટણીના ટેકાની આશા હતી, તે પર નિર્ભર થઈને તે અમેરિકાના ચિત્ર-શિક્ષણ નિષ્ણાત મિ. બાર્નેટની કૉલેજમાં પહોંચી ગયા. વિનાયક પંડયાએ લાઠીના ઠાકોરસાહેબના મહેલમાં કુમાર મંગલસિંહજીની ઇચ્છા પ્રમાણે કેટલાંક મોટાં મ્યુરલ ચિત્રો કર્યાં. માર્કંડ ભટ્ટે અમેરિકાથી આવ્યા પછી મુંબાઈમાં દાદર પર કૉમર્શિયલ આર્ટ સ્ટુડિયો કર્યો. ત્યાં એમને ઘણે ભાગે કલાકારો આંબેડકર અને ઝેન્દ્રેનો સાથ હતો. ભાઈ વિનાયક ભાવનગરમાં સ્વામીરાવના સમાગમમાં આવ્યા. તેમની છાવણીમાંથી વડોદરાનાં મહારાષ્ટ્રીય કુ. વિમલનો પરિચય થતાં એ લગ્નમાં પરિણામ પામ્યો. આથી ભાવનગરના કુટુંબથી દૂર રહેવા તે વડોદરા આવી રહ્યા અને કેટલુંક છૂટક કામ કરવા લાગ્યા. એમના કામમાં નવીનતા, સર્જકતા અને આવેગ હતાં. મુંબાઈની કેટલી યે સંસ્થાઓ માટે એમણે ડિઝાઈન કર્યાં હશે, રવિશંકર પંડિતના સહકારથી નૂતન બાલશિક્ષણ સંઘ માટે બાળવાર્તા ચિત્રાવલિ પણ કરી જે એક નોંધપાત્ર શરૂઆત થઈ હતી.

આ દરમિયાન માર્કંડ ભટ્ટે વડોદરામાં નવી સ્થપાએલી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર શ્રીમતી હંસાબહેન સાથે એ યુનિવર્સિટીમાં સ્થાપવાની ફાઈન આર્ટ ફૅકલ્ટી (લલિતકલાભવન)ની યોજના તૈયાર કરી અને એ ભવનના પ્રથમ ડીન થયા. તે વખતે વિનુભાઈ સ્વતંત્ર ધંધાદારી તરીકે વ્યવસાય કરતા હતા અને એમનાં પત્ની વિમલે બાળક દર્શનને જન્મ આપ્યો હતો. તેની કેળવણીની ચીવટને લીધે તેમણે ઇંગ્લૅંડમાં એક જગ્યા મેળવી. પછી ભાઈ વિનાયકે પણ ત્યાં જઈ, મુસીબતો પાર કરી પહેલાં લંડનની સેન્ટ્રલ સ્કૂલ ઑવ આર્ટ ઍન્ડ ક્રાફ્ટનો ઈલસ્ટ્રેશન ઍન્ડ ગ્રાફિક આર્ટનો ડિપ્લોમા મળવ્યો, ને ત્યાર બાદ લંડન કૉલેજ ઑવ પ્રિન્ટિંગનો ગ્રાફિક રીપ્રોડક્શનનો ડિપ્લોમા મેળવી, ઉત્તરોત્તર ત્યાંની મોટી કંપનીઓમાં કામ કરી ત્યાં સ્થાયી વસવાટ કર્યો ને એક નાના રૂપાળા ગામમાં પોતીકું મકાન પણ કર્યું. તેમના પુત્ર દર્શને ત્યાં અભ્યાસમાં અસામાન્ય વિદ્યાર્થી તરીકે પ્રતિષ્ઠા મેળવી અને ઘણી ભાષાઓના જ્ઞાન સાથે કેમિકલ એન્જિનીઅરિંગમાં પીએચ.ડી.ની ઊંચી ડિગ્રી મેળવી ત્યાંના જ એક પ્રોફેસરની પુત્રી સાથે લગ્ન કરી હાલ જાણીતી બ્રિટિશ પેટ્રોલિયમની મોટી પેઢીમાં આજે સારા હોદ્દા પર છે.

પરંતુ વિનાયક પંડ્યાના મનમાં ભારતની મમતા દૃઢ હતી, તેથી બધું પતાવી હવે તે સ્વદેશ પાછા ફર્યા છે અને કાયમ માટે આ દેશને પોતાની સેવા આપનાર છે. □

અંગ્રેજી વાંચવાની લખવાની બોલવાની અને સાંભળવાની આવડત કેળવવા અંગે માર્ગદર્શન આપતી લેખમાળા-૨

વાંચવાની આવડત અંગે વધુ

લેખક — સુરેશ દેસાઇ

વાચનના મૂળ બે પ્રકાર: મૂક વાચન અને બુલંદ વાચન. મૂક વાચનમાં વાચક પોતે લેખિત સંદેશો ઝીલે છે. મોટેથી વાંચવામાં લેખિત સંદેશો અન્ય કોઈને સંભળાવવાનો હેતુ છે. મૂક વાચનમાં ઝડપનું મહત્ત્વ છે, ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ માહિતી મેળવવાનો ઉદ્દેશ છે. મોટેથી વાંચવાનો ઉદ્દેશ સાંભળનારને અધિકતમ ચોકસાઈપૂર્વક માહિતી પહોંચાડવાનો છે. તેમાં ઝડપનું મહત્ત્વ નથી.

મૂક વાચનનો ખપ અક્ષરજ્ઞાન ધરાવતી દરેક વ્યક્તિને પડે છે. ભાષાગત આવડતોમાં વાચનની ચર્ચા થાય ત્યારે, સામાન્ય રીતે, મૂકવાચનને લક્ષમાં લેવાતું હોય છે. આથી વાચનના લાભોની અગાઉ આપણે ગણતરી કરી ત્યારે મૂક વાચનના લાભોનો જ નિર્દેશ કર્યો છે. બુલંદ-વાચનનો દેખીતો લાભ વ્યવસાયમાં સફળતા છે. સમાચાર-વાચન, નિવેદન-વાચન, કવિતા-વાચન, પાઠ-પઠન, વર્ગ સામે શિક્ષણલક્ષી વાચન વગેરે એનાં દૃષ્ટાંત છે. એમાં શુદ્ધ ઉચ્ચાર અને યોગ્ય વિરામ–ક્યારેક વિરામની આવશ્યકતા છે. તેનો સંબંધ બોલવાની આવડત સાથે એની ચર્ચા આગળ ઉપર કરીશું.

વાચન-ઝડપ ઘટાડનારાં બળોમાં અપૂરતો પ્રકાશ, પ્રતિકૂળ મનઃસ્થિતિ, બિનજરૂરી હલનચલન, દેખીતું અથવા છાનું ઉચ્ચારવાચન, ખોટો દૃષ્ટિવિરામ આદિ છે. એ બળોના ઉલ્લેખમાં જ એને દૂર કરવાના ઉપાયો પણ અભિપ્રેતપણે સૂચવાયા છે. પ્રાથમિક અગત્ય વાચન-ઝડપ વધારવા અંગેની સભાનતા કેળવવાની છે.

ઝડપી વાચનનાં દેખીતાં વિઘ્નોમાં ઉચ્ચાર-વાચન મુખ્ય છે. તે એકેએક શબ્દ ઉપર ધ્યાન માગી લે છે. વિચારને બદલે હરેક શબ્દની જોડણી, ઉચ્ચાર ને ચોક્કસ અર્થ ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે. વાચનમાં શબ્દનો સ્વતંત્ર અર્થ નહિ પરંતુ સાથેના બીજા શબ્દોના અર્થના સંદર્ભમાં થતો એનો અર્થ પકડવાનો હોય છે. આ ન પકડાય તો એકનું એક વાક્ય ફરી વાંચવું પડે, ઉચ્ચાર ઝડપને જકડી રાખે છે. જોડણી એક એક અક્ષર ઉકેલીને લેવી પડતી હોય તો ઝડપ અતિ મંદ રહેવાની. ઉચ્ચારવાચન દૃષ્ટિવિરામને પણ અસર કરે છે. કુદરતી દૃષ્ટિવ્યાપથી થતું વાચન એ અટકાવે છે. એક એક શબ્દ ઉપર જ મીટ માંડવાની એથી ટેવ પડે છે અને પરિણામે એક જ દૃષ્ટિપાતે એક સામટા ત્રણેક શબ્દો વાંચી શકાય એ ભુલાઈ જાય છે.

ધીમું વાચન એટલે સમય અને શક્તિનો દુર્વ્યય. ધીમું વાચન એટલે જ ચોકસાઈપૂર્વકનું વાચન એમ માનવાનું કારણ નથી. ધીમા વાચન દ્વારા જેટલો બદલો મળે એટલો અથવા લગભગ એટલો જ બદલો ઓછાં સમય અને શક્તિ ખરચીને મેળવી શકાતો હોય તો બુદ્ધિગમ્ય માર્ગ ઓછાં સમયશક્તિ ખરચવાનો છે. દેખીતું છે કે બદલો 'એટલો અથવા લગભગ એટલો જ' મળી રહે તો જ એ માર્ગ બુદ્ધિગમ્ય છે. અહીં બદલો અર્થગ્રહણના રૂપમાં મેળવવાનો છે.

ઝડપી વાચનનાં પ્રકાર

ઝડપી વાચન પણ એક પ્રકારનું નથી. ઝડપી વાચનની આવડત જેણે કેળવી છે એવો વાચક પણ જુદાંજુદાં લખાણ જુદીજુદી ઝડપે વાંચશે. એ ઝડપ એક લખાણના સંદર્ભમાં ૨૦૦, બીજાના સંદર્ભમાં ૪૦૦ તો ત્રીજાના સંદર્ભમાં વળી ૮૦૦-૯૦૦ હોય તો નવાઈ નહિ. એટલે ઝડપી વાચનના, સગવડ ખાતર, ચાર પ્રકાર ગણાવી શકાય: અભ્યાસ-વાચન, સરેરાશ વાચન, સાર-વાચન અને હેતુ-વાચન.

અભ્યાસ-વાચન

અર્થશાસ્ત્રનો નવો સિદ્ધાંત, જર્ડાન્સનની નવી શૈલી, ફ્રૉઈડનું મનોવિશ્લેષણ, કંપનીધારાની કલમો કે વિજ્ઞાનની નવી શોધ અંગે વાંચતો વાચક ઝડપી વાચનની ધીમામાં ધીમી ઝડપે વાંચતો હોય છે. એનો હેતુ અભ્યાસનો છે, એટલે એ બહુ કાળજીપૂર્વક વાંચે છે. એનો પ્રયત્ન સોએ સો ટકા અર્થગ્રહણનો હોય છે. ઝડપનો આધાર અહીં લખાણની કઠિનતા ઉપર છે; છતાં પ્રાથમિક વાચનદોષોથી મુક્ત વાચકની અભ્યાસ-વાચનની ઝડપ મિનિટના ૨૦૦ શબ્દોથી વધુ હોઈ શકે.

સરેરાશ-વાચન

સમાચાર, નિબંધિકા કે વાર્તા વાંચતી વખતે અભ્યાસ-વાચન જેટલી કાળજીની જરૂર નથી. પ્રયોજન, પરિણામની અપેક્ષા, લખાણની રસાળતા અને સરળતાની બાબતમાં આ વાચન એટલું બધું જુદું છે કે જેથી ૨૫૦-૩૦૦ શબ્દોની ઝડપ તો સહેજે હોય; સિવાય કે વાચક પેલા પ્રાથમિક વાચનદોષોથી મુક્ત ન હોય. આ ઝડપને કોઈ પણ વાચકની સ્વાભાવિક વાચનઝડપ ગણી શકાય. સામાન્ય રીતે વાચનના અભ્યાસક્રમો આ પ્રકારના વાચનની ઝડપ વધારવાના ઉદ્દેશથી ઘડાએલા હોય છે. આ વાચનમાં અભ્યાસ-વાચન કરતાં જેમ ઝડપ વધુ છે તેમ અર્થગ્રહણ પણ ઓછું અપેક્ષિત છે. અર્થગ્રહણ સો ટકા હોય તો તો અભ્યાસ-વાચન જ થયું. સરેરાશ વાચન ૨૦-૨૫ ટકા અર્થગ્રહણનો ભોગ આપતું હોય છે.

સાર-વાચન

અભ્યાસ-વાચનમાં કાળજીપૂર્વક તેમ સરેરાશ વાચનમાં, ભલે બેફિકરાઈથી, પણ વાચકની નજર દરેકે દરેક પંક્તિ પર ફરતી જાય છે. શબ્દો કે વાક્યો વાંચ્યા વિના છોડવામાં આવતાં નથી. સાર-વાચનમાં એમ કરવામાં આવે છે. અહીં પ્રયોજન ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ લખાણ વાંચી જવાનું છે. એમ કરવા જતાં સરેરાશ વાચન કરતાં ખાસ્સું ઓછું (૫૦ ટકાથી ઓછું નહિ) અર્થગ્રહણ થાય તો તે પણ સ્વીકાર્ય છે.

સારવાચનની એક આગવી પદ્ધતિ છે. અહીં દરેક ફકરામાંથી સારભાગ તારવી લેવાનો હેતુ છે. વાક્ય પર નજર ફેરવી: વિચાર નજરે ચડી ગયો: તો એને મૂકો પડતું. બીજો વિચાર, ત્રીજો...પછી ફકરાનાં બીજાં વાક્યો વિચારની આગળ હોય કે પાછળ, પણ આ વિચારને જ સ્પષ્ટ કરવા પૂરતાં હોય તો એને પણ મૂકો પડતાં. વધો આગળ. આમ કરતાં ક્યાંક અગત્યનો વિચાર પણ છટકી જાય ને પરિણામે અર્થગ્રહણ એટલું ઘટે; પણ એટલું તો જોખમ ખેડવું રહ્યું, સમય ટૂંકો ને વાચન ઝાઝું છે. અલબત્ત, અધિકતમ ચોકસાઈભર્યા સારવાચન માટે નિશ્ચલ વિવેકબુદ્ધિની જરૂર છે.

વિદ્યાર્થીઓ આ વાચનની તરકીબ સારી જાણતા હોય છે. પરીક્ષાની છેલ્લી ઘડીએ સંભવિત સવાલનો (દા. ત. નિબંધનો) તૈયાર, લખેલો જવાબ હાથ આવી પડે તો દરેક વાક્ય વાંચવા કોણ બેસે? સારભાગ જોઈ લેવો. એ સવાલ ન આવે તો ઝાઝો સમય બગાડ્યાનો અફસોસ નહિ; સવાલ આવે તો અડધા ઉપરાંત મુદ્દાઓ વાંચ્યા હોવાનો આનંદ.

આગલા લેખમાં પ્રો. મોરગનના ૯૦૦ શબ્દોની વાચનઝડપના દાવાની નોંધ લીધેલી. સદ્ગત અમેરિકન પ્રમુખ કૅનેડી ૧૫૦૦ શબ્દોની વાચનઝડપનો દાવો કરતા. બન્ને દાવા સારવાચનના હોવા સંભવ છે.

સ્વૈરવિહારી વાચન

ગોવર્ધનરામની નવલકથા 'સરસ્વતીચંદ્ર' કે પાસ્તરનાકની 'ડૉ. ઝિવાગો' વાંચી છે? એનું એકેએક વાક્ય, એકેએક પૃષ્ઠ વાંચેલું? આખી નવલકથા અભ્યાસ માટે વાંચી હોય તો જુદી વાત; વાર્તારસ માટે જ વાંચી હોય તો એનાં અનેક પૃષ્ઠો વાંચ્યા વિના છોડ્યાં હશે. એ સ્વૈરવિહારી વાચન થયું. વાર્તામાં રસ હતો તેથી મોટામોટા ગદ્યખંડો છોડી વાર્તાતંતુ સાંધતા ગયા. પાસ્તરનોકની રાજકીય વિચારસરણી કે ગોવર્ધનરામનાં જીવનદર્શનના ઉપલક અભ્યાસમાં પણ આજ પદ્ધતિ ખપ લાગે.

વાસ્તવમાં જેટલા ગદ્યખંડો વાચક વાંચે છે તેટલા પૂરતો એ સાર-વાચન કરતો હોય છે. આખા લખાણને મહત્ત્વનું ન ગણતાં વાચક પોતાને મનપસંદ ગદ્યખંડો જ વાંચતો જાય છે. આવા સ્વૈરવિહારી વાચનની ઝડપ જુદી હોઈ શકે નહિ. જે ગદ્યખંડો વાંચ્યા જ નથી તેનું અર્થગ્રહણ શૂન્ય છે; એટલે ઝડપની ગણતરીમાં એ ગદ્યખંડોનો સમાવેશ ન થાય.

શરૂઆતમાં નોંધ્યું છે તેમ આ વાચનપ્રકારો સગવડ પૂરતા પાડવામાં આવેલા છે. એક પ્રકારના વાચનમાંથી બીજા પ્રકારના ને તેમાંથી ત્રીજામાં સરી પડવાનું એક જ વાચન-બેઠક દરમિયાન બને પણ ખરું.

અર્થગ્રહણ

વાચનનો ઉદ્દેશ અર્થગ્રહણનો છે. અર્થગ્રહણના ભોગે ઝડપ વધારવાનો અર્થ નથી. લગભગ ૭૫-૮૦ ટકા અર્થગ્રહણ સાથેની ઝડપ સાધારણ ઝડપ ગણાય. અર્થગ્રહણ સોએ સો ટકા હોય તો વધુ તેજ વાચન-ઝડપને અવકાશ છે. સોમાંથી વીસેક ટકા અર્થગ્રહણ ઓછું થાય અને વાચનઝડપ વધે તો તે આવકાર્ય ગણાય. આનાથી ઓછું અર્થગ્રહણ હોય તો વાચનઝડપ ઘટાડીને અર્થગ્રહણની ટકાવારી સુધારવી રહી.

વાસ્તવમાં અર્થગ્રહણ-શક્તિ પૂરી ન ખીલે ત્યાં સુધી ઝડપનો પ્રયત્ન અર્થહીન છે. અર્થગ્રહણ ખીલવવા માટે એવા વાચન-મહાવરાની જરૂર છે, જેનાથી બહોળા શબ્દભંડોળનો ને વિવિધ વાક્ય રચનાઓનો પરિચય વધતો રહે, ટૂંકમાં, વાચનરસ જ અનાયાસે અર્થગ્રહણશક્તિ ખીલવે.

ધ્યાનનો અને યાદદાસ્તનો પૂરતો અભાવ પણ અર્થગ્રહણ રોકે છે. પણ એ મહાવરાથી દૂર કરી શકાય. જે ગદ્યખંડ વાંચ્યો તેના ઉપરના સવાલોના જવાબ લખી નાખવામાં આવે અને પછી ગદ્યખંડમાં જ્યાં જ્યાં એ જવાબોની માહિતી છે તેની સાથે સરખાવી સાચા-ખોટાની ચકાસણી કરવામાં આવે તો અર્થગ્રહણની કાર્યક્ષમતા માપી શકાય અને આ જ પદ્ધતિએ એ કાર્યક્ષમતા લાંબે ગાળે સુધારી પણ શકાય.

ભયસ્થાનો

દરેકનો અનુભવ હશે—ખાસ કરીને સમાચારપત્રો વાંચતી વખતે, કે ક્યારેક અમુક શબ્દની જગાએ મન લગભગ એવી જ જોડણીનો બીજો શબ્દ જોતું હોય છે. સંદર્ભમાં, વ્યાકરણની દૃષ્ટિએ, એ આબાદ રીતે ગોઠવાઈ જતો હોય છે, પરંતુ અર્થ ક્યારેક સંપૂર્ણપણે બદલી નાખે છે.

એક બિરાદરની એના યજમાને સારી સરભરા કરવા વિચારેલું. પ્રથમથી જ શાકાહારી ને બિનશાકાહારી વાનગીઓની યાદી એમની આગળ રજૂ કરી દીધી અને ભાવતી વાનગીઓ સામે નિશાની કરી જવા જણાવ્યું. આનંદઘેલા મહેમાને મિત્રો સાથે વાતો કરતાં કરતાં ઉપલક નજરે વાનગીઓનાં નામ વાંચી નિશાનીઓ કરી દીધી. એમાં એક નિશાની 'pettitoes' સામે હતી: શાકાહારી બિરાદરને 'potatoes' ભાવે એટલે! પણ ખાણું આવ્યું ત્યારે એમણે ડુક્કરના પગની વાનગી પિરસાએલી જોઈ!

કોઈક જાણીતા હાસ્ય-લેખકની ટૂંકી વાર્તાની શરૂઆતમાં જ તમે વાંચો: When he entered the hall he saw the charwoman sitting at the head of thet able. ડિરેક્ટરોના બોર્ડના chairmanને ટેબલને સામે છેડે બેઠેલો માનસપટ પર ચીતરી તમે વાર્તા આગળ વાંચતા જાઓ તો?

અગાઉ જોયું તેમ ઝડપી વાચન માટે શબ્દો વાક્યો, ફકરા છોડતા જઈ શકાય; પરંતુ એમાં વિવેકબુદ્ધિ ન વાપરી તો અર્થને બદલે અનર્થ યા ગૂંચવાડો એકઠો થતો જાય. શબ્દો જ્યાં સુધી શબ્દકોષમાં છૂટાછવાયા પડ્યા છે ત્યાં સુધી બિનઉપદ્રવી છે, પણ વાક્યમાં એકબીજા શબ્દો સાથે નાતો જોડીને એ બેઠા હોય છે ત્યારે એને એક સ્થાનેથી બીજા સ્થાને મૂકો અથવા ત્યાંથી પદભ્રષ્ટ કરો તો એ જબરુ ટીખળ ઊભું કરી દે.

જેમ અગત્યના શબ્દો નજર બહાર જાય તો અર્થગ્રહણ ઉપર વિપરીત અસર થાય, તેમ અગત્યનાં વાક્યો વાંચ્યા વિના આગળ વધવામાં આવે તો પણ અર્થગ્રહણ ઓછું અથવા ખોટું થાય. ઝડપી વાચન માટે ઉપલક નજરે અગત્યનાં વાક્યો પસંદ કરી લેવાનાં હોય છે. આમાં વિવેકબુદ્ધિ ન વપરાય અને પ્રમાણમાં ઓછી અગત્યનાં વાંક્યોને પસંદ કરી લેવામાં આવે તો પણ અર્થગ્રહણનું ખડગ્રાસ અથવા ખગ્રાસ ગ્રહણ થાય।

અનુસંધાન] **દામુ ધોત્રે** [પૃષ્ઠ ૯થી

કેળવીને તેમની પાસેથી ધાર્યું કામ લેવામાં દામુ જેવું કૌશલ કોઈમાં નહોતું.

રિંગલિંગમાં જેને કેળવવા કોઈ તૈયાર નહોતું એ 'સોનિયા' નામની દીપડીને દામુએ તાલીમ આપી એટલું જ નહિ, પણ એમની બંનેની વચ્ચે એક ચિરસ્મરણીય પ્રેમગાંઠ બંધાઈ હતી. આજે અમેરિકાના સરકસ મ્યૂઝિયમમાં દામુનો ચાબૂક, પોશાક, આભૂષણો વગેરે પ્રદર્શિત થએલાં છે તે સાથે દામુ અને સોનિયા ભેટીને 'મૃત્યુનો નાચ' કરતા તેની પણ એક સુંદર પ્રતિમા રાખવામાં આવી છે.

સરકસના ઇતિહાસમાં સૌથી મોટી હોનારત ને સૌથી વધુ ધ્રુજાવનારા અકસ્માતો પણ દામુએ નજરે જોયા છે. સરકસ-ડૉક્ટર હૅન્ડરસને પોતાના અનુભવોનું એક પુસ્તક લખ્યું છે તેમાં તેમણે દામુની ઘણી પ્રશંસા કરી છે. દામુના યુરોપી સાથીઓએ લખેલાં પુસ્તકોમાં પણ દામુની શક્તિ અને સફળતાના અનેક ઉલ્લેખો જોવા મળે છે.

હિંસક પ્રાણીઓ પાસેથી કામ લેવામાં જે કેટલાંક જોખમો છે તેમાં બે મોટાં છે. સિંહ, વાઘ ને દીપડા એક જ કુળનાં પ્રાણી હોવા છતાં તેમને સરકસના અખાડામાં ભેગાં કરવામાં જોખમ છે. પણ દામુએ તો સિંહ, વાઘ, દીપડા, જૅગ્યુઆર (અમેરિકન દીપડા) અને પ્યૂમા (અમેરિકન સિંહ), એ બધાના ટોળાને અખાડામાં ભેગા ઉતાર્યા છે; એમાંના દરેક પર વ્યક્તિગત કાબૂ દર્શાવ્યો છે. સવા ડઝન જેટલાં એ જાતજાતનાં હિંસક પ્રાણીઓનું 'ધણ' અખાડામાં એકઠું કરવું એ જેવુંતેવું સાહસ નથી.

સરકસમાં બીજું જોખમ દીપડા પાસેથી કામ લેવામાં છે. સિંહને 'ઉમદા' અને વાઘને 'ગૌરવશાળી' કહીએ, તો દીપડો 'ખંધુ' અને 'દગાખોર' પ્રાણી છે. પણ દામુએ તો એક-બે નહિ પણ દીપડાના ટોળાને અખાડામાં ઉતાર્યું છે. આમાં યે 'ચૅમ્પીઅન' નામે દીપડો અને 'સોનિયા' દીપડી તો એમનાં ખાસ માનીતાં હતાં. ચૅમ્પીઅનને પોતાની કાંધ પર ઊંચકીને અને સોનિયાને બે પગે ઊભી કરી છાતીએ લગાડી તેની સાથે નાચીને દામુએ એમના પરના પોતાનો કાબૂ અને એ દ્વારા પોતાના કૌશલનો જે પરિચય આપ્યો છે એ અદ્વિતીય છે.


આજે તો સરકસ જીવનમાંથી નિવૃત્ત થઈ દામુ પૂનાની શુક્રવાર પેઠમાં 'સરકસવિલા' નામના પોતાના આલીશાન મકાનમાં સરકસના જ વાતાવરણ વચ્ચે રહે છે. હજી યે દુનિયાના ઘણા દેશોનાં સરકસો ને ખેલાડીઓ સાથે એમણે સંપર્ક જારી રાખ્યો છે. ભારતનાં તમામ સરકસો અને ખેલાડીઓ તેમને મુરબ્બી અને માર્ગદર્શક તરીકે માન આપે છે. તેમનો ભૂતકાળ તેમને જીવંત લાગે છે. અમેરિકાથી એમને સારુ વર્ષાસન મળે છે.

દામુને જોઉં છું ત્યારે મને વિચાર આવે છે કે આપણા દેશમાં કેટલા બધા છોકરા શિક્ષણ, શિસ્ત અને તકથી વિમુખ રહીને જિંદગી બરબાદ કરે છે! દામુને સૂઝ અને તક બંને મળી, પણ કરુણતા એ છે કે મામાના સરકસમાં જોડાયા પછી દામુએ ઝડપથી જે સફળતા મેળવવા માંડી તે જોવાની તક એમનાં માને કદી ન મળી. શેલાર સરકસ પાછું પૂના આવે તે પહેલાં તો એ મા મરી ગઈ હતી; અને એ સમાચાર પણ દામુને દિવસો પછી મળ્યા હતા! સરકસ ફરી પૂના પહોંચ્યું ત્યારે બાલપણના દિવસોને અને ગરીબડી માને યાદ કરી દામુ ખૂબ રડ્યા હતા.

રિંગલિંગ સરકસ પણ આજે રિંગલિંગ કુટુંબે વેચી નાખ્યું છે અને સિનેમા, તથા ટેલિવિઝનના આજના જમાનામાં સરકસનું આકર્ષણ પણ ઘટી ગયું છે. છતાં દામુ તો રિંગલિંગની અને પોતાની કારકિર્દીની સફળતાની પરાકાષ્ટાનાં સ્મરણો હજી સંભારતા રહે છે.

સિનેમાનાં નટનટીઓની પાછળ આજની પ્રજા ગાંડી બને છે તેણે દામુ જેવા સાહસવીરોની જીવનકથામાંથી પ્રેરણા લેવી જોઈએ. □

શતરંજનો કોયડો-૮



ભારતીય પદ્ધતિના આ કોયડાઓમાં અગાઉ કોયડા (નં. ૬)માં સામા પક્ષે કોઈ મહોરું ન હોય તો મ્હાત ન થઈ શકે એવી શરત હતી. તે પછીના કોયડા (નં. ૭)માં તો મહોરું ન હોય તો શેહ પણ ન આપી શકાય તેવી શરત હતી. હવે આ કોયડામાં મ્હાત વખતે સામા પક્ષનું કોઈ મહોરું અણુઊઠ પણ રાખવાનું નથી.

આ શરતોને લીધે કાળા વજીરને મારી પણ શકાય તેમ નથી અને તેને અણુઊઠ કરીને પણ મ્હાત કરી શકાય તેમ નથી. છતાં તેને છૂટો રહેવા દઈને પણ સફેદ પોતાનાં ઊંટ અને વજીરનો બુદ્ધિપૂર્વકભોગ આપીને મ્હાત કરે છે.

1 NQ6ch, K–N1; 2 P–B7ch; K–R1; 3 B–B6ch, Q–N2;4 N-N5-Q×B; આ સિવાય કાળાપાસે કોઈ ચાલ નથી. 5 Q–K8ch, Q×Q; 6 P—N7 mate. અહીં 5 Q–B8ch, Q–K1; 6 P–N7થી મ્હાત થાય છે. પણ તેમાં વજીર અણુઊઠ રહેતો હોઈ શરતભંગ થાય છે માટે વજીરનો ભોગ આપવો જરૂરી છે. કોયડામાં સફેદના ઊંટ અને એક પ્યાદાનો કોઈ ઉપયોગ નથી. આજના ધોરણ પ્રમાણે એ એક ખામી ગણાય.

મૅન્યુઅલ ઍરન ફરી રાષ્ટ્રીય ચેમ્પીઅન

બિકાનેરમાં તાજેતરમાં રમાએલી ૯મી રાષ્ટ્રીય શતરંજ ટૂર્નામેન્ટમાં પ્રથમ આવીને મદ્રાસના મૅન્યુઅલ ઍરન ફરી એક વાર ભારતના સૌથી સારા ખેલાડી પુરવાર થયા છે. તેઓ નવમાંથી આઠ રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં રમ્યા છે. આમાંથી ચાર વખત તે સર્વશ્રેષ્ઠ પુરવાર થયા છે અને ત્રણ વખત તેમને બીજું ઈનામ મળ્યું છે. તેમના સિવાય બીજા કોઈને બે વખત પણ પ્રથમ ઈનામ મળ્યું નથી. આંતરરાષ્ટ્રીય ઉસ્તાદની પદવી મેળવનાર ભારતના એ જ એક માત્ર ખેલાડી છે. શતરંજ માટે અર્જુન પદક મેળવનાર પણ ફક્ત તેઓ જ છે. ગયે વર્ષે એશિયન ઝોનની ટૂર્નામેન્ટમાં તેમને ચોથું ઈનામ મળ્યું હતું. આ વખતે તેઓ ફક્ત ચેમ્પીઅન થયા એટલું જ નહિ. પણ તેમની અને બીજા આવનાર વચ્ચે ૨॥ પોઈન્ટનો મોટો તફાવત રાખીને બીજા બધા હરીફો કરતાં પોતે કેટલા ચડિયાતા છે તે પણ બતાવ્યું છે. તેમણે ૧૪-માંથી ૯ રમત જીતીને અને ૪ ડ્રૉ મેળવીને ૧૧ પોઈન્ટ મેળવ્યા હતા.

તેમની હાર રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં નવા આવેલા ઉ. પ્રદેશના પ્રોફેસર હૃદયનાથ મંગલિક સામે હતી. પ્રો. મંગલિકે જયપુરમાં બધાંને પોતાની સુંદર રમતથી ચકિત કર્યા હતા, પણ રાષ્ટ્રીય 'એ' ટૂર્નામેન્ટમાં તેઓ આવો સારો દેખાવ કરશે અને પાંચમું ઈનામ જીતશે એવી કોઈને આશા નહોતી. મુંબઈના અરુણ વૈદ્ય ટૂર્નામેન્ટમાં સૌથી નાના ખેલાડી હતા. તેમણે પણ સારો દેખાવ કર્યો હતો અને લગભગ છેલ્લે સુધી એમ લાગતું હતું કે તે પહેલા છમાં આવશે, પરંતુ છેલ્લા બે રાઉન્ડમાં નસીર અલી અને ઍરન સામે રમવાનું હોઈ અને તેમાં ફક્ત ૦॥ પોઈન્ટ જ મળવાથી તેઓ પાછળ રહી ગયા.

આ ટૂર્નામેન્ટમાં પહેલાં છ સ્થાન પ્રાપ્ત કરનારા છે: ૧ મૅન્યુઅલ ઍરન (તામિલનાડુ), ૨ મહમ્મદ હસન (આંધ્ર પ્રદેશ), ૩ નસીર અલી (ઉ. પ્રદેશ) ૪ નસીરુદ્દીન ગાલિબ (આંધ્ર પ્રદેશ), ૫ હૃદયનાથ મંગલિક (ઉ. પ્ર), ૬ સુરેશ શાલિગ્રામ (મહારાષ્ટ્ર). આ સૌ આવતે વર્ષે હિમાચલ પ્રદેશમાં રમાનારી ૧૦મી રાષ્ટ્રીય 'A' ટૂર્નામેન્ટમાં સીધા રમી શકશે. બાકીના નવ તેમ જ હૈદ્રાબાદના આબિદઅલી અલ્વી જેમને નાદુરસ્ત તબિયતને કારણે ટૂર્નામેન્ટમાંથી અધવચ્ચે નીકળી જવું પડયું હતું તે દસ ખેલાડી સિમલા ખાતે રમાનાર રાષ્ટ્રીય 'B' ટૂર્નામેન્ટમાં તેમના પ્રાંતના ચાર ખેલાડી ઉપરાંત સીધા રમી શકશે.

સુરેશ મોદી

શતરંજની નવમી રાષ્ટ્રીય 'એ' ટૂર્નામેન્ટનું વિગતવાર પરિણામ

		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	કુલ	એસ. બી. સ્કોર
૧	મૅન્યુઅલ ઍરોન	×	૦॥	૧	૧	૦	૦॥	૧	૧	૦॥	૦॥	૧	૧	૧	૧	૧	૧૧	
૨	મહમ્મદ હસન	૦॥	×	૦॥	૦॥	૦॥	૦॥	૧	૦॥	૦॥	૦॥	૦॥	૧	૦	૧	૧	૮॥	
૩	નાસિરઅલી	૦	૦॥	×	૧	૧	૧	૦	૦॥	૧	૦	૦॥	૦	૦॥	૧	૧	૮	૫૨।
૪	નસીરુદ્દીન ગાલિબ	૦	૦॥	૦	×	૧	૦॥	૦	૦॥	૦॥	૧	૦॥	૧	૦॥	૧	૧	૮	૪૯।
૫	એચ. એન. મંગલિક	૧	૦॥	૦	૦	×	૦॥	૧	૦॥	૧	૧	૦	૦॥	૦॥	૧	૦	૭॥	૫૪
૬	એસ. જી. શાલિગ્રામ	૦॥	૦॥	૦	૦॥	૦॥	×	૦॥	૦॥	૦॥	૦॥	૧	૦	૧	૧	૦॥	૭॥	૪૯।
૭	આર. બી. સપ્રે	૦	૦	૧	૧	૦	૦॥	×	૦॥	૦॥	૦॥	૧	૧	૦॥	૦	૧	૭॥	૪૯।
૮	રામ્સઉલ હસન	૦	૦॥	૦॥	૦॥	૦॥	૦॥	૦॥	×	૧	૦॥	૦	૧	૦॥	૦॥	૧	૭॥	૪૮॥।
૯	એ. બી. વૈદ્ય	૦॥	૦॥	૦	૦॥	૦	૦॥	૦॥	૦	×	૦॥	૦॥	૧	૧	૧	૧	૭॥	૪૬॥।
૧૦	એસ. ડી. સાખલકર	૦॥	૦॥	૧	૦	૦	૦॥	૦॥	૦॥	૦॥	×	૦॥	૦॥	૦॥	૦॥	૦॥	૬॥	૪૫॥
૧૧	એમ. આર. વહી	૦	૦॥	૦॥	૦॥	૧	૦	૦	૧	૦॥	૦॥	×	૦	૦॥	૦॥	૧	૬॥	૪૩॥।
૧૨	એસ. વી. રાજાધ્યક્ષ	૦	૦	૧	૦	૦॥	૧	૦	૦	૦	૦॥	૧	×	૧	૦॥	૦॥	૬	
૧૩	કે. ભટ્ટાચાર્ય	૦	૧	૦॥	૦॥	૦॥	૦	૦॥	૦॥	૦	૦॥	૦॥	૦	×	૦	૦	૪॥	૩૪।
૧૪	આર. વિજયરાઘવન	૦	૦	૦	૦	૦	૦	૧	૦॥	૦	૦॥	૦॥	૦॥	૧	×	૦॥	૪॥	૨૭।
૧૫	પી. એસ. સત્યરાજ	૦	૦	૦	૦	૧	૦॥	૦	૦	૦	૦॥	૦	૦॥	૧	૦॥	×	૪	

'ઈન્ટરનૅશનલ કૉરસ્પોન્ડન્સ ચેસ ફેડરેશન'ની સ્વિટ્ઝરલૅન્ડમાં લ્યુગાનો મુકામે યોજાએલી નવમી કૉંગ્રેસમાં ભારતના કૉરસ્પોન્ડન્સ ચેસ એસોસીએશનના માનાર્હ મંત્રી શ્રી સુરેશ મોદી એક ઉપ-પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. અભિનંદન. ફેડરલ રીપબ્લિક ઑવ જર્મનીના મિ. હાન્સ-વર્નર ફૉન મૅસો પ્રમુખ, ડૉ. બૉહુસ્લાવ લ્યુકાસ (ચેકોસ્લોવાકિયા)-જનરલ સેક્રેટરી અને મિ. એરિક લારસન (સ્વીડન)-ઉપપ્રમુખ, ખજાનચી અને ટૂર્નામેન્ટ નિદર્શક તરીકે ફરી એ જ સ્થાનો પર ચૂંટાયા છે. મિ. સી. જે. એસ. પર્ડી (ઑસ્ટ્રેલિયા) અને મિ. એચ. રિટ્ટનર (જર્મન ડેમોક્રેટિક રીપબ્લિક) એ બે અન્ય ઉપપ્રમુખો છે. મિ. રિટ્ટનર 'કૉરસ્પોન્ડન્સ ચેસ'ના હાલના વિશ્વ ચેમ્પીઅન છે.

—સં.


પચ્ચીસ વર્ષ પહેલાં

જાન્યુઆરી ૧૯૪૭ · અંક ૨૭૭



તમને આવી કોઈ કુટેવ ખરી કે? એ મથાળા નીચે આપણી કેટલીક મામૂલી લાગતી ટેવોની ચોટદાર નુક્તેચીની આવેલી. આ આખીયે ચિત્રો સાથે ઉતારવા જેવી છે. જાહેર આરોગ્ય કે સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ જ નહિ પણ આપણા પોતાના સદ્‌વર્તન માટે પણ એ ટેવો કેવી નુકસાનકારક હોય છે ને એના આચરણથી આપણે કેવા ભૂંડા દેખાઇએ છીએ તેનું આપણને ભાન નથી હોતું. એનો એક તદ્દન નજીવો દાખલો લઇએ કે આપણે કોઇ છાપાં, ચોપડી કે વાંચવાના કાગળોનાં પાનાં છૂટાં પાડવા માટે થૂકવાળી આંગળીની મદદ લઇએ છીએ; પણ ગમે તેનો સ્પર્શ પામેલા અથવા ગમે તે રીતે રજોટાઈ રગદોળાઇ ગએલાં એ પાનાં કે કાગળો અને આપણી જીભ વચ્ચેનો થૂક દ્વારા થતો સંસર્ગ આરોગ્યની દૃષ્ટિએ કેટલો ખતરનાક છે, ને એમ કરતાં આપણે દર વખતે કેવા વરવા દેખાઇએ છીએ તેનો કદી જ વિચાર કરીએ છીએ ખરા? સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ કઢંગી એવી જે સંખ્યાબંધ કુટેવો કાળજીને અભાવે આપણામાં પેસી જવા પામે છે તેમાંની થોડી અહીં આપી છે.





નીચેનાં ચિત્રોમાં ક્રમવાર: (૧) તમે પાંચ માણસની વચ્ચે બેઠા છો ને અચાનક તમારા કાનમાં સળવળાટ જાગે છે. તરત પેન્સિલ, હોલ્ડર, સળી કે જે કાંઇ હાથ પડે તે લઇને તમે એ સળવળાટના કારણરૂપ મેલને બહાર કાઢવા પ્રવૃત્ત થાઓ છો; પણ કાનમાંની સુંવાળી ચામડી પર એ અડવાથી તેમજ મેલ ખોતરવાથી થતી ગલીપચીની તથા સળવળાટ શમવાની મીઠી લાગણીને કારણે તમારું મો કેવું કઢંગું થાય છે તે તો કોઈ તમારી સામે અરીસો ધરે તો જ જણાય! અને એમ જાહેરમાં મેલ કાઢવો એ અશિષ્ટ છે. (૨) એવું જ અશિષ્ટ, દાંતમાં ભરાએલું તરણું કે કચરો જાહેરમાં કાઢવો એ છે. જોકે એ ખરું છે કે પગમાં કાંટો, ધોતિયામાં ડાભોળિયું કે દાંતમાં શકટું પેઠાં હોય એ નીકળે નહિ ત્યાં સુધી કરાર નથી વળતો; પણ દાંતમાંની વસ્તુને ખોતરી કાઢવા માટે આપણે ટાંકણી, સળી, પેન્સિલ, ચશ્માંની પાતળી દાંડી કે છેવટે આંગળા—જે કાંઇ સાધન હોય તે વડે મથીએ છીએ ત્યારે ગુફા જેવું મોં ઉઘાડીને જે વિચિત્ર ચેડાં કાઢીએ છીએ તે અત્યંત કઢંગાં હોય છે. આંગળી મોંમાં નાખી થૂકવાળી થવા દેવી એ સભ્ય આચાર નથી ગણાતો, તેથી ઘણા રૂમાલ પણ વાપરે છે; પરંતુ એમ થૂકવાળો રૂમાલ વારેવારે મોંમાં કાઢઘાલ કરવો એ ય અશિષ્ટ તો છે જ; (૩) એવી જ બીજી અશિષ્ટતા પાંચ માણસની વચ્ચે રૂમાલમાં નાક સાફ કરવું એ છે. જોકે રસ્તામાં ગમે ત્યાં લીંટ કે ગળફા ફેંકવાની આપણી પ્રજાવ્યાપક ટેવ કરતાં એ સારું છે; પણ એ કામ બને ત્યાં સુધી એકાંતમાં અગર શાંતિથી થાય તો સારું. પરંતુ કેટલાક તો રૂમાલમાં જે મોટો અવાજ કરીને ને ડોળા કાઢીને એ ક્રિયા કરે છે એ તો ત્રાસજનક છે. (૪) એ પ્રકારની બીજી કુટેવ તે છીંક ખાવાની. છીંક આવે તે રોકી રોકાઇ શકતી નથી એ ખરું પરંતુ તે પણ રૂમાલમાં નાક દબાવીને તથા મોં આડું રાખીને બને તેટલો ઓછો અવાજ કરીને કરાય તો સારું. પણ માણસ અત્યંત તુચ્છકાર પાત્ર તો ત્યારે થાય છે કે જ્યારે તેને ખાતાં ખાતાં છીંક કે ઉધરસ આવે છે! છીંક અનિવાર્ય હોય છે એ કબૂલ, પણ મંડળીમાં જમવા બેઠા હો ને મોંમાં ડબૂચો હોય ત્યારે છીંક આવતાં ચોતરફ તમારા કોળિયાનો જે છંટકાવ ઊડે તેથી શી દુર્દશા થાય (તમારી ને મંડળીની બંનેની) તેનો ખ્યાલ કરો! (૫) જમતી વખતની એક એવી જ કુટેવ તે ડબૂચા મારીને ખાવાની ને મોં ખૂબ પહોળું ઉઘાડવાસ કરીને ચાવવાની. કેટલાક તો વાગોળતા હોય એવી રીતે બંને જડબાને દળતા હોય છે! ચાવવાની ક્રિયા તો સૌને કરવાની હોય છે, પણ એ ક્રિયા કેમ થાય છે તે મોં ઉઘાડીને બીજાને બતાવવાની શી જરૂર? (૬) અને પુરુષોમાં જ આવી કુટેવો હોય છે એવું કાંઈ નથી. સ્ત્રીઓને પણ આ બધું એટલું જ લાગુ પડે છે. નખ કરડવાની ટેવ પણ આપણી સામાન્ય સામાજિક કુટેવોમાંની એક છે. વાતો કરતાં અથવા કોઇની વાતો સાંભળતાં, મોંમાં આંગળીઓ નાખીને અને તમારા દાંતનું દર્શન સૌને કરાવતા જઇને કરડ કરડ કરવાની શી જરૂર? (૭) અને એવી જ બીજી કુટેવ નાકના ગૂંગા કાઢવાની! હાથમાં હીરાની વીંટી પહેરી હોય, ને એ જ વીંટીવાળી આંગળી વડે ગૂંગા કાઢતાં બાઈસાહેબ એ વીંટીને લજવતાં હોય ત્યારે કેવી ચીતરી ચડે તેનો ખ્યાલ કરો! ...આ થોડા નમૂના જાણ્યા પછી તમે જરૂર તમારી જાતને પ્રશ્ન કરવાના કે 'આવી કોઈ કુટેવ મને ખરી કે?'












પ્રાગૈતિહાસિક પ્રાણીઓ - ૧

પૃથ્વીના ધગધગતા પ્રવાહી ગર્ભ પર ઠરીને લગભગ ૨૫ માઈલ જેટલો જાડો પોપડો બંધાયા પછી તેના પર છવાએલા મહાસાગરોમાં સૌપ્રથમ જીવન પાંગર્યાને લગભગ ૬૦ કરોડ વર્ષ થયાં એમ વિજ્ઞાનીઓ કહે છે. પૃથ્વીનો એ બાહ્ય પોપડો યે અદૃષ્ટ પણ સતત ફેરવાતો રહ્યો છે. પર્વતો ને ટેકરીઓ પવન, વરસાદ ને હિમથી ધોવાતાં-ઘસાતાં રેતી ને કાદવ રૂપે નદીઓ દ્વારા સમુદ્રમાં ઠલવાતાં રહે છે. જમીન પર કે દરિયામાં આમ થર પર થર ખડકાય છે. કાળાનુક્રમે એ સખત બની ચૂના-રેતીના પથ્થરો બને છે. આવા છેક નીચેના ૪૫ કરોડ વર્ષ પહેલાંના 'પ્રી-કૅમ્બ્રિયન' થરમાં નિષ્ણાતોને દરિયામાં પેદા થએલા પ્રારંભિક જીવનની સાબિતીઓ મળી છે. ત્યાર પછી બાહ્ય કોચલાંવાળાં પ્રાણીઓ, કરોડરજ્જુવાળી માછલીઓ, જમીન પર વનસ્પતિનો આરંભ, પ્રથમ જળસ્થળચર પ્રાણીઓ, જંગલો અને જીવડાં, પ્રાથમિક સરિસૃપ પ્રાણીઓ, જમીન પરનાં એવાં જ પ્રાણીઓ, પ્રથમ ડાઈનૅસોર્સ, પ્રથમ સસ્તન પ્રાણીઓ, ઊડતી ગરોળીઓ ને પ્રારંભિક પક્ષીઓ, વિકસિત સસ્તન પ્રાણીઓ અને છેવટ માણસ પેદા થયો.

આમાંનાં ઘણાં પ્રાણીઓ તો માણસ પેદા થયા પહેલાંનાં છે. પણ પૃથ્વીના પેલા પોપડામાં એ મૃતપ્રાય: થઈ ચૂકેલાં પ્રાણીઓનાં અશ્મિલ અવશેષો મળી આવે તે પરથી, દટાએલાં હાડપિંજરો પરથી, શીત પ્રદેશમાં તો સૈકાઓ પહેલાં બરફમાં દટાઈને તેમાં એવાં ને એવાં જળવાએલાં પ્રાણી પરથી, આદિ માનવોએ ગુફાઓમાં કરેલાં ચિત્રો વગેરે પરથી આપણને એ બધાં ભૂતકાલીન જીવો વિષે જાણવા મળે છે. અહીં આપણે એવાં થોડાં પ્રાણીઓ વિષે જોઈશું.



૧૫ કરોડ વર્ષ પહેલાંના એક પ્રાણીની ખોપરી. સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ જ્યારે હજી પ્રારંભિક કક્ષામાં જ વિકસ્યાં હતાં એ કાળનું આ જળચર પ્રાણી છથી માંડી ચાળીસ ફૂટ સુધીના કદમાં થતું હોવાનું મનાય છે. આગળ ઉપર આપણે એના વિષે વિગતમાં જોઈશું. લંડનના 'નેચરલ હિસ્ટરી મ્યૂઝિયમ'માં ગરોળીસમા પ્રાણીઓના વિભાગમાં આ ખોપરી જળવાએલી છે.



માધુકરી

મને આમંત્રે આ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવરતણાં શૃંગ ગરવાં;
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ગમે,
જનોત્કર્ષે-હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.
બધો પી આકંઠ પ્રણય ભુવનોનો કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

—ઉમાશંકર જોશી

સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈ

આધુનિક ગુજરાતની અસ્મિતાના પુરોધા રણજિતરામની અવસાનનોંધનો આરંભ કરતાં કનૈયાલાલ મુનશીએ લખેલું: 'કેટલાંક મૃત્યુ ધરતીકંપ સમાં હોય છે.' ગઇ તા. ૩૦મી ડિસેમ્બરે ભારતના અણુશક્તિ પંચના અધ્યક્ષ અને મહાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈના ત્રિવેન્દ્રમ ખાતે એકાએક થએલા અવસાનથી સમસ્ત દેશને એવો જ આંચકો લાગ્યો. થુમ્બા રેલવે સ્ટેશનના ખાતમુહૂર્તવિધિ તથા અન્ય કેટલીક પરિષદોમાં ભાગ લેવા તેઓ ગયા હતા. ત્યાં ત્રિવેન્દ્રમથી ૧૨ કિ. મી. દૂર દરિયાકાંઠે આવેલી સરકારી પ્રવાસી હોટેલ 'કોવાલમ પૅલેસ'માં ઊંઘમાં જ એમનું અવસાન થયું. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વૈજ્ઞાનિક અને અણુશક્તિપંચના અધ્યક્ષ તરીકેની એમની ખોટ આજના કાળમાં, અને એમની જ યોજના અનુસાર આવતાં એકબે વર્ષ પછી ભારત પણ અવકાશી ઉપગ્રહો છોડવા જેવી સ્થિતિના દ્વારે પહોંચ્યાના સમયે, આપણા માટે તો અતિ ભારે છે. રાજકીય ક્ષેત્રે એક પછી એક ઊભા થતા નેતાઓ જેમ વિજ્ઞાનીઓ મેળવવા સરળ નથી. ત્યારે ડૉ. વિક્રમ જેવી બહુમુખી પ્રતિભા ધરાવનારની ઊણપ આપણને સદાકાળ સાલશે.

અમદાવાદના વિખ્યાત ગર્ભશ્રીમંત ઉદ્યોગપતિ શેઠ અંબાલાલ સારાભાઇના ત્રણ પૈકીના એ બીજા પુત્ર. ઇ. ૧૯૧૯ની ૧૨મી ઑગસ્ટે એમનો જન્મ થયો. મુંબાઇ અને કેમ્બ્રિજમાં ઉચ્ચ અભ્યાસ કરી એમણે ઇ. ૧૯૩૯માં વિજ્ઞાનમાં ટ્રાઇપૉસ લીધો. ઇ. ૧૯૩૯ થી ૪૫માં કૉસ્મિક કિરણોના પ્રસરણ અંગે રીચર્સ સ્કૉલર તરીકે બૅંગલોરમાં સ્વ. ડૉ. સી. વી. રામનના માર્ગદર્શન તળે ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સમાં સંશોધન કર્યું અને ૧૯૪૫માં કૅવૅન્ડિશ લૅબૉરેટરીમાં અણુભૌતિક વિજ્ઞાન વિષે સંશોધન કરી ૧૯૪૭માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટ મેળવી.

આ પછી અમદાવાદની ફિઝિકલ રીસર્ચ લૅબૉરેટરીમાં 'કૉસ્મિક રે ફીઝિક્સ'ના પ્રાધ્યાપક તરીકે એમણે કાર્ય કર્યું. ૧૯૬૪માં તેઓ એ સંશોધન-સંસ્થાના ડિરેક્ટર બન્યા. ઇ. ૧૯૪૭–'૫૫ દરમિયાન 'અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રીસર્ચ એસોસીએશન' (અટીરા)ના વિકાસના કાર્યમાં જોડાએલા અને ૧૯૫૬થી એના પણ ડિરેક્ટર બનેલા. 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ મૅનેજમેન્ટ'–અમદાવાદના પણ તેઓ ૧૯૬૫ સુધી માનાર્હ ડિરેક્ટર હતા. ઇ. ૧૯૫૬માં જાપાન ગએલા ભારતના પ્રૉડક્ટિવિટી ડેલિગેશનનું નેતૃત્વ પણ એમણે સંભાળેલું.



કૉસ્મિક રેનું ક્ષેત્ર એ એમનો પ્રિય વિષય હોઇ એને લગતાં સંશોધનો અર્થે એમણે અમદાવાદ, ગુલમર્ગ, કોડાઇકાનાલ, ત્રિવેન્દ્રમ અને દક્ષિણ અમેરિકામાં બોલીવિયામાં સંશોધન-કેન્દ્રો ઊભાં કરી તેમાં કૉસ્મિક રે વૅરીએશન ને સૂર્યના સંબંધ અંગે સંશોધનો કરેલાં. એમણે કરેલાં વૈજ્ઞાનિક સંશોધનો માટે એમ-

ને ૧૯૬૨માં ભૌતિક વિજ્ઞાન ફીઝિક્સ માટેનો શાંતિસ્વરૂપ ભટનાગર મેમોરિઅલ ઍવૉર્ડ અને ૧૯૬૬માં પદ્મભૂષણનું બહુમાન મળ્યાં હતાં.

ઈ. ૧૯૬૬માં ડૉ. ભાભાના અકસ્માત અવસાનથી અણુશક્તિ પંચના અધ્યક્ષ તરીકે એમણે એ ખાલી પડેલું સ્થાન પૂર્યું જે એમણે પોતાનાં અન્ય અનેક રોકાણો સાથે ઘણી ઉજ્જ્વળરીતે શોભાવ્યું એટલું જ નહિ પણ તેને આગળ વધારીને ભારતને અવકાશ-સંશોધન-ક્ષેત્રના પથ પર લાવી મૂક્યું. વૈજ્ઞાનિક તરીકેની શક્તિ ઉપરાંત એમની વહીવટી દક્ષતાએ આ મહાકાર્યને ઘણું જ સુવ્યવસ્થિત રીતે ચલાવી બતાવ્યું. 'ઈંડિયન નૅશનલ કમિટી ફૉર સ્પેઈસ રીસર્ચ'ના પ્રથમ ચેરમૅન તરીકે એમણે ભારતના અવકાશ-સંશોધન-ક્ષેત્રમાં ઘણી પ્રગતિ સાધી બતાવી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની માન્યતા પામેલા થુમ્બાના વિષુવવૃત્તીય રૉકેટ મથકની સ્થાપના અને સંચાલનમાં, અમદાવાદ ખાતેના પ્રાયોગિક સેટેલાઈટ કૉમ્યુનિકેશન અર્થ સ્ટેશનની સ્થાપના કરી એને એશિયાભરમાં બીજા નંબરે પહોંચાડવામાં, તથા ભારતમાં રૉકેટ ઉત્પાદનના આરંભ ને અવકાશવિજ્ઞાનના કેન્દ્રની સ્થાપનામાં એમનો જ મોટો હિસ્સો હતો.

વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન કાઉન્સિલનું નિયામક મંડળ, મધ્યસ્થ શિક્ષણ સલાહકાર મંડળ, રાષ્ટ્રીય આયોજન કાઉન્સિલ, રાષ્ટ્રીય સંરક્ષણ કાઉન્સિલ, કૅબિનેટની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ, વહીવટી સુધારણા પંચની વૈજ્ઞાનિક ખાતાંઓની અભ્યાસ સમિતિ, વૈજ્ઞાનિક સંઘોની આંતરરાષ્ટ્રીય કાઉન્સિલની ભારતીય રાષ્ટ્રીય સમિતિ, હાર્વર્ડ યુનિવર્સિટી પ્રોગ્રામ ઑન સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજીનું સલાહકાર મંડળ, સાયન્ટિફિક કાઉન્સિલ ઑવ ધી ઈન્ટરનૅશનલ ઇન્સ્ટિટ્યૂશન ઑવ પીસ ઍન્ડ કૉન્ફ્લિક્ટ રીસર્ચ-સ્વીડન, અમેરિકા ફિઝિકલ સોસાએટી, અમેરિકા જીઓફિઝિકલયૂનિયન વગેરે અનેક મંડળો ને સંસ્થાઓના તે સભ્ય હતા.

યુનોના મહામંત્રીને, અણુશસ્ત્રોના શક્ય ઉપયોગની અસરો, તેમજ એ શસ્ત્રોના વધુ વિકાસ અને ફેલાવાની દુનિયાનાં રાષ્ટ્રોની સલામતી ઉપરની અસર તથા તેના આર્થિક સૂચિતાર્થો અંગે અહેવાલ તૈયાર કરવામાં મદદ માટે નિમાએલા નિષ્ણાતોમાં એ લેવાયા હતા. બાહ્યાવકાશની ખોજ તથા તેના શાંતિપૂર્ણ ઉપયોગ અંગેની યુનોની પરિષદની પૂર્વતૈયારી માટેની પૅનલના તે અધ્યક્ષ હતા. વળી, ઈન્ડિયન ઍકેડેમી ઑવ સાયન્સ, નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સિઝ ઑવ ઇંડિયા, ફિઝિકલ સોસાએટી-લંડન ને કેમ્બ્રિજ ફિલૉસૉફિકલ સોસાએટીના તે ફેલો હતા.

દુનિયાનાં અનેક નામી વિજ્ઞાનવિષયક પત્રોમાં એમણે સંખ્યાબંધ લેખો લખેલા અને અનેક વિજ્ઞાન-પરિષદોમાં નિબંધો પણ વાંચેલા.

દેશની એટલી બધી સંસ્થાઓ સાથે એ સંકળાએલા હતા કે એમના જવાથી હવે આ બધી સંસ્થાઓ માટે આવી એક વ્યક્તિ મળવી સંભવિત નથી. દેશને અણુશક્તિથી સજ્જ કરવાની એમની મહત્ત્વાકાંક્ષા હતી. દુનિયાભરના અગ્રગણ્ય વિજ્ઞાનીઓ એમને ઓળખતા અને વિજ્ઞાન-ક્ષેત્રે થતાં નવાંનવાં સંશોધનોથી તેઓ સદા જ્ઞાત રહેતા..

સ્વ. શેઠ અંબાલાલ સારાભાઈએ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ વિકાસ સાધી બતાવ્યો હતો, તેમ એમના સમગ્ર કુટુંબે શિક્ષણ, સંસ્કાર, કળા, રાષ્ટ્રીય ચળવળો આદિ અનેક ક્ષેત્રમાં સારાભાઈ ઘરાણાનું નામ દેશમાં રોશન કર્યું છે, પણ ડૉ. વિક્રમભાઇએ તો પોતાની વિદ્વત્તા ને કુનેહ વડે જગતભરમાં નામ કાઢેલું. એમનાં પત્ની શ્રીમતી મૃણાલિની બહેન પણ નૃત્યક્ષેત્રે દુનિયાભરમાં ખ્યાત છે. ને પુત્રી મલ્લિકા પણ એ જ દિશામાં પ્રગતિ કરે છે. પુત્ર કાર્તિકેય અમેરિકામાં અભ્યાસ કરે છે. ડૉ. વિક્રમભાઈના અવસાનના એ કુટુંબ પરના આઘાતમાં દેશ આખો સહભાગી છે.

કાળાં ચશ્માંની ફૅશન

એ ખરુ છે કે ગરમ આબોહવા અને તીવ્ર સૂર્યપ્રકાશવાળા આપણા દેશમાં ગરમી અને પ્રકાશની મોસમમાં (ખાસ કરીને નબળી આંખવાળા માણસોને) આંખના જતન માટે કાળાં ચશ્માંની જરૂર પડે. આંખ પરના ઑપરેશન પછી, અથવા આંખના દર્દ વખતે, તડકા તથા હવાથી આંખનું રક્ષણ કરવા માટે ખાસ જાતનાં કાળાં ચશ્માં વાપરવાની દાક્તરો સલાહ પણ આપે છે. અથવા તો આંખમાં ફૂલું હોય કે આંખ ફાંગી હોય તો તે ઢાંકવા માટે કાળાં ચશ્માં વપરાય છે.

પણ હમણાં હમણાં કાળાં ચશ્માંએ વિવિધ ભાગ ભજવવા માંડયા છે, અને ઉચ્ચ શિક્ષિતો, અમેરિકન એટિકેટમાં માનનારાઓ, ઑફિસરો, પ્રધાનો, તરુણો અને આધુનિક તરુણીઓની આંખો પર આજે કાળાં ચશ્માં દેખાય છે. કયાંક વળી ડિટેકટિવ નવલકથાના બદમાશ કે ફિલ્મી દુનિયાના હીરોનાં કાળાં ચશ્માં આપણી યુવાન પેઢીમાં ઊતરી આવ્યાં છે. અણીદાર બૂટ, ચુસ્ત પૅન્ટ અને રંગબેરંગી બુશશર્ટ ધારણ કરેલા આધુનિક તરુણો આંખ ઉપર કાળાં ચશ્માં લગાડયા વિના ભૂલેચૂકે પણ બહાર નીકળતા નથી. આજની યુવતીઓ, જાણે દુનિયાનો પ્રકાશ સહન કરી શકતી ન હોય તેમ, આંખ પર કાળાં ચશ્માં ચડાવેલાં જ રાખે છે. મિનિ સ્કર્ટ, મિની બ્લાઉઝ અથવા તંગ પાયજામા ને કૉલરવાળા ઝભ્ભા, ડોક સુધીનાં વાળનાં ઝુલ્ફાં અને તરેહતરેહનાં ટેનિસ-બૉલ સાઈઝનાં ચશ્માંમાં કોણ છોકરો કે કોણ છોકરી (કોણ મિસ્ટર છે કે કોણ સિસ્ટર) એ જ આજે સમજવું મુશ્કેલ બની ગયું છે!

જે દેશમાં જન્મ થયો હોય તે દેશનાં હવા-પાણી-પ્રકાશ સહન કરવાની શક્તિ કુદરત આપી જ રહેતી હોય છે. એ ગૌરવને અણસમજમાં અવગણીને, માત્ર દેખાદેખીનાં આછકલા પ્રવાહમાં તણાઈ ફૅશનમાં ફસાવાથી અંગત શેખી પોષાવા સિવાય કશો લાભ થતો હોતો નથી, બલ્કે ચશ્માંની બાબતમાં ઊલટું નુકસાન થાય છે. કાળાં ચશ્માં પહેર્યા કરવાથી આંખની સામાન્ય પ્રતિકારશક્તિ ઘટે છે અને તેની રંગ પારખવાની શક્તિ નાશ પામે છે; એટલું જ નહિ પણ નકામા કાચ તથા ડિફેકટિવ પાવર(ખોટા નંબર)નાં કાચનાં કાળાં ચશ્માં વધારે સમય પહેરી રાખવાથી કોઈ વાર લાંબે ગાળે દેહનું એ કિંમતી રતન ખોઈ બેસવાનો ભય રહેલો છે. ('જયહિંદ'ને આધારે)

ગણિતગમ્મત

કોઈ પણ બે પાસપાસેથી સંખ્યાના ગુણાકારને તે જ બે પાસપાસેની સંખ્યાના સરવાળા વડે ગુણવાથી જે ગુણાકાર આવે તેને ૬ વડે ભાગવાથી ક્રમિક સંખ્યાના વર્ગોનો સરવાળો આવશે.

$\{૧\times૨\times(૧+૨)\}\div૬=૧^{૨}$

$\{૨\times૩\times(૨+૩)\}\div૬=૫=૧^{૨}+૨^{૨}$

$\{૩\times૪\times(૩+૪)\}\div૬=૧૪=૧^{૨}+૨^{૨}+૩^{૨}$

$\{૪\times૫\times(૪+૫)\}\div૬=૩૦=૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}$

$\{૫\times૬\times(૫+૬)\}\div૬=૫૫=૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}$

$\{૬\times૭\times(૬+૭)\}\div૬=૯૧=૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}+૬^{૨}$

અને એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી. —એમ. એન. ખત્રી

હરિ: ૐ આશ્રમ તરફનું
ડિસેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ગુરુ ગોવિંદસિંહ'ના લેખક
શ્રી કનુભાઈ જાનીને આપવામાં આવ્યું છે

ગાજર

ઉમાણું-તાજાં, રતાશપડતાં, મનોહર રંગનાં ગાજર વેચાતાં થયાં છે. ગાજર એ શિયાળામાં ભૂમિ માતાએ આપણને આપેલી આરોગ્યપ્રદ ભોજનની એક વાનગીની ભેટ છે. અનાજકઠોળના ખોરાકમાંથી આપણને પૂરતાં કાર્બોહાઇડ્રેટ અને પ્રોટીન મળે છે, પણ ખનિજ-વિટામિન ઓછાં મળે છે. તે ઊણપ ભાજીઓ, ફળો ઈત્યાદિનો ભોજનમાં સમાવેશ કરવાથી દૂર થાય છે. શિયાળામાં સોંઘાં મળતાં ગાજર આપણા ખોરાકમાં જરૂરી ખનિજ-વિટામિન ઠીક પ્રમાણમાં પૂરાં પાડે છે. દેહનાં હાડકાંના પોષણ સંવર્ધન અને મજબૂતી માટેનો ચૂનાનો ક્ષાર ઘઉં-બાજરીથી બમણો, જુવારથી ત્રણ ગણો અને ચોખાથી આઠગણો ગાજરમાં છે. વળી કાંદા, બટાટા, સક્કરિયાં અને સૂરણ તેમજ વેગણ, કોબીજ, ફ્લાવર, પાપડી, ફણસી કરતાં પણ દોઢા-બમણો છે. લોહીને લાલ ચટક અને તાકાતવાળું રાખવામાં મદદગાર લોહ ગાજરમાં કેરી-ચીકુ જેવાં ફળો તેમજ દૂધી-કોળાં-વેગણ જેવાં શાક કરતાં, સરખે વજને, વધારે છે.

પણ ગાજરની વિશિષ્ટતા તો એમાં રહેલા 'એ' વિટામિનને લીધે છે. ગાજરનું આ વિટામિન સરખે વજને ઘી કરતાં લગભગ બમણું, અન્ન-કઠોળો કરતાં આઠ ગણું, દૂધ કરતાં સોળ ગણું છે. બીજાં કંદમૂળ બટાટા, સક્કરિયાં, રતાળુ, સૂરણ વગેરેમાં આ 'એ' વિટામિન ઘણું થોડું છે. આમ, આંખ અને ચામડીનું આરોગ્ય, સમગ્ર દેહનું આરોગ્ય અને રોગપ્રતિકાર વધારનાર વિટામિન 'એ' તેમાં ઘણા સારા પ્રમાણમાં છે.

આયુર્વેદની દૃષ્ટિએ ગાજર મધુર, તીક્ષ્ણ, તીખું, ગરમ, ભૂખ ઉઘાડનાર, મળરોધક, રક્તપિત્તમાં હિતકારક, અર્શ-સંગ્રહણી-કફ તેમજ વાયુનો નાશ કરે છે. ગાજરના આવા રોગનિવારક ગુણોને લઇને ચરકે સોજાવાળા રોગીને ગાજરનું શાક ખાવા, શ્વાસ અને હેડકીમાં ગાજરના રસનાં ટીપાં નાકમાં મૂકવા, અર્શના રોગીને લોહી પડતું હોય ત્યારે ગાજરનું શાક દહીંની તર સાથે ખાવા અને અતિસારમાં ૧૬ ગણા પાણીમાં ગાજર છૂંદીને ઉકાળી તેનો એક ભાગ રહે તેવો યુષ પાવા સૂચવ્યું છે.

કમળા પર પણ ગાજરનો યૂષ અપાય છે. ગાજર મળ બાંધનાર હોવાથી સંગ્રહણીના રોગીને ઔષધ તરીકે આપી શકાય, પણ તેનું છીણ કે શાક ન આપતાં ગાજરનો રસ આપવો જોઇએ. રસ કાઢવાના મશીનથી ૧૦૦ ગ્રામ તાજા ગાજરમાંથી ૮૦ ગ્રામ મધુર આરોગ્યપ્રદ રસ નીકળે છે.

આપણા રોજના ખોરાકમાંની ખનિજ વિટામિનની ઊણપ પૂરનારા ગાજરની આપણી રસોઈમાં અનેક વાનીઓ બની શકે છે: ગાજર ધોઈ નાખી, છીણી, તેનાં છીણ દહીંમાં ભેળવી, જીરું, મીઠું, મરચાં ભેળવીને અથવા રાઈ દઇને રાઈતું બનાવી શકાય. ગાજર, કુમળાં ચીભડાં, કાંદા વગેરેની મિશ્ર કચુંબર બનાવી શકાય. છીણમાં લોટ મસાલા વગેરે ભેળવી મૂઠિયાં બાફી તે કાચા તેલ સાથે ખાઈ શકાય. છીણમાં મસાલો નાખી ઢેબરાં બનાવી શકાય. છીણ વરાળે બાફી, દૂધમાં નાખી, ગોળ કે ખાંડ નાખીને તેની ખીર બનાવી શકાય. છીણમાં દૂધનો માવો ઈત્યાદિ ભેળવી ચકતાં પાડી પાક બનાવી શકાય અથવા હલવો બનાવી શકાય.

પ્રેસર કૂકરમાં ગાજર ધોઈ કટકા કરી મૂકતાં સરસ ચડી જાય છે. તેને વધારી, મસાલો નાખી, અથવા જરા જીરું, મરી ભેળવી કે દહીંમાં ભેળવી સરસ વાનગી બની શકે છે. બારે માસ રાખવાને રાઈ દઇને અથવા લીંબુમાં કટકા કરી નાખી લીંબુના અથાણામાં આથી શકાય. છીણીને ઉકાળીને વધારીને સૂપ બનાવી શકાય. કઠોળ સાથે ગાજરનું મિશ્ર શાક પણ સ્વાદિષ્ટ થાય. પહેલાં ભદ્ર કુટુંબોમાં ગાજર કાંઈક હીણું, તામસી પ્રકૃતિ પેદા કરે તેવું, હલકા લોકો જ ખાય એવું ગણાતું. પણ ખોરાકશાસ્ત્રની દૃષ્ટિએ ગાજર શક્તિપ્રદ ને રોગનિવારક થયું છે. તાજાં ગાજર મળતાં હોય ત્યાં સુધી અઠવાડિયે ત્રણચાર દિવસ ઉપર જણાવેલી ગાજરની વાનીઓ બહેનો બનાવશે તો તેમના કુટુંબનું આરોગ્ય વધશે.

(ગુજરાત મિત્ર) —જ. ઓ. કાનૂગા

> શ્રી ચન્દ્રવદન મહેતાની 'અંતરગઠરી' તથા
> ચંદ્રેશ શુક્લ કૃત 'મુંબઈ સમાચાર'ની ઘડતરકથા
> સ્થળસંકોચને કારણે આવતા અંક પર મુલતવી.

દમવેલ: દમનો અકસીર ઉપાય

દમ-Bronchial asthma માટે એક સરળ ઘરગથ્થુ ઈલાજ છે. દિલ્હીના 'ધી વલ્લભભાઈ પટેલ ચેસ્ટ ઇન્સ્ટિટ્યૂટ'માં અજમાવેલા એક ખાસ પ્રયોગ પરથી એનું ૭૦ ટકા ઉપરાંત સચોટ પરિણામ પણ જોવા મળ્યું છે. લોકભાષામાં જેને 'દમવેલ' કહે છે અને શ્રી બાપાલાલ વૈદ્ય જેવા તજ્જ્ઞ જેને Thylophora Indica તરીકે ઓળખાવી છે એ વેલનાં પાનના આ ઉપચારમાં દર્દીએ ત્રણ દિવસ સવારે, પાણી સુધ્ધાં પીધા વિના, તદ્દન નરણે કોઠે એકમાત્ર એક જ પાન ચાવીને ગળી જવાનું છે. પાન ચાવ્યા પછી બે કલાક સુધી દર્દીએ સૂર્યતાપથી દૂર જ રહેવાની અને બે કલાક પછી જ કંઈ પણ ખાવાપીવાની શરતનું ચુસ્તપણે પાલન કરવાનું છે. પાન ચાવ્યા પછી દર્દીને ઊલટી થશે, પણ એથી ગભરાવાની જરૂર નથી; કેમ કે દર્દમાં રાહત મળવાની શક્યતાની એ અચૂક નિશાની છે. બીજે ને ત્રીજે દિવસે પણ એકેક પાન ચાવીને ગળીજવાનું. પહેલે જ દિવસે કદાચ દર્દી સહન ન કરી શકે એટલી ઊલટી થાય તો બીજા દિવસે પાન લેવું નહિ. વૃદ્ધ અને બાળકને અર્ધું જ પાન આપવું. દમવેલનું પાન દેખાવે સાથેની આકૃતિ મુજબનું ત્રણેક ઇંચ લાંબું ઘેરું લીલું ને દળદાર હોય છે. અલબત્ત,આ પ્રયોગથી દમ તદ્દન નિર્મૂળ થઈ જશે એમ તો ન કહી શકાય, તેમ જ બધા જ દર્દીઓ પર તેની એકસરખી અસર થશે એમ પણ ન માની શકાય, પણ આ પાનથી દમમાં ઘણી જ રાહત મળે છે એ તો અચૂક કહી શકાય. દમના બીજા કોઈ પ્રકાર તથા શ્વાસ, ઉધરસ વગેરે પર આ પાન કામ નહિ કરે. દમના જેવાં જ લક્ષણો 'ઈઑસીનોફિલિયા'ના રોગમાં પણ જોવા મળે છે, એટલે દર્દીએ એ અંગે પણ પ્રથમ ખાતરી કરી લીધા પછી જ પ્રયોગ કરવો.



લોકહિતાર્થે નીચેનાં સ્થળેથી આ પાન વિનામૂલ્યે મળી શકશે: શ્રી કાર્તિકેય કે. મહાદેવીઆ, એ-૧૧, મફતલાલ પાર્ક, વૉર્ડન રોડ, મુંબાઈ-૨૬; શ્રી કે. સી. મહાદેવીઆ, 'આસોપાલવ' શાહીબાગ, અમદાવાદ-૪; શ્રી ઈન્દુમતીબહેન ચીમનલાલ, બારસલી, ખાનપુર, અમદાવાદ-૧; શ્રી ગીતાબહેન, એ/૨ મનાલી એપાર્ટમેન્ટ્સ, અટીરા પાસે, અમદાવાદ અને શ્રી મહેન્દ્ર દેસાઈ, વસો, વાયા નડિયાદ. —કાર્તિકેય મહાદેવીઆ

વિવિધ વ્યાધિઓમાં છાશ

છાશને અમૃતતુલ્ય ગણવામાં આવી છે. ખોરાક સાથે અથવા ખોરાક તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. અમુક અમુક વ્યાધિઓમાં વિવિધ પદાર્થો સાથે છાશના ઔષધીય પ્રયોગો પણ વૈદકશાસ્ત્રમાં જોવા મળે છે. તેમાંના કેટલાક: લીંડીપીપરનું ૧ વાલ ચૂર્ણ ને છાશથી ખાંસી ને છાતીના કફ મટે છે. અજીર્ણમાં સિંધાલૂણ અને મરી સાથે, ગરમીના તાવમાં સાકર સાથે, ઝાડા-મરડામાં જીરું તથા સાકર સાથે, મગજની ગરમી અને તેના ખાલીપણા વગેરેમાં જેઠીમધનાં મૂળ સાથે, નેત્રની ઝાંખપ અને ગરમી વગેરેમાં કેવળ છાશ પીવી. સાદ બેસી ગયો હોય તો બહેડાંની શેકેલી છાલના ચૂર્ણ સાથે, છાતીના દુખાવા ઉપર પીપરીમૂળના ચૂર્ણ સાથે, લોહીના ઝાડામાં બીલાના ગર્ભ સાથે, સૂકા હરસમાં ગૉળ સાથે, દુઝતા હરસમાં ઈંદ્રજવ સાથે, કમરના દુખાવા ને વા વગેરેમાં લસણના રસ સાથે, માથાના દુખાવા તથા આધાશીશીમાં જાયફળ સાથે અને પેટના કૃમિમાં વાવડિંગના ચૂર્ણ સાથે છાશનો પ્રયોગ કરવાથી જે તે ફરિયાદો દૂર થાય છે. —કાન્તાબેન ક. અંજારિયા

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

પહેલી જાન્યુઆરી એ નૂતનવર્ષારંભનો દિવસ નહોતો. રોમનો ૧૫મી માર્ચથી નવા વર્ષની શરૂઆત ગણતા હતા. ઈંગ્લૅંડમાં પણ વસંતના આગમન—૨૫મી માર્ચથી નવા વર્ષનો આરંભ ગણાતો. પણ ૧૮મી સદીમાં ત્યાં ૧લી જાન્યુઆરીથી નૂતન વર્ષારંભની ગણના ચાલુ થઈ. ઈ. ૧૫૬૪-માં ફ્રાંસમાં ૯મા ચાર્લ્સ અને એની માતા કૅથરિન ડ મેડિસીએ રૂસીલિયનના કિલ્લામાંથી એક આજ્ઞાપત્ર પ્રકટ કરીને એમના રાજમાં પહેલી જાન્યુઆરીથી નવું વર્ષ ગણવાનો આદેશ આપેલો.

તા. ૧, ૧૮૮૧ અમદાવાદથી અજમેર સુધીની રેલવે ખુલ્લી મુકાઈ.



તા. ૩, ૧૮૪૦ ફાધર દામિયાનો જન્મ. હોનોલુલુની રક્તપીતિયાઓની વસાહતમાં એક સેવક તરીકે ત્યાં જઈને એમણે દુનિયાએ તરછોડી દીધેલાં એ માનવીઓની આજીવન સેવા કરી અને પોતે પણ અંતે એ જ રોગના ભોગ બનીને ←ફાધર દામિયા અવસાન પામ્યા.

તા. ૪, ૧૮૦૯ અંધજનો માટે વાચનની ખાસ લિપિ વિકસાવનાર લૂઈ બ્રેઈલનો જન્મ. આ જ તારીખે ઈ. ૧૮૧૩માં લેખનની એક બીજી રીત—લઘુલિપિના શોધક સર આઈઝેક પિટમૅનનો જન્મ થયો હતો.

તા. ૫, ૧૦૬૬ ઇંગ્લૅંડના છેલ્લા સેક્સન રાજા એડવર્ડ ધી કન્ફેસરનું અવસાન. પોતાના સાવકા ભાઈ હાર્ડિકન્યુટના અવસાન પછી એને ગાદી મળી. 'વેસ્ટમિનિસ્ટર ઍબી' બાંધવામાં એણે ઘણી ઉદારતાથી નાણાં આપેલા અને એના અવસાન પૂર્વે આઠેક દિવસ પહેલાં જ એ કામ પૂરું થએલું. એડવર્ડ ઘણો નમ્ર હતો.


તા. ૬, ૧૫૪૦ આઠમા હેન્રીએ ઍન ઑવ ક્લેવ્ઝ સાથે લગ્ન કર્યાં. એની ત્રીજી રાણી જેન સેમૉરના અવસાન પછી એ ચોથી પત્નીની શોધમાં હતો ત્યાં એના પ્રધાનોએ એને આ ઍન સાથે પરણવાના રાજકીય લાભો બતાવ્યા. હેન્રીએ પોતાના ચિત્રકાર હૉલ્બિનને એની છબિ ચીતરી લાવવા મોકલ્યો અને એ ચિત્રને જોઈને એણે પરણવાની સંમતિ આપી દીધી. પણ લગ્ન વખતે જ્યારે એણે રાણીને જોઈ ત્યારે એ ચિત્રમાં હતી એટલી આકર્ષક જણાઈ નહિ, પણ ત્યારે તો બહુ મોડું થઈ ગયું હતું.

તા. ૮, ૧૬૪૨ એક ફ્લૉરેન્ટાઈન જાગીરદારના પુત્ર, પિતાની ઇચ્છાનુસાર ડૉક્ટર બનવા માટે પિસા યુનિવર્સિટીમાં જોડાયા પછી પોતાનું એ ક્ષેત્ર ન હોવાનું સમજાતાં ૨૫ વર્ષની વયે ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક બનવા સાથે ખરા અર્થમાં ખગોળશાસ્ત્રી બની, જાતે દૂરબીન બનાવી તેના વડે ગુરુના ગ્રહો શોધી કાઢવા ઉપરાંત એ ક્ષેત્રમાં અનેક ક્રાંતિકારી શોધો કરનાર ગૅલિલીઓ ગૅલિલીનું અવસાન.

તા. ૧૦, ૧૯૪૬ યુનાઈટેડ નૅશન્સની જનરલ ઍસેમ્બ્લીની પહેલી બેઠક લંડનના વેસ્ટમિન્સ્ટરના મધ્યખંડમાં મળી.

તા. ૧૪, ૧૯૬૯ રશિયાએ 'સોયુઝ-૪' નામે એક અવકાશયાન આકાશમાં મોકલ્યું અને એ જ્યારે પૃથ્વીની આસપાસ ફરી રહ્યું હતું ત્યારે 'સોયુઝ-૫' પણ મોકલ્યું જેમાં બૉરિસ વૉલીનૉવ, આલેક્સેઈ યેલિસેયેવ અને યેવગેની ખ્રુનૉવ—એ ત્રણ પ્રવાસી હતા. અવકાશમાં આ બંને યાન મળ્યાં, એકબીજાથી જોડાયાં અને યેલિસેયેવ તથા ખ્રુનૉવ પોતાનું યાન છોડી સોયુઝ-૪માં ગયા. આ પછી બંને યાન અલગ પડી ગયાં. અવકાશમાં આ રીતે બે યાન મેળવી અને તેમાંના પ્રવાસીની ફેરબદલી કરવાનો આ સૌપ્રથમ પ્રયોગ હતો.

તા. ૧૫, ૧૭૫૯ વિશાળતા અને વૈવિધ્યમાં અજોડ એવા દુનિયાના સૌથી જૂના અને સૌથી મોટા જ્ઞાનક્ષેત્ર બ્રિટિશ મ્યૂઝિયમ ખુલ્લું મુકાયું. જગતભરમાં બેનમૂન અને અતિ મૂલ્યવાન તથા રોજબરોજ વધતી જતી સંગ્રહ સમૃદ્ધિની જાળવણી ને વ્યવસ્થા માટે લગભગ ૭૦૦ ઉપરાંત વિદ્વાનો અને નિષ્ણાતો રોકાએલા રહે છે, ને તે તેની પાછળ ગંજાવર ખર્ચ થાય છે. અને છતાં બે સદી ઉપરાંત વર્ષોથી ચાલ્યા આવતા નિયમાનુસાર આ જ્ઞાન અમૃતની પરબ સૌ કોઈને માટે વિના મૂલ્યે ખુલ્લી છે, એટલું જ નહિ, ગુડ ફ્રાઈડે ને નાતાલની રજા સિવાય તે સદા ખુલ્લું જ રહે છે. (નીચે) મ્યૂઝિયમના મુખ્ય આકર્ષણ સમ તેના વાચનાલયનો એક વિભાગ. એની લગભગ ૮૦ માઈલ લાંબી અભરાઈઓ પરનાં પુસ્તકોની ખરી સંખ્યાની તો કદાચ કોઈને ખબર નથી. અહીં બેસીને જગતના અનેક મહાપુરુષોએ પોતાનો અભ્યાસ વધાર્યો હતો.



તા. ૨૩, ૧૫૬૫ તાલીકોટાના યુદ્ધમાં દક્ષિણ ભારતના વિખ્યાત અને સમૃદ્ધ હિંદુ મહારાજ્ય વિજયનગરનો અસ્ત થયો.

તા. ૨૪, ૧૬૧૬ ડચ નાવિક વિલિયમ શોટને કૅઈપ હૉર્નની શોધ કરી. દક્ષિણ અમેરિકાનો એ છેડો વસ્તુતઃ તો હૉર્ન ટાપુનો અગ્નિ છેડો છે. ટાએરા ડેલ ફ્યુએગો નામના દ્વિપસમૂહમાં હર્મિટ ટાપુઓના પૂર્વ છેડે આવેલા એના પર ચિલીનું આધિપત્ય છે. અહીંથી પસાર થતાં પાણી બહાર ૧૩૯૦ ફૂટ ઊંચા ખડકો જોઈ પોતાના જન્મસ્થળના નામ પરથી ટાએરાએ એને કૅઈપ હૉર્ન નામ આપ્યું હતું. સઢવાળાં વહાણો તો આ હૉર્નને ફરીને જાય છે, પણ સ્ટીમરો તો હૉર્નને તળભૂમિથી અલગ પાડતી મૅગેલ સામુદ્રધુનિમાં થઈને જાય છે. આ તરફના અતિશય પવનોને કારણે અહીંથી પસાર થવામાં સારુ જહાજી કૌશલ જરૂરી છે.

આપણે આપણા ધર્મ સંભાળવા
અવરની રાખવી વાત અળગી.

ઈમામસાહેબની ગેરહાજરીમાં તેમના ગુમાસ્તાએ એક ગ્રાહકને નુકસાનવાળું કાપડ વેચ્યાની જાણ થતાં જ તેઓ તે ગ્રાહકની શોધમાં આખું શહેર ખૂંદી વળ્યા, પણ પત્તો લાગ્યો નહિ. અંતે કચવાતે મને પાછા આવી ગુમાસ્તાને આવી છેતરપીંડી કદી ન કરવાની તાકીદ આપીને એ રકમ ધર્માદામાં આપી દીધી.

અનેકાર્થી શબ્દ: **લોચક** = લોચો, લચકો, ગોળો કે પિંડ; સુતારનું એક ઓજાર; કાજળ; સાપની કાંચળી.



રાત્રે જીવતા તણખા જેવા દેખાતા સ્વયં પ્રકાશિત આગિયાને તો આપણે જાણીએ છીએ, પણ કેટલીક માછલીઓ અને પ્રાણીઓમાં લગભગ ૪૦ જાતમાં અને બૅક્ટેરિયા અને ફૂગની બે જાતમાં પણ સ્વયં પ્રકાશની કુદરતી શક્તિ છે.





ભારતની બે ખાસ ટપાલટિકિટો પહેલી 'વિશ્વભારતી'ની સુવર્ણજયંતી નિમિત્તે અને બીજી ભારતે મેળવેલા ક્રિકેટ વિજયને બિરદાવતી, બંને ગયા ડિસેમ્બરમાં બહાર પડી.
(પ્રેષક: ડાહ્યાલાલ પરમાર, અમદાવાદ)

કહેવતોના અર્થ—'સાંકડી શેરી ને વચ્ચે સાપ': જેને પાર ન કરી શકાય અને જેનો અંજામ ન દેખાતો હોય એવી આપત્તિ માટે આ સચોટ રૂપકવાળી કહેવત વપરાય છે.

હેલિયમ ધાતુની પહેલવહેલી શોધ ઈ. ૧૮૬૮ના સૂર્યગ્રહણ વેળાના નિરીક્ષણમાં સૂર્યમાં કરવામાં આવી હતી, પૃથ્વી ઉપર તો તે ત્યાર પછી ૨૭ વર્ષે છેક ઈ. ૧૮૯૫માં ક્લેવાઈટ નામના ખનિજમાંથી શોધાયું.



બ્લૉકચિત્ર : ખીચોખીચ છતાં ફૂલપાનની નજાકત ને સરળતાંમાં [illegible] પ્રયોગ વડે વિલિયમ મૉરિસ નામના એક કલાકારે કરેલું વૉલપેપરનું સુંદર ડિઝાઈન. નજરે પણ [illegible]



વનવિહાર ફોટો : રૂએલ હેમટ (પૂર્વ જર્મની) તોતિંગ વૃક્ષોની ઘટા વચ્ચેથી ચળાઇને આવતા મુલાયમ પ્રકાશમાં કિલ્લોલ કરતી યુવાન બેલડીના આ ફોટોચિત્રનો વિષય તદ્દન સ્પષ્ટ છે. વૃક્ષોનું વિશાળ કદ અને એના થડની રેખાઓ આંખને ચિત્રવિષયની કેન્દ્ર-સ્થાને દોરી જવા સાથે તેમાં ઊંડાણ પણ પૂરે છે. બંને પાત્રોની અદાને બહુ જ યોગ્ય પળે ઝડપીને ફોટોકલાકારે એ બંનેના પ્રેમભાવ અને થનગનાટને પણ વાચા આપી છે.

—લેફ. કર્નલ બલવન્ત ભટ્ટ

('ધ ફોટો આર્ટ ગ્રૂપ-દિલ્હી' અને 'એફ-૧૧'ના ઉપક્રમે અમદાવાદમાં યોજાએલા પ્રદર્શનમાંથી-યોજકોના સૌજન્યથી)